૨૦૩ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 147 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ જયેષ્ઠ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 June 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૩ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાનનાં ત્રણ અણુમથક પર અમેરિકાનો હુમલો

**ઈઝરાયલમાં કટોકટી જાહેર કરાઈ** | **તહેરાનની બદલો લેવાની ધમકી** | **ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં હવે અમેરિકાની સીધી સંડોવણી**




તેલ અવીવ (ઇઝરાયલ): અમેરિકાએ રવિવારે ઇરાનના ત્રણ અણુમથક પર હુમલો કરીને તેને મોટા પાયે નુકસાન પહોંચાડ્યું હતું. દરમિયાન, ઇઝરાયલે ઇરાનના ચાલુ રહેલા હુમલાને પગલે દેશમાં કટોકટી જાહેર કરી હતી.

ઇરાન અને ઇઝરાયલ વચ્ચેના યુદ્ધમાં હવે અમેરિકા સીધું સંડોવાયું છે. અમેરિકાએ 'બી-ટૂ બૉમ્બર' વિમાન દ્વારા ૧૪ જેટલા બન્કર બસ્ટર બૉમ્બ 'જીબીયુ-૫૭' આ ત્રણ અણુમથક પર વરસાવ્યા હતા. અમેરિકાએ આ કાર્યવાહીને 'મિડ નાઇટ હૅમર' એવું નામ આપ્યું હતું.દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વાઇટ હાઉસ ખાતેથી રાષ્ટ્રને સંબોધતા (જુઓ પાનું ૨) ▶▶



## મોદીએ ઈરાનના પ્રમુખ સાથે ફોન પર મંત્રણા કરી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કીઅનની સાથે ફોન પર મંત્રણા કરી હતી અને ઇઝરાયલ સાથેના યુદ્ધનો દ્વિપક્ષી મંત્રણાથી રાજદ્વારી માર્ગે ઉકેલ લાવવાની સલાહ આપી હતી. અમેરિકાએ ઇરાનનાં ત્રણ અણુમથક પર સીધો (જુઓ પાનું ૨) ▶▶




## બીજા દાવમાં ભારતના બે વિકેટે ૯૦ રન

લીડ્સઃ ભારતે અહીં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યે)માં રવિવારના ત્રીજા દિવસે છ રનની નજીવી સરસાઈ મેળવી ત્યાર બાદ ખરાબ શરૂઆત કરી હતી, પરંતુ પછીથી ઓપનર કેએલ રાહુલે ફરી એકવાર સાધારણ ભાગીદારી કરીને ટીમને થોડી સારી સ્થિતિ અપાવી હતી. રમત બંધ રહી ત્યારે ભારતનો બીજા દાવનો સ્કોર બે વિકેટે ૯૦ રન હતો. રાહુલ ૪૭ રને અને ગિલ ૬ રને રમી રહ્યો હતો. ભારતના ૪૭૧ રનના જવાબમાં યજમાન બ્રિટિશ ટીમે ૪૬૫ રન કર્યા હતા.પ્રથમ દાવનો સેન્ચુરિયન યશસ્વી જયસ્વાલ બીજા દાવમાં ચાર જ રન બનાવીને પૅવિલિયન ભેગો થયો હતો. ત્યાર બાદ રાહુલે પહેલી ટેસ્ટ રમી રહેલા સાઇ સુદર્શન સાથે ૬૬ રનની ભાગીદારી કરી હતી. પેસ બોલર બેન સ્ટૉક્સે સતત બીજા દાવમાં આઇપીએલ-૨૦૨૫ના સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન સુદર્શનને (૩૦ રન) આઉટ કર્યો હતો. એ પહેલાં, ઇંગ્લૅન્ડે ૪૬૫ રન કર્યા હતા. જસપ્રીત બુમરાહે (૨૪.૪-૫-૮૫-૫) પાંચ વિકેટ તેમ જ પ્રસિદ્ધ ક્રિષ્નાએ ત્રણ અને મોહમ્મદ સિરાજે બે વિકેટ લીધી હતી. જોકે ભારતીય બોલર્સ ખર્ચાળ સાબિત થયા હતા. ક્રિષ્નાની ૨૦ ઓવરમાં ૧૨૮ રન થયા હતા જેને લીધે બ્રિટિશરો ૪૫૦-પ્લસ રન કરી શક્યા અને ભારતને છ રનની મામૂલી સરસાઈ મળી હતી. સિરાજની ૨૭ ઓવરમાં ૧૨૨ રન બન્યા હતા. ભારત બીજા દાવમાં સારું રમીને ૩૫૦ જેટલો લક્ષ્યાંક બ્રિટિશરોને આપશે તો મૅચનો અંત રોમાંચક થઈ જશે અને ભારતને જીતવાનો સારો મોકો મળશે. ■

## પહલગામ આતંકવાદી હુમલો: એનઆઈએએ હુમલાખોરને આશરો આપનાર બે ઈસમની ધરપકડ કરી

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ : પહલગામ આતંકવાદી હુમલાના કેસમાં એક મોટી સફળતા હાંસલ કરતા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ હુમલાખોરોને આશ્રય આપનાર બે ઈસમની ધરપકડ કરી છે. બારામુલ્લા પોલીસે ૨૧ જૂને પટ્ટન વિસ્તારમાં શોધ અભિયાન દરમિયાન એક ઈસમની ધરપકડ કરી હતી. તેની પાસે વાંધાજનક સામગ્રી અને જીવંત કારતૂસ પકડાઈ હતી.

એનઆઈએ અનુસાર બટકોટના પરવેઝ અહમદ જોથર અને પહલગામના ગિલ પાર્કના બશીર અહમદ જોથરે હુમલામાં સામેલ ત્રણ સશસ્ત્ર આતંકવાદીની ઓળખાણનો ખુલાસો દીધો છે. આ બેએ એ વાતને પણ અનુમોદન આપ્યું છે કે હુમલાખોર પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાથી સંલગ્ન પાકિસ્તાની નાગરિક છે.

એનઆઈએએ કહ્યું હતું કે પરવેઝ અને બશીરે હુમલા પહેલાં હિલ પાર્કમાં એક મૌસમી ઢોક (ઝૂંપડી)માં ત્રણ સશસ્ત્ર આતંકવાદીને આશ્રય આપ્યો હતો. એજન્સીએ કહ્યું હતું કે બન્ને ઈસમે આતંકવાદીને ભોજન, આશ્રય અને બીજી સહાયતા ઉપલબ્ધ કરી હતી. ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ ૨૬ જણની કતલેઆમ કરી હતી. આમાંના મોટા ભાગનાં સહેલાણી હતાં જેમને ધર્મના આધારે મારવામાં આવ્યા હતા. આ કાતિલ આતંકવાદી હુમલો હતો.

એનઆઈએએ બન્નેને ગેરકાનૂની ગતિવિધિ (અટકાવું) અધિનિયમ, ૧૮૬૭ની કલમ ૧૯ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. એનઆઈએ કેસ આરસી-૦૨/૨૦૨૫/એનઆઈએ/જેએમયુમાં આગળ તપાસ ચાલુ છે.

કેસની તપાસ કરી રહેલી એનઆઈએએ ૧૦૦થી વધારે શંકાસ્પદ ઈસમની પૂછપરછ કરી હતી જે સીધી કે આડકતરી રીતે નરસંહારમાં સામેલ હોઈ શકે. પૂછપરછમાં એ લોકો પણ હતા જે બૈસરન મેદાનમાં વિવિધ સેવા જેવી કે (જુઓ પાનું ૨) ▶▶

## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ૨૪ કલાકમાં ૧૪ ઇંચ વરસાદ ખાબકયો

ખેડબ્રહ્મા, સાબરકાંઠાઃ ગુજરાતમાં અત્યારે સર્વત્ર વરસાદ થઈ રહ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ ઇંચ જેટલો વરસાદ ખાબકયો છે. ખેડબ્રહ્માની હરણાવ નદીમાં પાણીની આવક નોંધાઈ છે અને પાણીની આવક થતા નદી બે કાંઠે વહી રહી છે. ઉપરવાસમાંથી પણ નદીમાં પાણીની આવક નોંધાઈ છે, વરસાદ વરસતા ખેડૂતોના પાકને પણ જીવતદાન મળ્યું છે. સાબરકાંઠા અને બનાસકાંઠા માં સૌથી વધારે વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયો છે, ખેડબ્રહ્માની હરણાવ નદી બે કાંઠે વહેતી થતા સ્થાનિકોમાં ખુશીનો માહોલ છે.

આ સિઝનમાં પ્રથમવાર ખેડવા ડેમમાં પાણીની આવક નોંધાઈ છે, હરણાવ નદી બે કાંઠે વહેતી થતા ધરોઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થશે. સાબરકાંઠાનો ઈડર ભિલોડા સ્ટેટ હાઇવે બંધ કરી દેવામાં આવ્યો છે, મહાકાય વૃક્ષ ધરાશાયી થતા રસ્તો બંધ કરવામાં આવ્યો છે, લાલપુર પાસે વૃક્ષ પડતા વાહનચાલકોને હાલાકી પડી રહી છે, ફાયર વિભાગ વૃક્ષને દૂર કરવાની કામગીરી કરી રહ્યું છે, તો વૃક્ષ દૂર થશે ત્યારબાદ રસ્તો કલિયર થશે અને (જુઓ પાનું ૨) ▶▶



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાની ઝાટકણી, પાકિસ્તાનને ઈરાન પર કેમ હેત ઊભરાયું?

**ઈરાન** અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અંતે અમેરિકાએ ઝંપલાવી દીધું. રવિવારે વહેલી સવારે અમેરિકાએ ઈરાનનાં ત્રણ પરમાણુ મથકો પર હુમલો કરીને તેમનો સફાયો કરી નાખ્યો હોવાનો દાવો અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કર્યો છે. ડોનલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં લખ્યું છે કે, અમે ઇરાનમાં ત્રણ પરમાણુ સ્થળો ફોર્ડો, નતાંઝ અને ઇસ્ફાહન પર હુમલો કર્યો છે અને ત્રણેય પરમાણુ મથકોનો સફાયો કરી નાખ્યો છે.

અમેરિકાના હુમલા સામે દુનિયાના ભારત સહિતના ઘણા દેશો ચૂપ છે ત્યારે આશ્ચર્યજનક રીતે પાકિસ્તાન ઈરાનની તરફેણમાં કૂદ્યું છે. ઈરાને અમેરિકાના હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ ગણાવ્યો હતો. પાકિસ્તાને ઈરાનની વાતમાં સૂર પુરાવીને કહ્યું છે કે, અમેરિકાએ ઈરાન પર એર સ્ટ્રાઈક કરીને તમામ આંતરરાષ્ટ્રીય કાયદા તોડી નાખ્યા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સત્તાવાર રીતે પોસ્ટ કરી છે કે, અમેરિકાના હુમલા પછી ઈરાનને પોતાની સુરક્ષા માટે પોતાને ગમે એ પગલાં લેવાનો અધિકાર છે.

પાકિસ્તાનના વલણે આખી દુનિયામાં આશ્ચર્ય સર્જ્યું છે કેમ કે હજુ ગયા અઠવાડિયે જ પાકિસ્તાનના લશ્કરી વડા આસીમ મુનિરને ડોનલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં નોંતરીને લંચ આપ્યું ત્યારે તેમણે ટ્રમ્પનાં ભરપેટ વખાણ કરેલાં. ડોનલ્ડ ટ્રમ્પે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ રોકાવી દીધું એ માટે તેમને નોબલ પ્રાઈઝ આપવાની તરફેણ મુનિરે કરેલી. આ વાત હજુ સાવ તાજી જ છે ત્યાં પાકિસ્તાને સત્તાવાર રીતે અમેરિકાને ઝાટકી નાખ્યું છે.

પાકિસ્તાનને અચાનક ઈરાન પર હેત કેમ ઊભરાઈ આવ્યું એ સવાલ ઊઠવો સ્વાભાવિક છે કેમ કે ઈરાન અને પાકિસ્તાનના સંબંધો બહુ વખાણવા જેવા નથી. બલકે દોઢ વરસ પહેલાં તો બંને વચ્ચે યુદ્ધની નોબત આવી ગયેલી. ગયા વરસના જાન્યુઆરીમાં ઈરાને પાકિસ્તાન પર હુમલો કર્યો હતો. ઈરાને પાકિસ્તાનના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા બલુચિસ્તાનના કોહ-એ-સબ્ઝ એરિયામાં મિસાઈલમારો કર્યો હતો. એ વખતે પાકિસ્તાને દાવો કરેલો કે, ઈરાને કોઈ પણ ઉશ્કેરણી વિના પાકિસ્તાનની હવાઈ સીમામાં ઘૂસણખોરી કરીને અને પાકિસ્તાનની હવાઈ સીમાનો ભંગ કરીને છોડેલાં મિસાઈલના કારણે બે બાળકો સહિત ઘણાં લોકોની હત્યા કરી છે.

ઈરાને આ વાતને ખોટી ગણાવીને એવું કહેલું કે, પાકિસ્તાન ઠોકાઠોક કરે છે. ઈરાનના લશ્કરે પાકિસ્તાનના વિસ્તારોમાં ઘૂસણખોરી કરી હોવાની કે નાગરિક વિસ્તારોમાં મિસાઈલ છોડ્યાં હોવાની વાત ખોટી છે. ઈરાન અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ એ વખતે માંડ માંડ શાંત થયેલો પણ બંને વચ્ચે છમકલાં ચાલુ જ છે અને સામસામી આક્ષેપબાજી પણ થયા કરે છે. બંને વચ્ચેના આ સ્નેહભર્યા સંબંધોને જોતાં પાકિસ્તાન ઈરાનની તરફેણમાં બોલે ને અમેરિકાની ઝાટકણી કાઢે એ સાંભળીને આશ્ચર્ય થાય જ. અમેરિકા સામે બોલવાની હિંમત પાકિસ્તાનમાં ક્યાંથી આવી એ પણ મોટું આશ્ચર્ય છે.

રાજકીય વિશ્લેષકોના મતે, પાકિસ્તાનને ઈરાન પર હેત ઊભરાયું તેનું કારણ તેનો સ્વાર્થ છે. આર્થિક રીતે સાવ પતી ગયેલા પાકિસ્તાનને જ્યાંથી મળે ત્યાંથી મદદ જોઈએ છે. આ મદદ માટે એ અત્યારે ચીનના ખોળામાં જઈને બેઠું છે ને ચીન ઈરાનની તરફદારી કરી રહ્યું છે તેથી ચીનને સારું લગાડવા માટે પાકિસ્તાન પણ ઈરાનની તરફેણ કરી રહ્યું છે. ઈરાન પોતે પણ આર્થિક રીતે સધ્ધર છે. અમેરિકાએ ઈરાન પર જાત જાતના પ્રતિબંધો મૂક્યા છતાં ઈરાન ટકી ગયું છે કેમ કે તેની પાસે ક્રૂડ ઓઈલની તાકાત છે. ઈરાન પાસે દુનિયામાં ત્રીજા નંબરનો સૌથી મોટો ક્રૂડ ઓઈલનો ભંડાર છે અને ચીન-રશિયા તેની પડખે છે તેથી ઈરાન આર્થિક રીતે હજુય સધ્ધર છે. પોતે અમેરિકાની ઝાટકણી કાઢીને ઈરાનને માખણ લગાડે તેનાથી રીઝીને ઈરાન થોડીક મદદ કરી નાખે તો પોતાનો બેડો પાર થઈ જાય એવી પાકિસ્તાનની ગણતરી છે.

પાકિસ્તાનની બીજી ગણતરી બલુચિસ્તાનમાં માથાનો દુઃખાવો બની ગયેલા બળવાખોરોના સફાયામાં ઈરાનનો સાથ મેળવવાની છે. ઈરાન અને પાકિસ્તાન બંનેને બલુચિસ્તાનની અલગ માગણી કરી રહેલું જૈશ અલ-અદ્લ સંગઠન નડે છે. જૈશ અલ-અદ્લ સુન્ની સલાફી સંગઠન છે. ઈસ્લામમાં મોહમ્મદ પયગંબર સાહેબ સહિતની ત્રણ પેઢીના મુસલમાનોને સૌથી પવિત્ર માનીને સલાફ કહેવામાં આવે છે. ઓગણીસમી સદીમાં આ સલાફ વિચારધારા પ્રમાણે વિશ્વમાં ઈસ્લામનું શાસન સ્થાપવાની ચળવળ શરૂ થઈ તેને સલાફી ચળવળ કહે છે. સલાફી વિચારધારાને વરેલું જૈશ અલ-અદ્લ પાકિસ્તાન અને ઈરાનના સુન્ની બલુચી મુસ્લિમોનું અલગ રાષ્ટ્ર બનાવવા માગે છે. સલાહુદ્દીન ફારૂકી જૈશ અલ-અદ્લ સંગઠનનો વડો છે.

ઈરાનમાં બહુમતી શિયા મુસ્લિમો છે પણ પાકિસ્તાન સાથેની સરહદ પરના દક્ષિણ-પૂર્વ ઈરાનમાં સિસતાન અને બલોચેસ્તાન પ્રાંતમાં થોડાક સુન્ની મુસ્લિમો પણ છે. જૈશ અલ-અદ્લ આ વિસ્તારોને ઈરાનથી અલગ કરીને અને પાકિસ્તાનના બલુચિસ્તાન સહિતના બલૂચોના વિસ્તારોને એક કરીને નવું મુસ્લિમ રાષ્ટ્ર બનાવવા માગે છે. ૨૦૧૨માં સ્થપાયેલા આ સંગઠનમાં ૫૦૦ જેટલા આતંકવાદી જ છે. આ આતંકવાદીઓ ઈરાનમાં હુમલા કર્યા પછી પાકિસ્તાનમાં ઘૂસી જાય છે અને બલૂચ પ્રજા તેમને છાવરે છે તેથી ઈરાન તેમનો સફાયો કરી શકતું નથી. બીજી તરફ પાકિસ્તાનમાં લડી રહેલા બલુચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ)ના આતંકી પાકિસ્તાનમાં હુમલા કર્યા પછી ઈરાનમાં જતા રહે છે તેથી પાકિસ્તાન કશું કરી શકતું નથી. ઈરાન અને પાકિસ્તાન હાથ મિલાવે તો બલૂચ લડવૈયાઓનો સફાયો કરીને બલુચિસ્તાનની ચળવળને જ દબાવી દઈ શકે તેથી પાકિસ્તાનને ઈરાન સાથે હાથ મિલાવવામાં રસ છે.

જો કે પાકિસ્તાન અમેરિકાએ આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કર્યો હોવાની વાતો કરે એ હાસ્યાસ્પદ લાગે છે. બલકે કૂતું કથરોટને હસતું હોય એવું લાગે છે. પાકિસ્તાન પોતે ભારતમાં આતંકવાદ ફેલાવે છે, પોતાની ધરતી પર આતંકવાદીઓના કેમ્પો ચલાવે છે, આતંકવાદી સરદારોને સરકારી જમાઈ બનાવીને છાવરે છે ત્યારે તેને આંતરરાષ્ટ્રીય કાયદા યાદ આવતા નથી ને અત્યારે આંતરરાષ્ટ્રીય કાયદાઓની પત્તર ખાંડવા બેસી ગયું છે.

પાકિસ્તાન ભારત સાથેની સરહદ પર સતત તોપમારો કર્યા કરે છે ને ઉશ્કેરણી કર્યા કરે છે એ આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ જ છે. પીઓકેમાં લશ્કરના જોરે શાસન ચલાવે છે એ પણ આંતરરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ જ છે. આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં, બાકી વાત માંડવી જ હોય તો ઘણું બધું કહી શકાય પણ પાકિસ્તાનનાં લખ્ખણ બધા જાણે છે તેથી વાત માંડવાનો કોઈ અર્થ નથી. ટૂંકમાં પાકિસ્તાનને અમેરિકાને કે બીજા કોઈ દેશને ઉપદેશ આપવાનો અધિકાર જ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ

સોમવાર, તા. ૨૩-૬-૨૦૨૫, સોમપ્રદોષ, શિવરાત્રિ, ભદ્રા

- ભારતીય દિનાંક ૨, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૫-૧૬ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :ઢ
- ભરતીઃ સવારે ક. ૧૦-૨૭, સાંજે ક. ૨૧-૫૨
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૦ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-ત્રયોદશી. સોમપ્રદોષ, શિવરાત્રિ ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૧૧. સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં સવારે ક. ૦૬-૨૦. વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સોમપ્રદોષ, શિવરાત્રિ જાગરણ, એકટાણાંનો ઉપવાસ, શિવપૂજા, રુદ્રાભિષેક, જાપ, તપ, ભક્તિ, કીર્તન, નામ-સંકિર્તન, ચંદ્ર-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, માલ વેંચવો, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ, ઉંબરાના વૃક્ષનું પૂજન.

આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ જ્ઞાનતંતુઓ ઉપર બોજો આવે, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, સૂર્ય-નેપ્ચૂન ચતુષ્કોણ અવ્યવહારુ.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, સૂર્ય-નેપ્ચૂન ચતુષ્કોણ, સૂર્ય કૃત્તિકા યુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# અમેરિકાના ઈરાન પરના હુમલાને પાકિસ્તાન સહિતના દેશોએ વખોડ્યો

### ઈઝરાયલ-ઈરાન સંઘર્ષનો રાજદ્વારી માર્ગે ઉકેલ લાવવાની વિશ્વભરના દેશોની હાકલ

લાહોરઃ અમેરિકાએ ઈરાનની અણુ સંસ્થાનો પર કરેલા હુમલાને પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ લેખાવી ભારપૂર્વક વખોડી કાઢ્યો હતો. અમેરિકાના ઈરાન પરના હુમલાને કારણે આ વિસ્તારમાં હિંસા વધુ ભડકે એવી શક્યતા હોવાની ચેતવણી પાકિસ્તાને આપી હતી.

રશિયાએ પણ અમેરિકાએ ઈરાન પર કરેલા હુમલાને બેજવાબદાર કૃત્ય લેખાવી વખોડી કાઢ્યો હતો.

નિર્માણ પામેલી પરિસ્થિતિ અંગે પ્રતિક્રિયા આપતા પાકિસ્તાનના વિદેશ ખાતાએ જણાવ્યું હતું કે ઈરાનના અણુ સંસ્થાનો પર અમેરિકાએ તેમ જ ત્યાર બાદ ઈઝરાયલે કરેલા શ્રેણીબદ્ધ હુમલાને પાકિસ્તાન વખોડે છે.

આ હુમલાઓને પગલે પ્રદેશમાં વધનારા તણાવ અને આકાર લેનારી પરિસ્થિતિથી અમે ભારે ચિંતિત છીએ, એમ જણાવતાં પાકિસ્તાને કહ્યું હતું કે આ હુમલા આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ છે અને ઈરાનને સ્વબચાવ કરવાનો કાયદેસર અધિકાર છે.

ઈરાન પરનો આ હુમલો ચિંતા ઉપજાવનારો અને પ્રદેશમાં તણાવ વધારનારો છે.

નાગરિકોના મૂલ્યવાન જીવનનો આદર કરવાની અને યુદ્ધનો તાત્કાલિક અંત આણવાની અમે હાકલ કરીએ છીએ. સંબંધિત દરેક પક્ષે આંતરરાષ્ટ્રીય કાયદા-ખાસ કરીને માનવતાના કાયદાને ભારપૂર્વક વળગી રહેવું જોઈએ. નિર્માણ પામેલી કટોકટીનો ઉકેલ લાવવા વાટાઘાટ જ એકમાત્ર ઉકેલ છે.

ઈરાન અણુબૉમ્બ બનાવી રહ્યું હોવાના કોઈ જ પુરાવા ન હોવાની અમેરિકાની જાસૂસી સંસ્થા અને આઈએઈએએ સ્પષ્ટ જાણકારી આપી હોવા છતાં ઈઝરાયલ કપટી રીતે અંતે અમેરિકાને ઈરાન પર સીધો હુમલો કરવા મનાવવામાં સફળ રહ્યું હતું.

સમસ્યાનો ઉકેલ લાવવા ઈરાને દરેક વખતે રાજદ્વારી માર્ગનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હતું, પરંતુ તેને કાયમ નિરાશા જ સાંપડી હતી અને અંતે તેના પર હુમલો કરવામાં આવ્યો.

અમેરિકાનો આ હુમલો ઈરાનના સાર્વભૌમત્ત્વનો અને આંતરરાષ્ટ્રીય કાયદાનો છડેચોક ભંગ કરે છે. અમે પાકિસ્તાનીઓ અમેરિકાએ ઈરાન પર કરેલા આ હુમલાને ભારપૂર્વક વખોડીએ છીએ.

સત્તા પર ટકી રહેવાની ઈઝરાયલના વડા પ્રધાન બૅન્જામિન નૅતાન્યાહૂની લાલચે સંપૂર્ણ અખાત વિસ્તારને અસ્થિરતામાં ધકેલી દીધો છે. ઈઝરાયલે પુરવાર કરી દીધું છે કે આ સમગ્ર વિસ્તારની શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા સામે તે એકલું જ જોખમરૂપ છે.

નોબલ શાંતિ પારિતોષિકના ઉમેદવાર તરીકે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના નામાંકનને ટેકો જાહેર કર્યાના એક દિવસ બાદ પાકિસ્તાને ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

ઈરાનના અણુ કાર્યક્રમનો નાશ કરવાના આશય સાથે અમેરિકાએ રવિવારે વહેલી સવારે ઈરાનના ફૉર્ડો, ઈસ્ફહાન અને નાતાન્ઝ અણુ સંસ્થાનો પર હુમલો કર્યો હતો. ઈરાન જો વળતો હુમલો કરશે તો વધુ હુમલા કરવાની પણ ટ્રમ્પે ચેતવણી આપી છે.

અગાઉ ટ્રમ્પે ઈરાન પર સીધો હુમલો કરવો કે નહીં તે નક્કી કરવા બે અઠવાડિયાનો સમય માગ્યો હતો, પરંતુ ગણતરીના દિવસોમાં જ અમેરિકાએ ઈરાન પર હુમલો કરી દીધો હતો. જોકે ઈરાનના અણુ સંસ્થાનોને કેટલું નુકસાન થયું છે તેની સ્પષ્ટ જાણકારી મળી શકી નથી.

પાકિસ્તાન ઉપરાંત, સઉદી અરેબિયા, કતાર, ઈરાક અને ઓમાન સહિતના મુસ્લિમ દેશોએ પણ અમેરિકાના ઈરાન પરના હુમલાને ભારપૂર્વક વખોડી કાઢ્યો છે.

કતારે ચેતવણી આપતાં કહ્યું હતું કે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ હુમલાની વિનાશક પ્રતિક્રિયા આવશે.

રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને લૅબેનોનના વડા પ્રધાન નવાફ સલામે કહ્યું હતું કે ઈઝરાયલ-ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે આ વિસ્તારમાં નિર્માણ પામનારી પરિસ્થિતિથી લૅબેનોન દૂર રહે તે જરૂરી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી ઍન્ટોનિયો ગ્રૂટ્રેસે કહ્યું હતું કે અમેરિકાએ વાપરેલા બળથી અમે ગંભીર રીતે ચિંતિત છીએ.

હવે પરિસ્થિતિ ખૂબ જ ઝડપથી નિરંકુશ બને તેવી પૂરી શક્યતા છે અને સામાન્ય નાગરિકો, પ્રદેશ અને વિશ્વએ તેનાં પરિણામ ભોગવવા પડશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે યુદ્ધ એ ઉકેલ નથી. માત્ર વાટાઘાટ જ ઉકેલ છે. ન્યૂ ઝીલૅન્ડના વિદેશ પ્રધાન વિન્સ્ટન પૅટર્સે સંબંધિત તમામ પક્ષોને વાટાઘાટ તરફ પાછા વળવાની વિનંતી કરી હતી.

યુદ્ધ કરતાં વાટાઘાટ આ સમસ્યાનો વધુ સારો અને લાંબાગાળાનો ઉકેલ આપશે, એમ તેમણે કહ્યું હતું.

હમાસ અને હૂતીના બળવાખોરોએ પણ અમેરિકાના ઈરાન પરના હુમલાને વખોડી કાઢ્યો હતો અને ઈરાનના પક્ષે રહેવાના સંકેત આપ્યા હતા.

તમામ મુસ્લિમ દેશોને એકજૂટ થઈ અમેરિકા-ઈઝરાયલને વળતો જવાબ આપવાની તેમણે હાકલ કરી હતી.

ચીને કહ્યું હતું કે શું અમેરિકા ઈરાકમાં કરેલી ભૂલનું પુનરાવર્તન કરી રહ્યું છે? ઈતિહાસે અવારનવાર દર્શાવી દીધું છે કે અખાતના દેશોમાં સૈન્યની દખલગીરીએ અણધાર્યાં પરિણામો આપ્યાં છે જેમાં લાંબા સંઘર્ષ, પ્રાદેશિક અસ્થિરતા સહિતની બાબતોનો સમાવેશ થાય છે. અમેરિકાએ ઈરાન પર કરેલા હુમલા બાદ દક્ષિણ કોરિયાએ રવિવારે તાકીદે બેઠક બોલાવી હતી અને પ્રાદેશિક સુરક્ષા અને પડનારી આર્થિક અસર અંગે ચર્ચાવિચારણા કરી હતી.

અમેરિકાના ઈરાન પરના હુમલાની અસર અંગે ચર્ચા કરવા જાપાનના વડા પ્રધાન શિગેરુ ઈશિબાએ પણ તાકીદે બેઠક યોજી હતી.

ઑસ્ટ્રેલિયાએ પણ આ સમસ્યાનો વાટાઘાટ મારફતે ઉકેલ લાવવાની ભલામણ કરી હતી.

ઑસ્ટ્રેલિયાએ કહ્યું હતું કે અમેરિકાના આ હુમલાને કારણે સમગ્ર પ્રદેશમાં પરિસ્થિતિ પ્રવાહી બની ગઈ છે અને અમે રાજદ્વારી વાટાઘાટ મારફતે આ સમસ્યાનો ઉકેલ લાવવાની તમામ પક્ષકારોને વિનંતી કરીએ છીએ. (એજન્સી) ■

# નક્સલવાદીઓ સામેની કાર્યવાહી ચોમાસામાં પણ ચાલુ રહેશેઃ અમિત શાહ

રાયપુરઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે જણાવ્યું હતું કે નક્સલવાદીઓ સામેની (સુરક્ષા દળોની) કાર્યવાહી ચોમાસા દરમિયાન પણ ચાલુ રહેશે.

તેમણે નક્સલવાદીઓ સાથે વધુ મંત્રણા કરવાની શક્યતાને નકારી કાઢી હતી અને માઓવાદીઓને શસ્ત્રો હેઠાં મૂકીને અને સમાજની મુખ્ય ધારામાં પાછા ફરીને વિકાસના કાર્યમાં જોડાવા અપીલ કરી હતી.

અમિત શાહે છત્તીસગઢના નવા રાયપુર અટલનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કેમ્પસ અને સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લૅબની શિલારોપણવિધિ કરી હતી.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે ચોમાસામાં નદીઓમાં જળ-સપાટી ઘણી વધી ગઇ હોવા છતાં નક્સલવાદીઓની સામેની કાર્યવાહી ગાઢ જંગલમાં પણ ચાલુ રહેશે. સલામતી દળો આ વખતે નક્સલવાદીઓને ચોમાસામાં પણ ઊંઘવા નહિ દે. અમે ૨૦૨૬ની ૩૧ માર્ચ સુધીમાં નકસલવાદનો સંપૂર્ણ નાશ કરવાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા આગળ વધતા રહીશું.

અમિત શાહે જણાવ્યું હતું કે નક્સલવાદીઓએ શરણે થઇને સરકાર તરફથી મળતા લાભ લેવા જોઇએ. શસ્ત્રો હેઠાં મૂકનારા દરેક માઓવાદીઓને સમાજની મુખ્ય ધારામાં આવકારીશું. અમે હિંસાને છોડીને શાંતિના માર્ગે ચાલવા માગતા નક્સલવાદીઓને બનતી દરેક સહાય કરીશું. તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને ૨૦૪૭ સુધીમાં વિકસેલું રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. નવી શોધ, આંતરિક માળખાનો વિકાસ, ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિ તેમ જ ત્રણ નવા કાયદા (ભારતીય ન્યાયસંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ)ને લીધે દેશનો ઝડપી વિકાસ થઇ રહ્યો છે. (એજન્સી) ■

### અમરનાથ યાત્રા ફરી વિવાદના ઘેરામાં

# યાત્રાની વ્યવસ્થા ઉમર સરકાર પાસે તો સુરક્ષાની જવાબદારી ઉપરાજ્યપાલ પાસે

જમ્મુઃ કાશ્મીરની અર્થવ્યવસ્થા અને પર્યટનના આધાર સમી અમરનાથ યાત્રા પર વિવાદ ઊભો થઈ ગયો છે. આ વરસની અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓ બે હોડીમાં સવાર હશે કેમ કે યાત્રાની વ્યવસ્થા ઉમર સરકાર પાસે તો સુરક્ષાની જવાબદારી ઉપરાજ્યપાલ પ્રશાસન પાસે હશે. ઉમર સરકારનું કહેવું છે તે અમરનાથ યાત્રા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરી દેવામાં આવી છે, પરંતુ સુરક્ષાની જવાબદારી રાજભવન અને ઉપરાજ્યપાલની છે. પત્રકારોને આપેલી મુલાકાતમાં ઉમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે અમરનાથ યાત્રાએ આવનારા શ્રદ્ધાળુઓ શાંત અને વિશ્વાસપૂર્ણ વાતાવરણમાં યાત્રા પૂરી કરી સુરક્ષિત રીતે પોતાના ઘરે પાછા જશે. સંપૂર્ણ કાશ્મીર તેમના સ્વાગત માટે તૈયાર છે. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં કાયદા-વ્યવસ્થા અને સુરક્ષા બાબતની જવાબદારી ઉપરાજ્યપાલ મનોજ સિંહા પાસે છે. વર્તમાન પરિસ્થિતિમાં જમ્મુ-કાશ્મીર પોલીસ કેન્દ્રના ગૃહ ખાતાને આધિન છે. સુરક્ષાની બાબતોમાં ચૂંટાયેલી વર્તમાન સરકારની કોઈ ભૂમિકા નથી. વાર્ષિક અમરનાથ યાત્રા ત્રણ જુલાઈથી શરૂ થઈ રહી છે. ઉમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે અમને સોંપવામાં આવેલી જવાબદારી મુજબ વીજળી, પાણી, રસ્તા, આરોગ્ય ચિકિત્સા, સ્વચ્છતા, ખાદ્યસામગ્રી, પરિવહન સહિતની તમામ વ્યવસ્થા અમે કરી દીધી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઈરાનનાં

જણાવ્યું હતું કે ઇરાનના મહત્ત્વના અણુમથકનું નામનિશાન મિટાવી દેવાયું છે.

અમેરિકા હવે પોતાના સાથી દેશ ઇઝરાયલની સાથે મળીને ઇરાન પર વધુ હુમલા કરશે કે નહિ? તે અંગે પ્રારંભમાં કોઇ સ્પષ્ટતા નહોતી કરાઇ. ઇરાન અને ઇઝરાયલ વચ્ચે છેલ્લા નવ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે અને આ બન્ને દેશ એકબીજા પર મિસાઇલ અને ડ્રોનથી સતત હુમલા કરી રહ્યા છે. ઇઝરાયલ અને પેલેસ્ટાઇનની વચ્ચે પણ યુદ્ધ ચાલુ જ છે.

ટ્રમ્પે ઇરાન પર હુમલા કરાવતા પહેલાં કૉંગ્રેસની કોઇ પરવાનગી નહિ લીધી હોવાનું કહેવાય છે.

અમેરિકાના પ્રમુખે ચેતવણી આપી હતી કે જો તહેરાન અમેરિકાના દળો પર વળતો હુમલો કરશે, તો અમે ઇરાન પર વધુ હુમલા કરીશું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે ઇરાને હવે બે વિકલ્પ – શાંતિ અને વિનાશમાંથી એકની પસંદગી કરવાની રહે છે.

દરમિયાન, ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર ચેતવણી આપતા જણાવ્યું હતું કે અમેરિકાના હુમલાના ગંભીર પરિણામ આવશે અને તહેરાને હુમલા કરવા માટેના દરેક વિકલ્પ ખુલ્લા રાખ્યા છે.

ઇરાનના સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના રાજદૂત અમીદ સઇદ ઇરવાનીએ અમેરિકાના હુમલાને વખોડી કાઢીને સલામતી સમિતિની તાકીદની બેઠક બોલાવવાની માગણી કરી હતી અને જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા ઇરાન સામે કરવામાં આવતા હુમલાને બધાએ સાથે મળીને વખોડી કાઢવા જોઇએ. અમેરિકાના આ હુમલા આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્રસંઘના નિયમનો ભંગ કરે છે.

અગાઉ, ઇઝરાયલે રવિવારે પરોઢિયે પોતાના નાગરિકોને ઇરાનના સંભવિત વધુ હુમલા સામે ચેતવણી આપી હતી અને સલામત સ્થળે આશ્રય લેવા સૂચના આપી હતી.

ઇરાનમાંના એટમિક એનર્જી ઓર્ગેનાઇઝેશને ફોર્ડો, ઇસ્ફાહન અને નતાન્ઝ અણુમથક પર અમેરિકાએ હુમલા કર્યા હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

ઇઝરાયલે આ પહેલાં ઇરાનમાંના યુરેનિયમ સમૃદ્ધ કરવાના મથક અને ભારે પાણી (હેવી વૉટર)ના મથક પર હુમલા કર્યા હતા.

#### ઈરાનના ભૂગર્ભમાંના અણુમથકને પણ નુકસાન

દુબઇઃ અમેરિકાએ ઇરાનના ત્રણ અણુમથક પર કરેલા હુમલા બાદ ઉપગ્રહની મદદથી લેવાયેલી તસવીરોમાં ઇરાનના ફોર્ડોના પર્વતીય વિસ્તારમાં ભૂગર્ભમાંના અણુમથકને પણ નુકસાન થયું હોવાનું જોવા મળ્યું હતું.

'પ્લૅનેટ લૅબ્સ પીબીસી' દ્વારા લેવાયેલી તસવીરોમાં એક સમયે તપખીરિયા રંગનો દેખાતો પર્વતીય વિસ્તાર રાખોડી રંગનો થઇ ગયો હોવાનું દેખાય છે. આ ઉપરાંત આસપાસ પડેલો કાટમાળ પણ જોઇ શકાય છે.

ઉપગ્રહની તસવીર પરથી સાબિત થાય છે કે અમેરિકાએ ઇરાનના ફોર્દોના પર્વતીય વિસ્તારમાં ભૂગર્ભમાંના અણુમથક પરના હુમલામાં 'બન્કર બસ્ટર બૉમ્બ' વાપર્યા હતા. આ વિસ્તારમાં રાખોડી રંગનો ધુમાડો નીકળતો પણ દેખાતો હતો. (એજન્સી) ■

### મોદીએ

હુમલો કરતા પ્રાદેશિક યુદ્ધ વધુ ભડક્યું છે. આ હુમલા બાદ મોદીએ ઇરાનના પ્રમુખ સાથે ફોન પર વાત કરી હતી.

મોદીએ ઇરાનના પ્રમુખ સાથે હાલની પ્રાદેશિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી અને વણસેલા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ભારતના વડા પ્રધાને પ્રાદેશિક શાંતિ, સલામતી અને સ્થિરતા ફરી સ્થાપવા પર ભાર આપ્યો હતો. (એજન્સી) ■

### સાબરકાંઠા

અવર-જવર શરૂ કરવામાં આવશે. ગુજરાતના અન્ય જિલ્લામાં વરસાદની વાત કરવામાં આવે તો, હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરી છે. છ જિલ્લામાં તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ ઍલર્ટ અને ૧૫ જિલ્લામાં યલો ઍલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે સાથે બનાસકાંઠા, પાટણ, મહીસાગર અને સાબરકાંઠામાં ૧ વાગ્યા સુધી રેડ ઍલર્ટ આપવામાં આવ્યું છે. આજે પણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ થઈ શકે છે. આજની વાત કરવામાં આવે તો, બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ગુજરાતના અને બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં પાંચ ઈંચ, સુરતના કામરેજ તાલુકામાં ૧.૦૬ ઈંચ, નવસારીના જલાલપોર તાલુકામાં ૧.૧ ઈંચ, રાજકોટના જેતપુર તાલુકામાં ૧.૧ ઈંચ, જૂનાગઢના વિસાવદર તાલુકામાં ૧.૧૪ ઈંચ, વલસાડના કપરાડા તાલુકામાં ૧.૩૭ ઈંચ, નવસારી તાલુકામાં ૧.૩૪ ઈંચ અને નવસારીના ગણદેવી તાલુકામાં ૧.૪૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ■

### એનઆઈએએ

ખાદ્ય સ્ટોલ માલિક, ઝિપલાઈન ઓપરેટર અને ટટ્ટુવાલા વગેરે આપે છે. સુરક્ષા એજન્સીએ ત્રણ શકમંદના સ્કેચ જારી કર્યા છે જેની ઓળખાણ અનંતનાગનિવાસી આદિલ હસૈન થોકર અને બે પાકિસ્તાની નાગરિક અલી ભાઈ ઉર્ફે તલ્હા ભાઈ અને હાશિમ મૂસા ઉર્ફે સુલેમાન થઈ છે. એમ મનાય છે કે આ ત્રણેય શકમંદ મુખ્ય હુમલાખોર હતા.

વિવિધ સ્થાનો પર પોસ્ટર લગાડવામાં આવ્યાં છે જેમાં હુમલાખોરને પકડવામાં મદદ કરવાની બાતમી દેનારને ૨૦ લાખ રૂપિયા ઈનામ આપવાની જાહેરાત કરાઈ છે. આને લીધે તપાસ પ્રક્રિયામાં વેગ આવશે.

બારામુલ્લા પોલીસે ૨૧ જૂને પટ્ટન વિસ્તારમાં શોધ અભિયાન દરમિયાન એક ઈસમની ધરપકડ કરી અને તેની પાસે વાંધાજનક સામગ્રી સાથે જીવંત કારતૂસ મળી હતી. વિશ્વસનીય બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડા રાષ્ટ્રવિરોધી તત્ત્વોને નાબૂદ કરવાના અને જિલ્લામાં શાંતિ સ્થાપવાના પ્રયાસોનો ભાગ છે.

શોધ અભિયાન દરમિયાન પોલીસે એ સ્થાનથી પ્રતબિંધિત સંગઠન જમ્મુ અને કાશ્મીર નેશનલ ફ્રન્ટના પોસ્ટર, એકે-૪૭ના ૨૦ જીવંત કારતૂસ જપ્ત કર્યા હતાં. આ સામગ્રીને ઉચિત કાનૂની પ્રક્રિયામાં પુરાવા તરીકે ઉપયોગ કરાશે.

આરોપીની ધરપકડ પછી તપાસ ચાલુ છે. આરોપી પર યુએપીની કલમ ૨૩ અને સશસ્ત્ર અધિનિયમની કલમ ૭/૨૫ પણ લગાડવામાં આવી છે. ■

## શિંદેનો ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ

# ૨૧ જૂને મહારાષ્ટ્રમાં વિકાસનો યોગ શરૂ થયો

મુંબઈઃ રાજ્યના ઉપ-મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે ઉપર કટાક્ષ કરવાનો મોકો શોધી લીધો હતો અને કહ્યું હતું કે ૨૧મી જૂને એક મોટો યોગ કર્યો હતો. તે મેરેથોન યોગ હતો અને તેના કારણે મહારાષ્ટ્રમાં ઘણા બધા ફેરફારો થયા. આ જ કારણ છે કે આજે મહારાષ્ટ્રમાં સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે આ યોગે મહારાષ્ટ્રની દિશા બદલી નાખી છે. શિંદેના મતે આ યોગે મહારાષ્ટ્રમાં રાજકીય સ્થિરતા અને વિકાસ લાવ્યો છે.

એકનાથ શિંદેએ જૂન ૨૦૨૨ માં શિવસેનામાં બળવો શરૂ કર્યો હતો અને પાર્ટીના મોટાભાગના વિધાનસભ્યો સાથે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. શિંદેના દાવાને ભાજપ અને એનસીપીના અજિત પવારે ટેકો આપ્યો હતો. આ પછી શિંદે મુખ્ય પ્રધાન બન્યા. જ્યારે પવારને નાયબ મુખ્ય પ્રધાનનું પદ મળ્યું. એકનાથ શિંદેએ કહ્યું હતું કે આ યોગની શરૂઆત મુંબઈથી થઇ હતી. અમારી સરકાર લોકો માટે કામ કરી રહી છે. દેવેન્દ્ર ફડણવીસ અને હું, પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના માર્ગદર્શન હેઠળ આ દિશામાં કામ કરી રહ્યા છીએ. શિંદેએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેમણે યોગને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ શ્રેય આપ્યો હતો. તેમણે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને પણ પાઠ ભણાવ્યો, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# સાઈકિયાટ્રિસ્ટે કરી આત્મહત્યા

અકોલાઃ અકોલા જિલ્લામાં ૪૮ વર્ષના સાઇકિયાટ્રિસ્ટે દવાનો ઓવરડોઝ લઇને આત્મહત્યા કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકની ઓળખ પ્રશાંત જાવરકર તરીકે થઇ હતી, જેણે ન્યૂ તાપડિયા નગરમાં પોતાના નિવાસે શનિવારે બપોરે વધુ પ્રમાણમાં દાવી પીધી હતી. ઇન્સ્પેક્ટર મનોજ બાહુરેએ જણાવ્યું હતું કે પ્રશાંતને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને ડોક્ટરોએ તપાસીને મૃત જાહેર કર્યો હતો. પ્રશાંતના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. પ્રશાંત છેલ્લાં કેટલાંક વર્ષથી ખાનગી હોસ્પિટલમાં કામ કરતો હતો. (પીટીઆઇ)■

# બાળકી સાથે દુષ્કર્મઃ યુવકને સાત વર્ષની કેદ

થાણેઃ છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવા બદલ થાણે જિલ્લાની કોર્ટે આરોપીને સાત વર્ષની સખત કેદ ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ એ. એસ. ભાગવતે આરોપી બંદાદાદા ઉર્ફે રૂદેશ રમેશ શિંદે (૩૨)ને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ દોષી ઠેરવ્યો હતો. કોર્ટે ૧૭ જૂને આરોપીને સજા ઉપરાંત પંદર હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

વિશેષ સરકારી વકીલ વી.જી કડુએ કોર્ટને જણાવ્યું હતું કે ૪ ઑગસ્ટ, ૨૦૨૩ની રાતે આ ઘટના બની હતી. થાણેના કલવા વિસ્તારમાં બાળકી પોતાના ઘર નજીક રમી રહી હતી ત્યારે આરોપી ત્યાં આવ્યો હતો અને તેને પોતાના ઘરે લઇ ગયો હતો. (પીટીઆઇ)■

# નવી મુંબઈમાં મંદિરમાંથી ૪૦ હજાર રૂપિયા ચોરાયા

થાણેઃ નવી મુંબઈના સીવૂડ વિસ્તારમાં આવેલા મંદિરમાંથી અજાણી વ્યક્તિએ ૪૦ હજાર રૂપિયા ચોર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એનઆરઆઇ સાગરી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ મંદિરના કેરટેકરે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫ અને ૩૩૧ (૪) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સીવૂડ વિસ્તારમાંના શ્રી વિઠ્ઠલ રૂક્મિણી મંદિરમાં ૨૦ જૂને ચોરીની ઘટના બની હતી અને પોલીસ આરોપીની શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ)■

મહારાષ્ટ્ર સરકારના મંત્રી શ્રી નિતેશ રાણેને જન્મદિવસની શુભેચ્છાઓ




શેખર તોલાની

## મુંબઈ સમાચાર

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ,
પો. બો. નં. ૬૭૬, મુંબઈ-૧.

**રદ્દી ફાળાના ટેન્ડરો**

તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા. ૩૧/૧૨/૨૦૨૫ મુદત દરમિયાન ફોરેન, નેપા વિ. ન્યૂઝપ્રીન્ટના ફાળા, સ્વીપીંગ્સ, રીલ એન્ડ અને કોરના વેચાણ માટે અલગ અલગ ક્વોલિટી વાઈઝ ભાવ ભરેલ સીલબંધ ટેન્ડરો મંગાવે છે. માલનો જથ્થો રોજ રોજ ઉપાડવાનો રહેશે અને એ માટે ઉપાડેલ માલનું બિલ દર મહિને આપવામાં આવશે. પરંતુ અઠવાડિયા દરમિયાન ઉપાડેલા માલ પેટે, ઉપાડેલા માલની પૂરેપૂરી કિંમત અઠવાડિયું પૂરું થવાના ૨ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે.

**સીલબંધ ટેન્ડરો ભરવાની છેલ્લી તારીખઃ૨૭/૦૬/૨૦૨૫**

ટેન્ડર સ્વીકારવાનું કંપનીની મુનસફી પર છે અને કંપની કોઈપણ કારણ જણાવ્યા વગર ઊંચામાં ઊંચું ટેન્ડર કે બીજું કોઈપણ ટેન્ડર સ્વીકારવાનો કે નકારવાનો હક્ક અનામત રાખે છે.

નોંધઃ ટેન્ડર પાસ થયાના ત્રણ દિવસની અંદર રૂા. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર પૂરા)ની સિક્યોરિટી ડિપોઝિટ મુંબઈ સમાચારની ઓફિસમાં જમા કરાવવાની રહેશે.

જનરલ મેનેજર






## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૦૯૬)

### ૧૪. નોકરી ખાલી છે

REQUIRED CA/PASS/FRESHERS for Office Management Part/Full Time Churchgate. WhatsUp 7021831500. (B-16141)

### ૧૭. જગ્યા આપવી છે

**ચોપાટી**

**ન્યુ ટાવર, 2 BHK રેરા કાર્પેટ 800 સ્કે ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.5 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ) (બી-૧૬૧૩૯)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**MALAD WEST**

**Office available for Rent Area: 1700 sq ft including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16140)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**સોફા રીવોલ્વીંગ ચેર**

સોફા રીવોલ્વીંગ ચેર ડીઝાઈન પ્રમાણે નવા બનાવી આપશું જૂના રીપેરીંગ કરી આપશું. મનીષ ૯૮૨૦૮૯૫૨૧૪. (૨૮૧)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૧૦૨)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# સંસ્થા સમાચાર

## ચાતુર્માસને સફળ બનાવવા સ્માઈલિંગ લાઇફ, શાઈનિંગ લાઇફ અને સિંગિંગ લાઇફ બનાવોઃ પૂ. શ્રી ધીરગુરુદેવ

ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરગુરુદેવના ચાતુર્માસ પ્રવેશ પૂર્વે વસંતબેન પ્રવીણચંદ્ર પારેખ પ્રેરિત નવકારશી બાદ કળશબેડાધારી બહેનો સહિત શોભાયાત્રા ડુંગર દરબાર, અગ્રસેન હોલમાં સમારોહમાં ફેરવાયા બાદ જૈન ધર્મ સંકુલના મુખ્ય દાતા વિનુભાઈ કપાસીના પ્રમુખ સ્થાને મેહુલભાઈ ધોળકીયાએ સહુને આવકાર્યા હતા.

આ પ્રસંગે પૂ. જયેશ્મુનિજી, પૂ. જૈનમમુનિજી તથા પૂ. ગુણીજી મ. સ., પૂ. સુશીલાજી મ. સ. આદિ ઠાણા તથા ગોંડલ, કલકત્તા, ઈન્દોર, જલગાંવ, ચેન્નઈ, આકોલા, એમ્બીવેલી સિટી, પૂના, વિલે પાર્લે, ઘાટકોપર, કાંદીવલી - મહાવીર નગર, દહીંસર, માટુંગા, તારદેવ, જામનગર, અંધેરી, રાજકોટ, વાપી, સુરત, વડોદરા, સેલવાસ, લીમડી, ધંધુકા, દિલ્હી, જુનાગઢ, કાટકોલા, બાવળા, યોગીનગર, વિરાર, સાયન, લાલપુર, વગેરે તેમજ અમદાવાદના વિવિધ સંઘોના ભાવિકોથી ખીચોખીચ હોલ ભરાઈ ગયો હતો.

જૈન ધર્મ સંકુલ, ધર્મનાથ ઉપાશ્રય, આયંબિલ ભવનના દ્વારોદઘાટનના ચડાવાનો ધોલેરા પરિવાર, પ્રવીણભાઈ લોખંડવાલા, દક્ષાબેન મુકેશભાઈ કામદાર અને જીવદયા કળશનો ઋષભ નવનીતભાઈ પટેલ, સુપર સે ઉપર વ્યાખ્યાન સંગ્રહનો રીટાબેન અભયભાઈ શાહે લાભ લીધેલ.

ચાતુર્માસ ભક્તિનો લાભ મધુસુદન શેઠ, પ્રદીપભાઈ ખેતાણી, વીણાબેન ખેતાણી, હસુમતીબેન ધોળકીયા, પ્રદીપભાઈ કામદાર એ લીધેલ. એમ્બીવેલી સિટીના અમીશા નીરજ વોરા, ઉર્વિશ વોરા વગેરેની વિનંતિનો સ્વીકાર કરતાં આગામી ચાતુર્માસ જાહેર કરતાં અનેરો ઉમંગ છવાયો હતો. ચેન્નઈ અને ઈન્દોર સંઘે ચાતુર્માસની વિનંતી કરેલ. ગોંડલ સંપ્રદાયના શ્રી હરેશ વોરા, સુરેશ કામદાર, પ્રવીણ કોઠારી તેમજ સંઘ કમિટી વગેરેએ દાતાઓનું અભિવાદન કરેલ.

## કચ્છી નવા વર્ષની ઉજવણી

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા ૨૬ જૂને કચ્છી નવા વર્ષ અને અષાઢી બીજના ઉત્સવનું આયોજન કર્યું છે. વડગાદી સ્થિત તેમના કુળદેવ શ્રી દરિયાલાલ મંદિરે સવારે આરતી બાદ દરિયાપૂજન કરવામાં આવશે. સાથે જ દરિયાસ્થાન મંદિર દ્વારે પૂજનયાત્રાનું સામૈયું, બપોરે આરતી બાદ પ્રસાદનો લાભ લોકોને મળશે. આ ભક્તિમય કાર્યક્રમમાં સામેલ થવા માટે લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## રાસ ગરબા સ્પર્ધાનું આયોજન

કલાગુર્જરી સ્થાપક સંસ્થા દ્વારા રાસ ગરબાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૭ સપ્ટેમ્બરે વિલેપાર્લેમાં આવેલા દીનાનાથ મંગેશકર હૉલમાં આ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. એના માટે ૧૦ જુલાઈ સુધીમાં ફોર્મ ભરીને આપવાનું રહેશે. આ સ્પર્ધામાં નાનાં બાળકો, યુવાનો અને વરિષ્ઠો પણ ભાગ લઈ શકશે.

## હિન્દી ભાષાનો વિવાદ

સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારનું સાંભળ્યું ન હતું. તમિલનાડુ સરકારે ફરજિયાત હિન્દીનો વિરોધ કર્યો હતો, સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારને ફગાવી દીધી હતી તેવું નિવેદન આપવું જૂઠાણું છે.

તેથી, નોટિસમાં કહેવામાં આવ્યું છે કે મુખ્ય પ્રધાને મહારાષ્ટ્રની માફી માગવી જોઈએ. કારણ કે, તમિલનાડુ સરકારે તેને ત્રણ ભાષા નીતિનો વિરોધ કરતી અરજી તરીકે દાખલ કરી ન હતી, પરંતુ તે અરજીનો વિષય એ છે કે તમિલનાડુ સરકાર ત્રણ ભાષા નીતિનો અમલ કરી રહી નથી અને કેન્દ્ર સરકારની અન્ય યોજનાઓમાંથી તેને ભંડોળ અને નાણાકીય સહાય મળી રહી નથી, કારણ કે તે તેનો અમલ કરી રહી નથી, એમ પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે.

ધોરણ પહેલાથી હિન્દીને ફરજિયાત બનાવવાનો નિર્ણય ખોટો હોવાથી મુખ્ય પ્રધાન અને સરકારે સ્પષ્ટપણે અને કોઈપણ શબ્દોની રમત વિના જાહેર કરવું જરૂરી છે કે આ નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રમાં ધોરણ પહેલાથી હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજ પાડવા માટેની વ્યવસ્થા કરવી એમ કહીને કે 'ફરજિયાત' શબ્દ દૂર કરવામાં આવ્યો છે અને અન્ય દમનકારી પરિસ્થિતિઓ સારા રાજ્ય વહીવટની નિશાની નથી. મુખ્ય પ્રધાને જૂઠાણા ફેલાવ્યા વિના રાજ્યમાં મરાઠી શાળાઓ અસ્તિત્વમાં રહે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

એડ. સરોદેએ ઉલ્લેખ કર્યો હતો કે રાજ્યમાં મરાઠી શાળા શિક્ષણની ગુણવત્તા, પાણી, શૌચાલય, વર્ગખંડો, બાળકો માટે શાળાઓમાં પૌષ્ટિક ખોરાક અને વિદ્યાર્થીઓના અધિકારો પર કામ કરવું જરૂરી છે.

જો સાત દિવસમાં નોટિસનો જવાબ આપવામાં નહીં આવે, તો અમારે મહારાષ્ટ્રમાં નાના બાળકોના અધિકારો, મરાઠી લોકો અને મરાઠી ભાષા પર 'સરકાર-પ્રાયોજિત ભાષા દમન'ના પ્રશ્ન તરીકે કોર્ટમાં અપીલ કરવી પડશે, એમ એડવોકેટ અસીમ સરોદે, એડવોકેટ શ્રેયા આવલેએ પણ સ્પષ્ટ કર્યું હતું.

## ભૂલેશ્વરથી આંગડિયા

ભૂલેશ્વરમાં ફોફલવાડી ખાતે આવેલી આંગડિયા પેઢીનો કર્મચારી પટેલ શનિવારે સવારના ઓફિસમાં આવ્યા બાદ મેનેજરે તેને બીજી ઓફિસમાંથી પચાસ લાખ રૂપિયા લાવવા માટે કહ્યું હતું. સાંજે તે ભોઇવાડા ખાતેની બીજી ઓફિસમાં ગયો હતો અને ત્યાંથી રૂપિયા લઇ તે પાછો આવવા માટે નીકળ્યો હતો. તે ફોફલવાડી ખાતેની ઓફિસ નજીક હતો ત્યારે ત્રણ આરોપી આવ્યા હતા, જેમાંથી એક જણે પટેલનો કોલર પકડ્યો હતો અને તેને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. પટેલનો મોબાઇલ આંચકી લીધા બાદ તેને કાર નજીક લાવવામાં આવ્યો હતો, જ્યાં એક આરોપી હાજર હતો.

તેમણે છરો દેખાડીને તથા જાનથી મારી નાખવાની ધમકી આપીને પટેલનું કારમાં અપહરણ કર્યું હતું. તેને કારમાં ખારઘર વિસ્તારમાં લઇ જવાયો હતો, જ્યાં રસ્તામાં અધવચ્ચે તેને ઉતારી દેવાયો હતો.

પટેલના મોબાઇલમાંથી સિમકાર્ડ કાઢી તેને મોબાઇલ પાછો આપ્યા બાદ આરોપીઓ કારમાં ફરાર થઇ ગયા હતા.

પટેલે એક બાઇકસવારના મોબાઇલ પરથી ઓફિસને મેનેજરને કૉલ કર્યો હતો અને તમામ હકીકત જણાવી હતી. બાદમાં તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આરોપીઓ જે કારમાં ફરાર થઇ ગયા હતા, તેનો રજિસ્ટ્રેશન નંબર પટેલે નોંધી રાખ્યો હતો અને તે પોલીસને આપ્યો હતો.

દરમિયાન કાર પુણેમાં નજરે પડી હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં રવાના થઇ હતી અને હાઇવે પર કારને આંતરી અજય લોખંડે તથા રેવનસિંહને તાબામાં લીધા હતા. કારમાં છરો તથા અમુક રોકડ મળી આવી હતી.

બંનેની પૂછપરછમાં તેમના સાથીદારના નામ તથા મોબાઇલ નંબર પોલીસે મેળવ્યા હતા. તેમનું મોબાઇલ લોકેશન સાતારામાં હોવાની જાણ થતા ત્યાંથી બે જણને પકડી પાડવામાં આવ્યા હતા.

બાદમાં પોલીસે થાણેથી વિકાસ દબડેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

## સિંહસ્થ કુંભ મેળાની

જતી રુચિ અને ભીડને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેના સફળ આયોજન અને માળખાકીય રસ્તાઓના વિકાસને સક્ષમ બનાવવા માટે કેન્દ્ર સરકારના સ્તરે સહાય પૂરી પાડવા વિનંતી કરી હતી. તેમના માર્ગદર્શન હેઠળ રવિવારે નાગપુરમાં મુખ્ય પ્રધાનની કચેરીમાં કેન્દ્રીય માર્ગ વિકાસ ખાતાના પ્રધાન નીતિન ગડકરી, મહારાષ્ટ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને તમામ સંબંધિત વિભાગોની હાજરીમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આઠ મહત્વપૂર્ણ માર્ગો નાશિક સાથે સંકળાયેલા છે. શ્રદ્ધાળુઓ મુંબઈ, ગુજરાત, પાલઘર, પુણે, અહિલ્યાનગર, સંભાજીનગર, ધુળેથી આવશે. કુંભ દરમિયાન આ બધા માર્ગો અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહેશે. આ ઉપરાંત, નાશિક અને જિલ્લાના આંતરિક રસ્તાઓ પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે જોડાયેલા છે. બેઠકમાં તે બધા રસ્તાઓના વિકાસ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. નીતિન ગડકરીએ લગભગ તમામ રસ્તાઓને કેન્દ્રની મદદથી વિકસાવવાને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. ટૂંક સમયમાં તેના માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને બેઠકમાં કામ પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ફડણવીસે જણાવ્યું હતું કે, કુંભ દરમિયાન અપેક્ષિત વિશાળ ટ્રાફિકને સંભાળવા માટે વિસ્તૃત રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે, તેથી શ્રદ્ધાળુઓને વધુ સલામત સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ બેઠકમાં નાશિક રિંગ રોડને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે, નાશિકથી ત્ર્યંબકેશ્વરનો રોડ છ લેનનો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

નાશિકમાં ટ્રાફિક સુગમ બનાવવા માટે આ બેઠકમાં મુખ્યત્વે દ્વારકા સર્કલ પર સુવિધાઓ મજબૂત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કળંબોલી જંકશનને ધોરણે દ્વારકા સર્કલને બે તબક્કામાં વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આમાં બે તબક્કા નક્કી કરવામાં આવ્યા હતાઃ કુંભ સુધીનું કામ અને કુંભ પછી હાથ ધરવાનું કામ.

## મુંબઈ-પુણે એક્સપ્રેસવેના

ચલાણનો દંડ થાય છે. ટ્રાન્સપોર્ટરો અને કેટલાક અધિકારીઓએ ભોર ઘાટ પર ભારે વાહનો માટે ૪૦ કિમી પ્રતિ કલાકની વર્તમાન ગતિ મર્યાદાને અવાસ્તવિક અને અયોગ્ય ગણાવી. કારણ કે ભારે વાહનો માટે તીવ્ર ઘાટ પર નીચે તરફ ધીમે ધીમે આગળ વધવું પડકારજનક છે, ટ્રાફિક ધીમો પડે છે અને અકસ્માતોનું કારણ બને છે, એમ તેમણે દાવો કર્યો હતો. ફોલોઅપ્સ અને ચર્ચાઓ પછી, અધિકારીઓએ ગતિ મર્યાદામાં વધારો કરવા માટે સકારાત્મક સંકેત આપ્યો છે, એમ ટ્રાન્સપોર્ટરોએ જણાવ્યું હતું.

આ વાહનોને થોડી ઝડપથી આગળ વધવા દેવાથી સમય, ઇંધણ, જાળવણી ખર્ચ બચશે અને બિનજરૂરી ઇ-ચલાણ ટાળવામાં મદદ મળશે, એમ તેમણે કહ્યું હતું. ટ્રાન્સપોર્ટરો, ખાસ કરીને બસ માલિકોના મતે, ૯૫ કિમી લાંબા કેરેજવે પર ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (આઈટીએમએસ) દાખલ થયા પછી ઘાટ સેક્શન પર ઇ-ચલણમાં વધારો થયો છે, જેમાં ઘણા સ્પીડ-મોનિટરિંગ કેમેરા અને અન્ય સાધનોનો સમાવેશ થાય છે. પ્રથમ સ્પીડ ઉલ્લંઘન માટે વાહનને રૂ. ૨૦૦૦ નો દંડ ફટકારવામાં આવે છે, અને પછીના ઉલ્લંઘન માટે રકમ વધે છે.

## બારામતીમાં પવાર પરિવારના

ચૂંટણીમાં અજિત પવારે તેમના ભાઈ શ્રીનિવાસ પવારના પુત્ર યુગેન્દ્ર પવારને હરાવીને રેકોર્ડ આઠમી વખત ચૂંટણી જીતી હતી.

માલેગાંવ સહકારી સાકર કારખાનાની ચૂંટણી મહત્વપૂર્ણ બની ગઈ છે કારણ કે છ વખતના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પોતે ૨૧ સભ્યોના બોર્ડ માટે મેદાનમાં રહેલા ૯૦ ઉમેદવારોમાં સામેલ છે. ૪૦ વર્ષ પછી તેઓ વ્યક્તિગત રીતે સહકારી ક્ષેત્રની ચૂંટણી લડી રહ્યા છે. અજિત પવાર હાલમાં રાજ્યના નાણા અને આયોજન ખાતાના પ્રધાન છે.

અજિત પવાર શાસક નીલકંઠેશ્વર પેનલનું નેતૃત્વ કરી રહ્યા નથી, પરંતુ તેમણે જાહેરાત પણ કરી છે કે જો પેનલ સત્તા જાળવી રાખશે તો તેઓ ચેરમેન બનશે.

બીજી બાજુ શરદ પવાર, સુપ્રિયા સુળે અને યુગેન્દ્ર પવારની 'બળિરાજા સહકાર બચાવો પેનલ' છે.

રંજન તાવરેના નેતૃત્વ હેઠળનું 'સહકાર બચાવ પેનલ' નામનું બીજું એક જૂથ પણ ચૂંટણી લડી રહ્યું છે, જે તેને ત્રિકોણી લડાઈ બનાવી રહ્યું છે.

રાજ્યના સહકારી ક્ષેત્રમાં આ વિશાળ કવાયતનો ભાગ બનેલા લગભગ ૧૯,૦૦૦ શેરધારકો-મતદારો છે.

શાસક ભાજપ-શિવસેના-એનસીપી ગઠબંધન અને વિપક્ષ કોંગ્રેસ-શિવસેના (યુબીટી)-એનસીપી (એસપી) બંને ચૂંટણીઓ પર નજર રાખી રહ્યા છે.

રાજ્યની સૌથી આર્થિક રીતે મજબૂત સહકારી સંસ્થાઓમાંની એક ગણાતી માલેગાંવ સહકારી સાકર કારખાનામાં શેરડીના સૌથી વધુ ખરીદ દર ધરાવે છે - ગયા વર્ષે ખેડૂતોને રૂ. ૩,૬૩૬ પ્રતિ ટન આપવામાં આવ્યા હતા.

'હવે અમે અજિત દાદાના ચેરમેન બનવાના સ્વપ્નને પૂર્ણ થવા દઈશું,' એમ તાવરેએ કહ્યું હતું.

'વિકાસ કોણ લાવશે તે મતદારો નક્કી કરશે. હું ચેરમેન પદ માટેનો ઉમેદવાર છું. હું અહીં ૩૫ વર્ષથી કામ કરી રહ્યો છું,' એમ અજિત પવારે કહ્યું હતું.

બોર્ડની ૨૧ બેઠકો માટે કુલ ૫૯૩ નામાંકન દાખલ કરવામાં આવ્યા હતા. ચકાસણી પછી, ૫૦૩ ઉમેદવારોને અમાન્ય ગણવામાં આવ્યા હતા અને હવે ૯૦ ઉમેદવારો મેદાનમાં છે.

કુલ ૧૯,૬૫૧ મતદારોમાંથી ૧૯,૫૪૯ જૂથ 'અ' ના છે - પ્રદેશના શેરડીના ખેડૂતો - અને ૧૦૨ જૂથ 'ઇ' ના છે, જે વિવિધ સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. અજિત પવારે જૂથ 'ઇ' માંથી પોતાનું નામાંકન દાખલ કર્યું છે.

## મુંબઈ એરપોર્ટ પર

હતી, જ્યારે ડીઆરઆઇએ નાઇજીરિયન ઍને ચાર્લ્સ જોસલીન કોઉમેની ધરપકડ કરી હતી.

એઆઇયુના અધિકારીઓએ શનિવારે મોડી રાતે એરપોર્ટ પર ડિપાર્ચર હોલમાં ઇમિગ્રેશન કાઉન્ટર સામે ફેમિલી વોશરૂમ નજીકથી મોહંમદ આમીર ડોક્ટરને શંકાને આધારે આંતર્યો હતો. એરપોર્ટ પર એઆઇએએસએલમાં જુનિયર સીએસઇ તરીકે કામ કરતા મોહંમદ આમીરની બાદમાં તલાશી લેવાઇ હતી, જેમાં ૧.૪૩ કરોડનું મળી આવ્યું હતું, જે તેણે ટ્રાન્ઝિટ પ્રવાસી પાસેથી મેળવ્યું હતું અને તે મીણમાં ૨૪ કેરેટ ગોલ્ડ ડસ્ટના સ્વરૂપમાં હતું. મોહંમદ આમીરે આર્થિક લાભ માટે આ કામ કર્યું હોવાનું કબૂલ્યું હતું.

અન્ય એક કિસ્સામાં રવિવારે વહેલી સવારે એરપોર્ટ પર ખુશીલાલ યાદવને પણ એ જ જગ્યા પરથી તાબામાં લેવાયો હતો અને તેની પાસેથી ૨.૮૧ કરોડનું સોનું મળી આવ્યું હતું, જે તેણે ટ્રાઉઝરમાં છુપાવ્યું હતું. ટ્રાન્ઝિટ પેસેન્જરે તેને આ સોનું આપ્યું હતું.

દરમિયાન શનિવારે બેંગકોકથી આવેલા બે પ્રવાસીને શંકાને આધારે આંતરવામાં આવ્યા હતા અને તેમની તલાશી લેવાતાં ૧૧.૮૮ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. ટ્રોલી બેગમાં તકિયાના કવરમાં ગાંજો છુપાવવામાં આવ્યો હતો. આથી બંને પ્રવાસી વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

બીજી તરફ ડીઆરઆઇના અધિકારીઓએ ૧૯ જૂને સિયેરા લિયોનીથી આવેલા નાઇજીરિયનને તાબામાં લઇ પૂછપરછ કરી હતી, જેમાં તેણે ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ પેટમાં છુપાવીને લાવ્યો હોવાનું જણાવ્યું હતું. બાદમાં તેને જે. જે. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેના પેટમાંથી ૬૭ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી. કૅપ્સ્યૂલ્સમાંથી ૧૧.૩૯ કરોડનું કોકેઇન મળી આવ્યું હતું, એમ અધિકારીએ કહ્યું હતું.

# જૈન મરણ

પાલનપુર નિવાસી હાલ મુંબઇ પ્રબોધભાઇ નરોત્તમદાસ શાહ, (ઉ.વ. ૮૫) તા. ૧૯-૬-૨૫ના અરિહંતશરણ થયેલ છે. સ્વ. પન્નાબેનના પતિ. સ્વ. ચંચળબેન અને સ્વ. નરોત્તમભાઇના સુપુત્ર. દિપા, અનુજના પિતાશ્રી. સંજીવભાઇ, સાચીબેનના શ્વસુર. રાધનપુર નિવાસી સ્વ. રમણિકલાલ વાડીલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૩-૬-૨૫ના ૫થી ૭. ઠે. હોલ ઓફ કલ્ચર, નેહરુ સેન્ટર વરલી.

**કચ્છી ગુર્જર જૈન**

ભુજ નિવાસી હાલ ઘાટકોપર નિર્મળાબેન ધીરજલાલ શાહ (ઉં. વ. ૮૩) તે ધીરજલાલ મોહનલાલ શાહના ધર્મપત્ની તથા સ્વ. મોહનલાલ વીરચંદ શાહના પુત્રવધૂ. તે ગુલાબબેન ધરમશી ગાંધીના સુપુત્રી. તથા સ્વ. પ્રાણલાલભાઇ, ઇશ્વરભાઇ અને દમયંતીબેનના બેન. જગદીશ, હર્ષદ, ચેતન, તારાબેન, મીના અને રીટાના માતુશ્રી. કલાબેન, વર્ષાબેન, દીપ્તિબેન, ઇશ્વર મહેતા અને જીતેન્દ્ર શાહના સાસુમા. તા. ૨૧-૬-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૬-૨૫ સોમવારના ૪થી ૫.૩૦. ઠે. કચ્છી ગુર્જરવાડી, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (પૂર્વ).

## કુર્લા-ભાંડુપવાસીઓને

ઉકાળીને ફિલ્ટર કરીને પીવાની અપીલ કરી છે.

'એલ' વિભાગ - બરેલી મસ્જિદ, ૯૦ ફીટ રોડ, કુર્લા-અંધેરી રોડ, જરીમારી, ઘાટકોપર - અંધેરી લિંક રોડ, સાવરકર રોડ, મહાત્મા ફુલે નગર, તાનાજી નગર, સાકી વિહાર રોડ, મારવાહ ઉદ્યોગ માર્ગ, સત્યનગર પાઇપલાઇન રોડ (નિયમિત પાણી પુરવઠાનો સમય રાતે ૧૨ થી સવારે ૦૬)

કુર્લા દક્ષિણ ઝોનઃ કાજુપાડા, ગણેશ મેદાન, ઈન્દિરા નગર, સંગમ કોલોની, શાસ્ત્રી નગર, ઘાસ કમ્પાઉન્ડ, ક્રિશ્ચિયન વિલેજ, મસરાણી સ્ટ્રીટ, ગાઝી મિયા દરગાહ રોડ, એ.એચ. વાડિયા રોડ, વાડિયા એસ્ટેટ, એમ.એન. રોડ, બેલ બજાર, સંદેશ નગર, ક્રાંતિ નગર, બૌલ રોડ, બૌલ રોડ કલ્પના સિનેમા, કિસ્મત નગર, ગફુર ખાન એસ્ટેટ, સંભાજી ચોક, ન્યુ માઈલ રોડ, રામદાસ ચોક, ઈગલવાડી, અન્નસાગર રોડ, બ્રાહ્મણ વાડી, પટેલ વાડી, એસ.ગો. બર્વે રોડ, બુદ્ધ કોલોની, એલ.આઈ.જી. એમ.આઈ.જી. કોલોની, વિનોબા ભાવે નગર, એચડીઆઈએલ સંપૂર્ણ કોમ્પ્લેક્સ, નૌપાડા, પ્રીમિયર કોલોની, સુંદરબાગ, શિવ ટેકડી, સંજય નગર, કાપડિયા નગર, રૂપા નગર, ટાકિયા ડિવિઝન, મેચ ફેક્ટરી, શિવીરાની કોલોની, લાનેરીમાં નગર, મહારાષ્ટ્ર કાટા, લાલ બહાદુર શાસ્ત્રી (એલ.બી.એસ.) માર્ગ, ચાફે લેન - ચુનાભટ્ટી, સેવક નગર, વિજય નગર, જરીમારી માતા મંદિર વિસ્તાર (નિયમિત પાણી પુરવઠાનો સમય - સાંજે ૬.૩૦ થી ૮.૫૦ વાગ્યા સુધી.)

'એસ' વિભાગઃ મોરારજી નગર, ભીમ નગર, પાસપોલી ગામ, લોક વિહાર કોલોની, રેનેસાં હોટેલ વિસ્તાર (નિયમિત પાણી પુરવઠાનો સમય - સાંજે ૬.૩૦ થી સવારે ૮.૫૦ વાગ્યા સુધી.)

## કો-ઓપરેટિવ સોસાયટીઓ

સોસાયટીનો એક ભાગ બને અને પુનઃવિકાસમાં તેમનો હક મેળવવામાં મદદ થાય. તેવી જ રીતે, 'કામચલાઉ સભ્યો' ની શ્રેણી ઉમેરવામાં આવી છે, જે સભ્યોના મૃત્યુ પછી નોમિનીઓને મતદાન અધિકારો અને સભ્યપદ આપશે જ્યાં સુધી તેમને સત્તાવાર રીતે સભ્યનો દરજ્જો આપવામાં ન આવે.

નવા નિયમો સોસાયટીને મૂળ સભ્યોના મૃત્યુ પછી કાનૂની વારસદારોને નોમિનેશન અને કામચલાઉ સભ્યપદ આપવાની પણ સત્તા આપે છે. જોકે, તેમની પાસે મિલકતનો કોઈ અધિકાર, ટાઇટલ અથવા માલિકી રહેશે નહીં. સોસાયટીએ કાનૂની વારસદારને ટાઇટલ ટ્રાન્સફર કરવાની પ્રક્રિયાનું પાલન કરવું પડશે. ડ્રાફ્ટ નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે સામાન્ય સેવા ચાર્જ ફ્લેટ ધારકોમાં સમાન રીતે વહેંચાશે અને પાણીનો ચાર્જ ફ્લેટમાં નળની સંખ્યાના આધારે વહેંચવામાં આવે. સિંકિંગ ફંડ ઓછામાં ઓછું ૦.૨૫ ટકા અને સમારકામ અને જાળવણી ભંડોળ બાંધકામ ખર્ચના ૦.૭૫ ટકા હોવું જોઈએ અને વાર્ષિક ધોરણે એકત્રિત કરવું જોઈએ, એમ ડ્રાફ્ટમાં જણાવાયું છે. નિયમોનો મુસદ્દો બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ડેપ્યુટી રજિસ્ટ્રાર કિરણ સોનાવણેએ જણાવ્યું હતું કે, અમે આઠ દિવસમાં સૂચનો અને વાંધાઓને ધ્યાનમાં રાખીને નિયમોને અંતિમ સ્વરૂપ આપીશું, ત્યારબાદ ડ્રાફ્ટ સહકાર વિભાગના મુખ્ય સચિવ પાસે જશે. કાયદા અને ન્યાયતંત્ર વિભાગ દ્વારા નિયમોની ચકાસણી કર્યા પછી, તેમને સૂચિત કરવામાં આવશે.

# પારસી મરણ

બેપ્સી બાલીવાળા તે મરહુમ બહાદુર બાલીવાળાના વિધવા. તે મરહુમો માહતાબ તથા જમશેદજી વજીફદારના દીકરી. તે શાહરૂખ બાલીવાલાના કાકી. (ઉં.વ.૭૯) રે. ઠે. ૮૪-જી, દસ્તુરવાડી, નાયગામ એક્સ રોડ, દાદર પૂર્વ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૬-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે દાદર મધ્યે નારીયેલવાલા અગિયારીમાં.

જહાંગીર મીનોચહેર ઉનવાલા તે મરહુમ ઝરીન જે. ઉનવાલાના ખાવીંદ. તે મરહુમો ઝરીન તથા મીનોચહેરના દીકરા. તે હોશંગના પપ્પા. તે ખુશનુમાના સસરા. તે અદીના ભાઇ. તે તહોનીશ ને તનીશાના બપાવા. (ઉં. વ. ૭૮) રે. ઠે. સી-૫, કેપ્ટન કોલોની, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૬-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધ્યે શેઠના અગિયારીમાં.

# હિન્દુ મરણ

મંજુલાબેન શાહ, (ઉં. વ. ૯૩) તે સ્વ. જયંતીલાલ પ્રાણજીવનદાસ શાહના પત્ની ૨૧/૬/૨૫, શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. કેતન, પરેશના માતૃશ્રી. જયના, પ્રીતિના સાસુ. સ્વ. બિપિનભાઈ, સુરેશભાઈ શેઠના મોટા બહેન. સ્વ. મંજુલાબેન (ભીખીબેન), સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. સુશીલાબેનના નાના બહેન. સ્વ. રણજીતલાલ પ્રા. મર્ચન્ટના ભાભી. પ્રાર્થનાસભા સોમવાર ૨૩/૬/૨૫ મોનિકા હોલ, દફતરી રોડ, એચડીએફસી,બેંક પાસે, મલાડ પૂર્વ ખાતે ૫થી ૭.

**ક્ષત્રિય**

હડમતિયા જંકશન હાલ દહીંસર નિવાસી હરીશચંદસિંહ વિજયસિંહ જાડેજા (ઉં. વ. ૮૪) તે તા. ૨૦-૬-૨૫ના રોજ દેવલોક વાસી થયા છે. તે સ્વ. આનંદબાના પતિ. તે કિશોરસિંહ, અજયસિંહ અને મનીષાબાના પિતાશ્રી. તે અનસુયાબા, ધારણીબા અને દિલીપસિંહજીના સસરા. તે વરુણસિંહ કપીલસિંહના દાદા. તે ડીજેસસિંહ ભાગ્યશ્રીબાના નાના. પ્રાર્થનાસભા તા. ૨૩-૬-૨૫ના વૈશાલીનગર વેલ્ફેર સેન્ટર, વૈશાલીનગર, એસ. પી. રોડ, રામેશ્વર મંદિરની બાજુમાં, દહીંસર (પૂર્વ), સાંજે ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શીવજી નરશી દૈયાના પુત્ર કાંતિલાલ (ઉં. વ. ૮૬) ગામ ભુજ હાલ મુલુંડ મુંબઇ સ્વ. દેવમણીબેનના પતિ. કુ. અલકા, કુ. ઊર્વશી, સ્વ. વિપુલના પિતાશ્રી. સ્વ. નારાણદાસ દામજી બાવડ ગામ નખત્રાણા હાલ ઘાટકોપરના નાના જમાઇ. સ્વ. તુલસીદાસ, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. પ્રવિણ તથા જીતુભાઇના ગં. સ્વ. મંગળાબેન મથુરાદાસ માણેકના બનેવી તા. ૨૧-૬-૨૫ શનિવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

ગામ ચલાલા હાલ મુંબઇ ઘાટકોપર સ્વ. મુનીકુમાર નાનાલાલ રાવલના ધર્મપત્ની ગં. સ્વ. હસુમતી મુનીકુમાર રાવલ (ઉં. વ. ૯૧) તા. ૧૯-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે નીલમ, રૂપા, વિભાના માતુશ્રી. ઉપેન્દ્ર તથા સ્વ. ભુપતના સાસુજી. ચી. મિહીર, સમીર, આકાશના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેવાડા સુથાર**

સબલપુર નિવાસી હાલ દહિસર સ્વ. કિર્તીકુમાર અંબાલાલ મિસ્ત્રી (ઉં. વ. ૪૮) તે અંબાલાલ કાલિદાસ મિસ્ત્રી તથા ભીખીબેનના પુત્ર. રોશનીબેનના પતિ. નીરવના પિતા. ચંદ્રકાન્તભાઈ, છાયાબેનના ભાઈ. ગોરધનદાસ સુથારના જમાઈ તે ૨૦/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ૨૦/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૩/૬/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે સ્વામિનારાયણ હોલ, ડાયમોડા તન્વી કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપ નજીક, એસ વિ રોડ, દહિસર ઈસ્ટ.

**લુહાર સુથાર**

મૂળગામ છાપરી હાલ બોરીવલી કાંતિભાઈ જીવનભાઈ ઉમરાળીયા (ઉં. વ. ૭૪) તે ૧૯/૬/૨૫ના દેવલોક પામેલ છે. તે જયાબેનના પતિ. સ્વ. બચુભાઈ, ધીરુભાઈ, બાબુભાઇ, લાભુબેન, સવિતાબેન, ગૌરીબેન, મંજુબેનના ભાઈ. ખોડાભાઈના બનેવી, રમેશભાઈ, અતુલભાઈ, સુનિલભાઈ, વિજયભાઈ તથા ધર્મેશભાઈના કાકા. પ્રાર્થનાસભા ૨૩/૬/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

ખડકાડાવાળા હાલ, કાંદિવલી, સ્વ. તારાબેન રતિલાલ મેહતાના સુપુત્ર હરેશ મેહતા (ઉં. વ. ૭૨) ૨૧.૦૬.૨૫ના શ્રીજીચરણ પામયા છે. તે ઉષાબેનના પતિ. અ.સૌ. વિજલ રિતેશ કાનકિયા અને મુંજાલના પિતાશ્રી. અ.સૌ. નિલોફરના સસરા. સસરાપક્ષ ચલાલા વાલા, સ્વ. બાલુભાઈ ત્રીભુવનદાસ પારેખના જમાઈ. સર્વપક્ષ ની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૩.૦૬.૨૫, ૫ થી ૭. ઠે. ઠઠાઈ ભાટીયા હોલ નં. ૫, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

જોશી બ્રહ્મસ્પતિ ઉર્ફે ચત્રભુજ કરુણાશંકર સોનપાર (ઉં. વ. ૯૦) તા. ૨૧-૬-૨૫ના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. રમીલાબેનના પતિ. તે ક્રિષ્ણા અને પરેશના પિતાજી. અ. સૌ. ગીતાબેન અને રોનક જોબનપુત્રાના સસરા. તે સ્વ. દમયંતિબેન, ગોદાવરીબેન અને સ્વ. વિઠ્ઠલદાસ કરુણાશંકરના નાનાભાઇ. તે સ્વ. શાંતાબેન સુંદરજી રાડિયા નારાયણ સરોવરવાળાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૩-૬-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. સારસ્વતવાડી ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)માં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ભાયંદર સ્વ. હરીલાલ ત્રિભોવનદાસ પારેખનાં જેષ્ઠ પુત્ર દિલીપભાઇ તા. ૧૮-૬-૨૫ના બુધવારે અવસાન થયેલ છે. તે જસવંતભાઇ, જયંતીભાઇ, મનસુખભાઇ, ભૂપતભાઇ. અ. સૌ. નિલમબેન લલિતકુમાર મહેતા તથા અ. સૌ. ઇન્દિરાબેન અરવિંદકુમાર મહેતાના મોટાભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે. ઠે. એ-૬૦૨, શંખેશ્વર ટાવર, પદમાવતી, ૧૫૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ).


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ધર્મતેજ

## મનન

# શરીર : મંદિર કે જેલ કે પછી...

હેમંત વાળા
feedback@bombaysamachar.com



સૃષ્ટિ માટે - બ્રહ્માંડ માટે જેટલી ભ્રમણા પ્રવર્તમાન છે તેટલી જ ભ્રમણા શરીર માટે છે. યથા પિંડે તથા બ્રહ્માંડે આ બાબત દરેક પરિપ્રેક્ષ્યમાં લાગુ પડતી જણાય છે.

બ્રહ્માંડ સૃષ્ટિનું એક શ્રેષ્ઠ સર્જન છે તો માનવીના શરીર માટે પણ તેમ કહેવાય. શરીરમાં અને તેવી જ રીતે બ્રહ્માંડમાં પણ બંધનનાં કારણો છે અને અહીં જ મુક્તિ માટેનો માર્ગ પ્રત્યક્ષ થઈ શકે છે. શરીરમાં અને બ્રહ્માંડમાં સંભાવનાઓ અપાર છે, આ બંને અસ્તિત્વનો અનેકવિધ ઉપયોગ શક્ય છે. શરીર જેમ વિકાસ પામે છે અને પછી એક સમયે મૃત્યુને વશ થાય છે તેવી જ રીતે બ્રહ્માંડનો ઉદય અને પ્રલય થતો રહ્યો છે. શરીર તેમજ બ્રહ્માંડ બંનેની ઉત્પત્તિમાં પ્રકૃતિનો હાથ છે. શરીર તેમજ બ્રહ્માંડના અસ્તિત્વ માટે પુરુષનું ચૈતન્ય અને પ્રકૃતિનું અસ્તિત્વ જવાબદાર છે.

શરીરમાં અનેક પ્રકારની સિસ્ટમ કાર્યરત હોય છે, એ દરેક પોતાના કાર્યક્ષેત્રમાં યથાર્થ છે, એ બધી સિસ્ટમ પરસ્પર સંકલનથી કાર્યરત હોય છે, તે દરેકને કારણે ખાસ પ્રકારનું પરિણામ મળે છે અને સમગ્રતામાં તે એક વિશેષ પરિણામ આપે છે. આવું જ બ્રહ્માંડમાં થઈ રહ્યું છે. શરીરની દરેક સિસ્ટમ ત્યાં સુધી જે કાર્યરત થાય જ્યાં સુધી શરીરની અંદર આત્માની હાજરી હોય. તે જ તર્ક પ્રમાણે એમ કહી શકાય કે બ્રહ્માંડમાં પણ કોઈક આત્માની હાજરી હોવી જોઈએ. બ્રહ્માંડ વિશાળ હોવાથી તે આત્મા વિશાળ હોવાની - પરમ હોવાની પરીકલ્પના કરવામાં આવે તે સ્વાભાવિક છે. બ્રહ્માંડ અને શરીરમાં માત્ર પ્રમાણમાપનો ફેર એમ માનવા મન પ્રેરાય છે - અને તેવું જ આત્મા તેમજ પરમાત્મા માટે કહેવાય.

હવે પ્રશ્ન એ થાય કે જે શરીરની અંદર આત્મા રહે છે તે શરીર આત્માનું ઘર છે કે આત્મા માટેની જેલ છે. એ તો સ્વાભાવિક છે કે જો સ્વેચ્છાએ અમુક સ્થાને રહેવાનું સ્વીકારવામાં આવ્યું હોય તો તે ઘર બને અને જો ત્યાં રહેવા માટે જબરજસ્તી હોય તો તે જેલ બને. તો પછી પ્રશ્ન એ થાય કે આત્માએ ઈચ્છાથી આ શરીર ને રહેઠાણ તરીકે સ્વીકાર્યું છે કે સંજોગને આધારે આ શરીરમાં તેણે રહેવું પડે છે. અહીં સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા થોડી સમજવી જરૂરી છે.

અનાદી તત્ત્વ કણ છે કે બ્રહ્મ તે ચર્ચાનો વિષય છે. તે ચર્ચાને એકવાર બાજુમાં રાખીએ અને સીધા જ બીજા ડગલાથી શરૂઆત કરીએ તો એમ કહેવાય કે તે ડગલે કણ અને ચૈતન્ય પરસ્પરના સહારે, પરસ્પરને કારણે તથા પરસ્પરના હેતુને સાર્થક કરવા કાર્યરત થયા. બંનેના સહ અસ્તિત્વને કારણે સવિકલ્પ સંકલ્પોની શૃંખલા શરૂ થઈ. આવા એક પ્રકારના સંકલ્પ-સમૂહની પૂર્તિતા માટે શારીરિક - ભૌતિક અસ્તિત્વની જરૂરિયાત ઊભી થઈ હશે. જેને પરિણામે બ્રહ્માંડની રચના ઉદભવી હશે. બ્રહ્માંડની રચનામાં શરીર ક્યારે અસ્તિત્વમાં આવ્યું તે બાબતે હું વ્યક્તિગત રીતે, હજુ સુધી કોઈ નિર્ણય કરી શકતો નથી. પણ શરીરની ઉત્પત્તિ બ્રહ્માંડના સર્જન પછી જ થઈ હોવી જોઈએ. બ્રહ્માંડ અને શરીર એક સાથે અસ્તિત્વમાં આવવાની સંભાવના જણાતી નથી.

સર્જનના કોઈક તબક્કે ચૈતન્યને - આત્માને જે તે સંકલ્પ પૂરા કરવા માટે શરીરની જરૂરિયાત જણાઈ હશે. તેમ થતાં શરીરની પરીકલ્પના કરી આત્માએ તેમાં પ્રવેશ કર્યો હશે. આ તબક્કે શરીર આત્માનું ઘર બની રહ્યું હશે. અહીં સુધી એમ કહી શકાય કે શરીર એ આત્માનું ઘર છે. સમય જતાં, સવિકલ્પ સંકલ્પોની માત્રા અને સાથે સાથે આવા સંકલ્પોની તીવ્રતા પણ જેમ જેમ વધતી ગઈ હશે તેમ તેમ આત્મા અર્થાત ચૈતન્યનો પ્રભાવ ઓછો થતો ગયો હશે. આ પ્રક્રિયામાં, અસ્તિત્વની ઉત્ક્રાંતિમાં શરીર કેન્દ્રસ્થાને આવતું ગયું હશે. ચૈતન્યની શરીર સાથેની અતૂટ તાદાત્મ્યતા ને કારણે સમયાંતરે શરીર આત્મા માટે બંધનકારક બની રહ્યું હશે - શરીર હવે ઘરના સ્થાને જેલ બની ગયું.

ચૈતન્યનો પ્રભાવ ઘટતાં, ચૈતન્ય ને તેની અનુભૂતિ થઈ જ હશે અને ચૈતન્યએ પ્રક્રિયા સાથે ક્યાંક અણગમો તેમજ વિરોધ દર્શાવ્યો જ હશે. આત્માની પ્રકૃતિ બંધનયુક્ત, સીમિત, પરતંત્ર, લિપ્ત અને લાચાર સ્થિતિમાં રહેવાની નથી. તેથી જ શરીરથી મુક્તિ માટેનો તેનો પ્રયાસ વ્યાજબી છે.

સામાન્ય વ્યવહારમાં એમ જણાય છે કે વ્યક્તિ જે રસ્તેથી આગળ વધી હોય તે જ રસ્તેથી પરત ફરવું વધારે અનુકૂળ રહે. આગળ વધતી વખતે પ્રવાસ દરમિયાન વ્યક્તિ માર્ગથી, માર્ગમાં રહેલી સંભાવનાઓથી તથા આ માર્ગમાં આવતા અવરોધો થી વાકેફ હોય. તેથી તે જ રસ્તેથી પરત આવવાની પ્રક્રિયા તેની માટે અનુકૂળ બની રહે. આત્મા માટે પણ આમ જ કહેવાય. જે જે કારણોસર, જે જે માર્ગથી, જે જે સાધનોના ઉપયોગ થકી શરીરનું બંધન લગભગ અતૂટ જણાતું હોય તે તે બાબતોથી વિપરીત કાર્ય કરવાથી પાછા મૂળ સ્થાને પહોંચી શકાય. આવા સંજોગોમાં શરીર એ માધ્યમ કે સાધન બની રહે.

પરત ફરવાની આ સમગ્ર પ્રક્રિયામાં શરીરનું શરીરપણું ઓછું થતું જાય. અસ્તિત્વ સાથે જોડાયેલી શરીરની બંધનકર્તા બાબતો હવે ક્ષીણ થતી જાય. શરીરની ભૌતિકતા સામે ચૈતન્યનું પ્રભુત્વ વધતું જાય. પરત ફરવાની પ્રક્રિયા જો દ્રઢતાથી, વિશ્વાસથી અને વ્યવસ્થિત રીતે ચાલુ રહે તો એક સમય એવો આવે કે શરીર હોવા છતાં તે સાવ ગૌણ બની રહે. તે તબક્કે શરીર મંદિર સમાન છે તેમ કહેવાય. તે શરીર સાથે સંલગ્ન આત્મા એ ઈશ્વર.

આ થઈ શરીરની ઘરથી મંદિર સુધીની યાત્રા, જેમાં જેલ તથા સાધન જેવા પડાવો આવે. અસ્તિત્વની જે સ્થિતિ પ્રવર્તમાન હોય તે સ્થિતિ પ્રમાણે શરીરનું અસ્તિત્વ હોય. જે તે સ્થિતિ પ્રમાણે શરીર નકારાત્મક પરિણામ પણ લાવી શકે અને હકારાત્મક પરિસ્થિતિ પણ સર્જી શકે. શરીર શું છે તે જે તે વ્યક્તિની સ્થિતિ પર આધાર રાખે. તે બંધન પણ છે અને પવિત્ર સ્થાન પણ છે, તે સાધન પણ છે અને પરિણામ પણ છે, તે કારણ પણ છે અને કાર્ય પણ છે. શરીર એક એવું અસ્તિત્વ છે કે જેમાં બધી જ સંભાવનાઓ ભરેલી છે. આવું જ બ્રહ્માંડ માટે પણ કહી શકાય. શરીર માટે જણાવાયેલાં બધાં જ સમીકરણો વિસ્તૃતતામાં બ્રહ્માંડને પણ લાગુ પડતા હશે તેમ માનવા મન પ્રેરાય છે.

શરીર દરેક પ્રકારના દ્વંદ્વનું સહ અસ્તિત્વ છે. શરીર દરેક પ્રકારની સંભાવનાઓનો મેળાવડો છે. શરીર દરેક પ્રકારની અનુભૂતિ થઈ શકે તેવું સાધન છે. શરીર મર્યાદિત ક્ષેત્રમાં આકાર લેતી વિસ્તૃત ઘટના છે. શરીર ઈચ્છા મુજબ ઉપયોગમાં લઈ શકાય તેવું અસ્તિત્વ છે.

સ્થૂળ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતું શરીર સૂક્ષ્મ અસ્તિત્વની પ્રત્યેક બાબતોને ઉજાગર કરવાનું - કાર્યરત કરવાનું માધ્યમ છે. નાશ પામતું શરીર, ફરીથી કાર્યરત થવા માટે પૂરેપૂરું સક્ષમ છે - અને આ માટે તે માત્ર સ્વરૂપ અને સ્થાન બદલે છે. શરીર સમજી શકાય તેવું ભેદી છે. મજાની વાત એ છે કે તેની જેટલી ક્ષમતા જણાય છે તેટલી જ તેની મર્યાદિતતા છે. તે જેટલું સુંદર લાગે છે તેટલું જ તે મલીન છે. સુખ અને દુઃખની અનુભૂતિના મૂળમાં પણ શરીર છે. સારા તેમજ ખરાબ કાર્ય માટે પણ શરીર એક માત્ર સાધન છે. એ વાત તો નક્કી છે કે શરીર એ બહુ જ જટિલ ઘટના છે.

## માનસ મંથન

# જેનો આદિ ને અંત કોઈ નથી પામી શક્યું તે ભગવાન જગન્નાથ છે



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



आदि अंत कोउ जासु न पावा।
मति अनुमानि निगम अस गावा।।

બાપ, ભગવાન જગન્નાથની આ પાવન ભૂમિમાં નવા વર્ષની પહેલી રામકથામાં આપ સૌનું સ્વાગત છે. અને આપ સૌને મારા પ્રણામ. ભગવાન જગન્નાથની મહત્ત કૃપાથી આજે આપણે અહીં રામકથા માટે એકત્રિત થયાં છીએ. એમની કૃપા ન હોય તો અહીં આવવું શક્ય ન બને. પૂરા જગતની તે રક્ષા કરે છે. ભારતની પૂર્વ દિશાના આ ધામમાંથી સત્સંગ દ્વારા ફરી કોઈ કિરણ ફૂટે, કોઈ નવો સૂરજ નીકળે જે વ્યક્તિના ચિદાકાશમાં, વ્યક્તિના અંતઃકરણમાં જનમ જનમથી જે અંધકાર છે તેમાંથી આપણને મુક્ત કરે.

આ પંક્તિઓ ‘રામચરિતમાનસ’માં ભગવાન શિવ પાર્વતીજી સમક્ષ બોલે છે. જેમાં મારી સમજ અનુસાર ભગવાન જગન્નાથજીનું સ્વરૂપ, સ્વભાવ, એમની ગતિ વગેરેનું એક ગુપ્ત વર્ણન પડ્યું છે. જગન્નાથ કેવા હોવા જોઈએ ? માણસ પોતાના ઘરનો નાથ પણ નથી બની શકતો. પોતાના સમાજનો નાથ બનવું પણ મુશ્કેલ છે. તો આ તો પૂરા વિશ્વનો નાથ છે! શિવજી ભવાનીને કહે છે કે ભવાની, જેને તમે દંડકવનમાં મનુષ્ય રૂપમાં જોયા હતા એ જ ભગવાને રામ અવતાર લીધો છે. મનુષ્ય રૂપમાં આવેલા એ ભગવાનનો આદિ અને અંત આજ સુધી કોઈ પામી નથી શક્યું અને અનંત કાળ સુધી કોઈ નહીં પામી શકે.

વેદોએ પણ પોતાની બુદ્ધિના અનુમાનથી થોડું કહ્યું કે ભગવાન આવા છે,આવા છે પણ અંતમાં તો નેતિ કહીને તે પણ રોકાઈ જાય છે.

કોનો આદિ અને અંત ન પામી શકાય? એવી કઈ ચીજ છે? જેનો કોઈ આદિ કે અંત નથી,આ તો બિલકુલ ગણિત જેવી વાત થઈ. જેનો કોઈ આદિ નહીં તેનો કોઈ અંત નહીં. અને જેનો કોઈ આરંભ નથી તેનું કોઈ વિસર્જન નથી. સીધું ગણિત છે. કોઈનો જન્મ થાય તો તેનું મૃત્યુ થાય છે. અહીંથી આપણે પણ નવ દિવસ પછી ચાલ્યા જશું. તો શાસ્ત્રીય બોલીમાં કહું તો એવો કયો પદાર્થ છે જેનો કોઈ આદિ-અંત નથી? એક ગામડાનો માણસ પણ કહી દેશે કે તે તો ફક્ત ભગવાન જ હોય ! એવું તત્ત્વ તો પરમાત્મા હોય, એ તો બ્રહ્મ હોય. ત્રણ પદાર્થ છે જેનો કોઈ આદિ નથી, અંત નથી.

હું તમારું ધ્યાન ચાહું છું મારાં ભાઈ-બહેનો. વિષય જરા કઠિન છે, ક્લિષ્ટ છે. સમજાવવા માટે અલગ છે, વસ્તુતઃતો એક જ તત્ત્વ છે. એક જ મીણમાંથી બનેલી ત્રણ મીણબત્તીઓ જેવી વાત છે. એક છે ઈશ્વર, બ્રહ્મ. હવે ઈશ્વર અને બ્રહ્મમાં પણ અર્થ કરવામાં ભેદ છે. પરંતુ ઈશ્વર,બ્રહ્મ,પરમાત્મા,ભગવાન આ બધાં તત્ત્વતઃએક જ છે. આ બ્રહ્મ તત્ત્વ એવું છે જેનો કોઈ આદિ કે અંત નથી. શ્વેતકેતુને ઉદ્દાલકે કહ્યું કે આ વૃક્ષનું ફળ છે તેને તોડ. તોડે છે. બોલે શું દેખાય છે? કહે તેમાં એક બીજ છે. ઉદ્દાલકે કહ્યું તે બીને તોડ. શું દેખાય છે? કહે કંઈ નથી દેખાતું. બીજનો આદિ અને અંત છે. ફળનો આદિ અને અંત છે. શાખાઓનો આદિ-અંત છે પરંતુ બીજને તોડતાં તોડતાં જે છેલ્લે નથી દેખાતું તે તત્ત્વ છે. માનો યા ન માનો, વૈજ્ઞાનિકોએ અણુ-પરમાણુની શોધ માટે છાંદોગ્ય ઉપનિષદની મદદ લીધી હશે. તોડતાં તોડતાં એક ક્ષણ એવી આવી કે શ્વેતકેતુએ કહ્યું કે હવે આમાં કંઈ નથી દેખાતું. ત્યારે કહ્યું કે જે કંઈ નથી દેખાતું તે તું છે. હું નહીં,તું તત્ત્વ. તું અને હુંનો ભેદ જ્યાં મટી જાય છે ત્યાં આ શ્રુતિ આવે છે. તોડતાં તોડતાં મતિ અનુમાન કરે છે. આંખો રોકાઈ જાય છે. ચિત્તનું ચિંતન પણ રોકાઈ જાય છે. કંઈ સમજમાં નથી આવતું અને પછી કહેવું પડે છે કે ‘કોઈ અદૃશ્ય’ છે ! જેમાંથી પૂરું વટવૃક્ષ થયું હતું તેનો આદિ-અંત છે પણ જે નથી દેખાતું તેને ઉપનિષદ બ્રહ્મ-પદાર્થ કહે છે. આપ તો સમજો છો,પરંતુ હું કેવળ મને સમજાવવા માટે બોલી રહ્યો છું. તો,એક છે બ્રહ્મ તત્ત્વ. જેને તમે પરમાત્મા કહો,ઈશ્વર કહો,ભગવાન કહો,ચાહે જે કહો તે. તેનો કોઈ આદિ કે અંત નથી.

બીજું જે તત્ત્વ છે જેનો કોઈ આદિ કે અંત નથી તે છે-સત્ય. સત્યનો કોઈ આદિ કે અંત નથી. સત્ય ક્યારે પેદા થયું? છે કોઈની પાસે તારીખ? આઇન્સ્ટાઇન ક્યારે જન્મ્યા તેની તારીખ મળે પણ એમણે જે સત્ય શોધ્યું તે સત્ય ક્યારે પેદા થયું તેની કોઈ તારીખ મળે ખરી? પતંજલિની જન્મ તારીખ મળે. કેટલાં વર્ષો પહેલાં એમણે કહ્યું હતું કે, सत्य प्रतिष्ठायाम क्रिया फलाश्रय। એમણે જે સત્યની ઘોષણા કરી તેની કોઈ તારીખ ન મળે ! સત્ય એક એવો પદાર્થ છે જેનો કોઈ આદિ કે અંત નથી. બ્રહ્મ જરા કઠિન પડે છે પણ આપણને સત્યનો તો અનુભવ છે જ. ભલે આપણે અસત્ય બોલીએ પણ અનુભવ તો છે જ. સત્ય કશુંક છે તેવું તો જાણીએ છીએ. દીપ્તિ મિશ્રનો એક શેર છે-

***કિસી કો ભી સચ કિ જરૂરત નહીં,***
***હમ હીં સીરફિરે હૈ કિ સચ બોલતે હૈ.***

કોને પડી છે સત્યની? તો,સત્યને કોઈ પ્રગટ કરે તેની તારીખ કદાચ મળે પણ સત્યનો કોઈ આદિ-અંત નથી. ગુરુત્વાકર્ષણનો નિયમ તો બહુ પહેલાથી હતો. બ્રહ્મ અને સત્ય આ બે નથી એક જ છે. ચાહે સત્યને પકડો કે બ્રહ્મને પકડો.

મહાકવિ જયદેવે ગીતગોવિંદમાં લખ્યું-અદ્ભુત લખ્યું અને આ દંતકથા નથી, હકીકત છે, જે તર્કોથી પકડાતી નથી, બાકી બનેલી ઘટના હિંદુસ્તાનની છે. ભગવાન જગન્નાથના મંદિરમાં માળીની પત્ની ફૂલ સેવા કરે. માલણ છે, ઠાકોરજીની ફૂલની માળા બનાવે છે. મહાકવિનું ગીત ગોવિંદ સાંભળીને,આ માલણને તૂટ્યું-ફૂટ્યું એક પદ એને યાદ રહી ગયું હતું. આખું ન આવડે,એક પદ આવડે તે એ ગાયા કરે. પછી માળા બનાવવા માટે ફૂલ ચૂંટે.

ઈતિહાસ એમ કહે છે કે એનું નાનકડું ખેતર હતું,એમાં રીંગણી રોપેલી. માલણ એ રીંગણા તોડે ત્યારે એ ગીત ગોવિંદનું એક માત્ર પદ,અને તે પણ અસ્પષ્ટ ગાયા કરે. ભારતવર્ષની કેટલી મહાનતા-એ માલણને ખબર નથી,પણ ભગવાન જગન્નાથ એ રીંગણીના ખેતરમાં એની પાછળ પાછળ ફર્યા કરે. આગળ માલણ,પાછળ જગન્નાથ ફરે. કોઈને ખબર નથી કે આ શું થઈ રહ્યું છે,કોઈને કલ્પના પણ નથી.

એક દિવસ ઉત્સવનો દિવસ છે. ઠાકોરજીને સુંદર વસ્ત્રો પરિધાન કરાવ્યા છે. શયન થયાં. બપોરનો વિશ્રામનો સમય,દ્વાર બંધ થયા. સાયંકાલે પૂજારીએ દ્વાર ખોલ્યાં ત્યારે જોયું કે આ વસ્ત્રો ફાટેલા છે. બહુ આશ્ચર્ય થયું, કે કોઈનો પ્રવેશ નથી ને આ વસ્ત્રો ફાટેલાં કેમ છે ? ભાગ્યશાળી પૂજારી પણ કે કથા એમ એમ કહે છે કે ભગવાન જગન્નાથને વાણી પ્રગટી અને એમણે કહ્યું કે, તે નવાં વસ્ત્રો પહેરાવેલાં, પણ પેલી સ્ત્રી (માલણ) ગીતગોવિંદનું એક પદ ગાયા કરે છે અને હું એની પાછળ દોડ્યા કરું છું. એ રીંગણીના ખેતરમાં, છોડના જે કાંટા હતા,તેમાં હું દોડ્યો, એણે મારાં વસ્ત્ર ફાડી નાખ્યાં છે.

જગન્નાથને એક માલણનું, ગીતગોવિંદનું એક પદ સાંભળવા, આમ પાછળ દોડવું પડે, એ પાપી હતા? જગન્નાથ રોગી હતા કે એને આ કરવું પડે ? ભગવાનને ગમે છે,કોઈ ભક્તનું ચરિત્ર જ્યારે ગવાય, ત્યારે કૃપાનિધિ બહુ હર્ષિત થાય છે અને ભક્તને ગમે છે, જ્યારે ભગવાનનું ચરિત્ર કોઈ ગાય.

- સંકલનઃ જયદેવ માંકડ ■

## અલૌકિક દર્શન

# પરમાત્મા સંકલ્પ દ્વારા બધું કરી શકે છે

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

૨. માનવચેતનાની વિકાસયાત્રામાં એક નવું સોપાન ઉમેરવા માટે અથવા કોઈ અણીના પ્રસંગે માનવજાતિને બચાવીને તેને કોઈ માર્ગ ચીંધવા માટે અવતાર આવે છે. અવતારનાં બહિરંગ કાર્યો કરતાં અવતાર આવીને માનવચેતનામાં જે તત્ત્વની સ્થાપના કરે છે તે વિશેષ મૂલ્યવાન છે.

૩. માનવશરીરમાં રહીને માનવીય સંજોગોમાં જીવતાંજીવતાં પરમાત્મામાં કેવી રીતે આરોહણ કરવું તેનું એક દૃષ્ટાંત અવતાર આપણી સમક્ષ રજૂ કરે છે. અવતારરૂપે પ્રભુ પોતે જ કૃપા કરીને પોતાના સુધી ચાલવાના માર્ગ પર પોતે જ ચાલી બતાવે છે.

૪. પોતાના ભક્તો અને સાધુપુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના નાશ માટે પણ પ્રભુ આવે છે.

‘परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।’

गीता : ४-८

‘સાધુપુરુષોના રક્ષણ માટે અને દુષ્ટોના વિનાશ માટે (હું અવતાર ધારણ કરું છું.)’

૫. અવતારના પ્રકારોઃ

પરમાત્મા તો એકમેવાદ્વિતીય છે. ભિન્નભિન્ન અવતારોમાં એક જ ભાગવત ચેતના કાર્યરત હોય છે. આ દૃષ્ટિએ જોઈએ તો અવતારના પ્રકારો ન પાડી શકાય. આમ છતાં અવતારમાં અભિવ્યક્તિની ભિન્નતા હોય છે. આમ હોવાથી અવતારનાં સ્વરૂપ, શક્તિ, કાર્યક્ષેત્ર આદિમાં ભિન્નતા જણાય છે. આ ભિન્નતાને દૃષ્ટિ સમક્ષ રાખીને અવતારોના પ્રકાર પાડી શકાય છે.

૧. પૂર્ણાવતાર કે લીલાવતારઃ

પરમાત્મા પોતાના પૂર્ણ સ્વરૂપે માનવદેહમાં અવતરે ત્યારે તે સ્વરૂપના અવતારને પૂર્ણાવતાર કે લીલાવતાર કહેવામાં આવે છે. ભગવાન નારાયણ, શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીચૈતન્ય, શ્રીરામકૃષ્ણ આદિ પૂર્ણાવતાર કે લીલાવતાર છે.

૨. અંશાવતારઃ પરમાત્મા પોતાના અમુક અંશથી અવતરે ત્યારે તે અંશાવતાર કહેવાય છે. દત્તાત્રેય આદિ અંશાવતાર ગણાય છે.

સૃષ્ટિનાં સર્જન તથા સંચાલન માટે પરમાત્મા પોતાના અંશથી જે સ્વરૂપો ધારણ કરે છે તે પણ અંશાવતાર ગણાય છે. બ્રહ્મા આદિ પરમાત્માના અંશાવતારો ગણાય છે.

૩. અંશાંશાવતાર :

સૃષ્ટિ સંચાલન માટે બ્રહ્માજીની સાથે મરીચ આદિ ઋષિઓ પણ હોય છે. તેઓ ભગવાનના અંશાંશાવતાર ગણાય છે.

૪. કલાવતાર :

પ્રત્યેક યુગમાં પરમાત્મા કોઈ વિશિષ્ટ કાર્ય માટે પોતાની અમુક કલાથી અવતરે છે, તે સ્વરૂપના અવતારને કલાવતાર કહેવામાં આવે છે. વ્યાસ, કપિલ આદિ કલાવતાર ગણાય છે.

૫. આવેશાવતાર :

કોઈ વિશિષ્ટ સંયોગોમાં, કોઈ વિશિષ્ટ કાર્ય સિદ્ધ કરવા માટે પરમાત્મા કોઈ સમર્થ પુરુષમાં અમુક નિશ્ચિત સમય માટે પોતાની ચેતના મૂકે છે. તે નિશ્ચિત સમય માટે તે પુરુષ પરમાત્માની ચેતના અને શક્તિથી યુક્ત થઈને તે મહાકાર્ય પૂરું કરે છે. તે સમયે તે પુરુષ પરમાત્માનો આવેશાવતાર ગણાય છે. ભગવાન પરશુરામ પરમાત્માનો આવેશાવતાર ગણાય છે. નિશ્ચિત સમયે તે કાર્ય પૂરું થયા પછી તેઓમાં અવતારી ચેતના કે શક્તિ રહેતી નથી. પછી તેઓ અવતાર તરીકે નહીં, ઋષિ તરીકે રહે છે.

૬. અવતાર વિષયક શંકાઓનું સમાધાન :

આધુનિક માનસ બુદ્ધિવાદી માનસ છે, તેથી આધુનિક માનસ માટે અવતારમાં શ્રદ્ધા મૂકવાનું કાર્ય મુશ્કેલ છે. આધુનિક માનસમાં અવતાર વિષયક અનેક શંકાઓ ઉપસ્થિત થાય છે. આમાંની મુખ્યમુખ્ય શંકાઓનું સમાધાન અહીં પ્રસ્તુત છે.

૧. પરમાત્મા સ્વયંસંપૂર્ણ છે. જે પૂર્ણ છે તેને માનવસ્વરૂપ ધારણ કરવાની શી જરૂર? પોતાની કઈ અપૂર્ણતા ભરવા માટે પરમાત્માને અવતાર ધારણ કરવો પડે છે? અને પૂર્ણ પરમાત્મા માનવ જેવું સામાન્ય સ્વરૂપ ધારણ કરે શા માટે?

પરમાત્મા માનવસ્વરૂપે અવતરે તેથી તેની પૂર્ણતામાં કોઈ બાધ આવતો નથી. પરમાત્મા પોતાની કોઈ અપૂર્ણતાની પૂર્તિ કરવા માટે માનવસ્વરૂપે અવતરે છે, તેવું નથી. વસ્તુતઃ અવતરણ પણ તેની પૂર્ણતાનું એક સ્વરૂપ છે, એક પાસું છે. પરમાત્મા અનંત છે. તેનાં અનંત પાસાં છે. અનંત પરમાત્માનાં અનંત પાસાંઓમાંનું અવતરણ પણ એક પાસું છે. જે પૂર્ણ હોય તે બધું જ હોઈ શકે, તો અવતાર શા માટે ન હોઈ શકે?

પરમાત્મા અનંતસ્વરૂપ છે. અવતાર પરમાત્માનું જ એક સ્વરૂપ છે. અવતાર ધારણ કરવો તે પૂર્ણ પરમાત્માની એક લીલા છે.

૨. પરમાત્મા સંકલ્પ દ્વારા બધું કરી શકે છે, તો તેને અવતાર ધારણ કરવાની શી જરૂર છે? અવતારરૂપે માનવ બનીને જે કાર્ય સિદ્ધ કરવું હોય તે કાર્ય પરમાત્મા માત્ર સંકલ્પથી સિદ્ધ ન કરી શકે?

અવતરમ પરમાત્માનું કર્તવ્ય કે બંધન નથી, પરંતુ પરમાત્માની સ્વતંત્રતા છે. પરમાત્મા સંકલ્પથી બધું કરી શકે છે, તેમ તે અવતરણનો સંકલ્પ પણ કરી શકે છે. પરમાત્મા કોઈ પણ સંકલ્પ કરવા સ્વતંત્ર છે, તો તે અવતરણનો સંકલ્પ શા માટે ન કરે? પરમાત્મા અવતાર ધારણ કર્યા વિના માત્ર સંકલ્પથી બધું કરવા સમર્થ છે, તેનો અર્થ એમ તો નહીં જ કે તેણે અવતાર ધારણ કરવો નહીં. પરમાત્મા સર્વ-કાંઈ કરવા સમર્થ છે, તેમ તે અવતાર ધારણ કરવા માટે પણ સમર્થ છે.

૩. પ્રભુને માનવસ્વરૂપે માનવો તે તેની નિંદા છે. જે અનંત છે તે લઘુક માનવી બનીને આવે તેમ માનવું મુશ્કેલ છે.

પરમાત્મા એટલો મહાન છે કે તે લઘુક માનવી પણ બની શકે છે. માનવસ્વરૂપે અવતાર ધારણ કરવો તે પરમાત્માની લઘુતા નથી, પરંતુ મહાનતા છે, અને લઘુતા હોય તો પણ તે લઘુતા શા માટે ધારણ ન કરે? પરમાત્મા સદાસર્વદા મહાન સ્વરૂપે રહેવા બંધાયેલા નથી. પરમાત્મા એટલા મહાન છે કે તેમને મહાનતાનું પણ બંધન નથી. પરમાત્મા એટલા મહાન છે કે તેમને લઘુ બનવામાં કોઈ સંકોચ નથી.

૪. શાસ્ત્રોમાં પરમાત્માને અજન્મા કહ્યા છે. અજન્મા પરમાત્માને માનવસ્વરૂપે જન્મ ધારણ કરનાર ગણવામાં શાસ્ત્રોક્ત સિદ્ધાંતનો વિરોધ આવે છે.

શાસ્ત્રોમાં એમ પણ કહ્યું છે કે પરમાત્મા પરસ્પર-વિરોધી ગુણોનું આશ્રયસ્થાન છે. તે પ્રમાણે પરમાત્મા અજન્મા હોવા છતાં જન્મ ધારણ કરે છે. પરમાત્મા અજન્મા છે તેનો અર્થ એમ છે કે પરમાત્મા અનાદિ છે. વસ્તુતઃ પરમાત્મા અવતાર તરીકે જન્મ ધારણ કરે તે પરમાત્માનો જન્મ નથી. પરમાત્મા તો અનાદિસ્વરૂપે છે. અવતારની ઘટનામાં પરમાત્મા માનવસ્વરૂપે અવતાર ધારણ કરે છે. તે પરમાત્માનો પરમાત્મા તરીકેનો જન્મ ન ગણાય, તે તો પરમાત્માનો માનવસ્વરૂપે જન્મ થયો ગણાય, તેથી અવતાર ધારણ કરતી વખતે પરમાત્મા માનવસ્વરૂપે જન્મ ધારણ કરે તે પરમાત્માનો જન્મ ન ગણાય અને તેનાથી પરમાત્માના અજન્મા-સ્વરૂપમાં કોઈ બાધા આવતી નથી, કોઈ વિરોધ આવતો નથી.

(ક્રમશઃ) ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@
bombaysamachar.com

# અમ્મર વરને વરીયા...



ગુજરાતી સંતસાહિત્યમાં રૂપકકાવ્ય પ્રકારનાં અનેક ભજનો મળી આવે છે, ધર્મ ભક્તિ અને અધ્યાત્મને સમજાવવા માટે રોજિંદા પરિચયમાં આવનારી વસ્તુ-બાબતોને દૃષ્ટાંત, ઉપમા કે રૂપક તરીકે સ્વીકારીને એના પર નાનકડું પદ સ્વરૂપનું ધોળ કે ભજન રચવાથી લોકસમુદાયમાં પોતાના ભક્તિ વૈરાગ્યને ખૂબ સહેલાઈથી પહોંચાડી શકાય એ વાત મધ્યકાળના દરેક સંત-ભક્ત-કવિએ ધ્યાનમાં ખી છે.

ભારતીય હિન્દુધર્મશાસ્ત્રોની પરંપરા મુજબ મનુષ્યજીવનના સોળ સંસ્કારોમાં જન્મ,વિવાહ અને મૃત્યુ એ ત્રણ સંસ્કારો માનવીના લૌકિક અને આધ્યાત્મિક બંને પ્રકારના જીવનઘડતરમાં ખૂબ જ મહત્ત્વના સંસ્કારો છે. સદ્‌ગુરુની પ્રાપ્તિ અને કૃપાને અધ્યાત્મક્ષેત્રમાં સાધકના નવજન્મ તરીકે ઓળખાવવામાં આવે છે, જ્યારે પરમતત્ત્વ સાથેના જોડાણને વિવાહ.. જૈન સાધુઓ દીક્ષા ધારણ કરે ત્યારે તેમણે સંયમશ્રી સાથે વિવાહ કર્યો એમ કહેવાય છે, એ પરંપરા ઘણા જૂના સમયથી આપણે ત્યાં ચાલી આવી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના જૈન-જૈનેતરકવિઓમાં ઘણા સંત-ભક્ત- વેદાન્તી કવિઓએ આ જાતના પ્રસંગોનું વર્ણન વિવાહ, સ્વયંવર, વેલી, મંગળ, વધાવો, વિવાહલુ, ચૂંદડી, પટોળી, માંડવો વગેરે નામે ઓળખાતી નાની મોટી અનેક રૂપક રચનાઓ દ્વારા કર્યું છે.

આવી રચનાઓ અત્યંત લોકપ્રિય થઈને કંઠસ્થ પરંપરામાં સચવાતી આવી છે. સંસારીઓને ધર્મ,ભક્તિ,અધ્યાત્મ,સાધના,શરણાગતિ અને ગુરુમહિમા સમજાવવા માટે તેમના જીવતરમાં અને સંસારજીવનમાં ખૂબ જ જાણીતાં હોય એવાં રૂપકો લઈને આપણા સંતકવિઓએ ભક્તિ પદારથની ઓળખાણ કરાવી છે. જેમાં આત્મા અને પરમાત્માના વ્યાપક શાશ્વત પ્રેમ સંબંધનું વેદાન્તી, જ્ઞાનમાર્ગી, યોગમાર્ગી કે ભક્તિમાર્ગી પરિભાષામાં આલેખન કરવામાં આવ્યું હોય એવી બે રચનાઓ અહીં પ્રસ્તુત છે. બંન્નેના સર્જકનું નામ રવિદાસ છે પણ બેઉ જુદા છે. પ્રથમ રચના છે ભરથ મોડ શિષ્ય રવિદાસ રચિત. જ્યારે બીજી રચના છે રવિભાણ સંપ્રદાયના સંતકવિ રવિસાહેબની .

(ધીરાની કાફીનો ઢંગ)

*ધણી મેં તો ધાર્યો રે ચોરાશીનો ફંદ ટળી,*
*એવા અમર વરને વરીયા રે , કોટે વરમાલ ધરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*પ્રીતમ વરની પીઠી ચોળી, સત સંગ કરું અસ્નાન ,*
*મનના મેલ તો ધોવાઈ ગયા, થયું રે પિયાજીનું જ્ઞાન,*
*એવા નટવર નેણે નીરખ્યા રે, મન મારું ગયું છે મળી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*શીલ સંતોષની ચૂંદડી ઓઢી,સેંથો વિવેક વિચાર ,*
*કરૂણાનો કાજળ સારીયો, તિતિક્ષા ટીલડી કપાલ,*
*મર્મના મોતી ઠાંસીયાં રે, પ્રભુ સાથે પ્રીત કરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*હેત તણો હૈયે હાર જ પેર્યો, કંચવો સુધર્મ કટાર,*
*નથ ધરી નીરમળ નામની, એવા શોભીતા શણગાર,*
*પિયુજી સાથે મળીયાં રે, હૈડા માંહે હેત ધરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*મરજાદા મારા નાથની, ઘાઘરો છે ઘન ઘોર,*
*આણંદ રૂપી અણવટ વીંછિયાં, અને ઝાંઝર જુગતીનાં પેર,*
*એવો સોહાગ શોભે રે, પિયા સાથે રેવું ઠરી...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*
*અખંડ ચૂડો અવિનાશી તણો, તે સુખ વર્ણવ્યું કેમ જાય ?*
*ભરથ મોડ ચરણે રવિદાસ બોલ્યા, ગુણ હરિ કેરા એમ ગાય ,*
*હવે એવા વરને વરીએ રે, પાછો ફેરો કદીએ નવ ફરીએ...*
*- એવો ધણી મેં તો ધાર્યો રે..૦*

રવિસાહેબે-‘ત્રણ ગુણ તોરણિયાં બંધાવું રે સાહેલી મોરી, બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો..’ - એ ખૂબ જ લોકપ્રિય થયેલા ભજનમાં આ જ ભાવને ઘૂંટ્યો છે. પરંપરાગત કંઠસ્થ સંતવાણીના જીવંત પ્રવાહમાં વહેતી આવેલી આ રચનાઓ આજે પણ પૂરા આદરભાવથી લોકભજનિકોમાં ગવાય છે.એના મર્મને જાણનારા ભજનિકો ભજનગાન વખતે ઘણીવાર આવાં રૂપકોનાં માર્મિક અર્થઘટનો કરીને ભક્તિ-વૈરાગ્યનું વાતાવરણ જમાવે છે.

*ત્રણ ગુણ તોરણિયાં બંધાવું રે સાહેલી મોરી,*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો..૦*
*ગુણ નામના ગણેશ બેસારીયા, પ્રેમની પીઠી ચોળાય,*
વરનું નામ છે અજર અમ્મર, ધમ્મળ મંગળ ગીતડાં ગવાય રે, સાહેલી મોરી..
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*નવ પાંચ સોળ મળીને જાનું સાબદી થાય,*
*ધીરજ નામના ઢોલ ધ્રુડક્યા, ખમૈયાની ખારેકું વેચાય રે, સાહેલી મોરી..*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*જાનું આવીને ઝાંપલે ભી, સુખમણા સંદેશા લઈને જાય,*
*ઈંગલા પિંગલા હાલી વરને વધાવવા, સતના ચોખલિયા ચોડાય રે, સાહેલી મોરી..*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*ચાર જુગની ચોરી રચી, ધીરજ નામની વરમાળ,*
*બ્રહ્મ બેઠા વેદ વાંચવા, કરણીનો કંસાર જમાય રે, સાહેલી મોરી..*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*
*ઈંગલા પિંગલા ને સુખમણા, તરવેણીમાં ભેળી થાય,*
*સરવે સંતોની દયા થકી, ગુણ એના રવિરામ ગાય રે, સાહેલી મોરી..*
*બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...૦*

આવી અનેક રચનાઓનું સંકલન આ લખનારના ‘શાં શાં રૂપ વખાણું સંતો’ પુસ્તકમાં ભજનોના વિવિધ પ્રકારોનો પરિચય કરાવતાં કરવામાં આવ્યું છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# નવજીવનનો ઉજાસ



ગત અંકમાં ‘માર્દવં’ને દૈવી ગુણોમાં સ્થાન આપીને હવે ભગવાન કૃષ્ણ ધૃતિને સમજાવી રહ્યા છે.

ધૃતિ એટલે ધૈર્ય. હા, જીવનમાં નિરાશાના સમય ફરી ઊભા કરી શકે એવો આ ધૃતિ ગુણ અતિ મહત્ત્વનો છે. તે નવજીવનની ચિંગારી પ્રકટાવી શકે.

રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તનું એક અપ્રતિમ ખંડકાવ્ય છે ‘નહુષ’. આ કાવ્યમાં રાજા નહુષનું ચરિત્ર- ચિત્રણ અત્યંત પ્રભાવક છે. ઇન્દ્રાસન પર બિરાજમાન મૂળ ધરતીના આ સમ્રાટે પોતાની ધર્મકીર્તિની પતાકા દશેય દિશામાં લહેરાવી હતી. પરન્તુ સ્વર્ગમાં પૂર્વ ઇન્દ્રની પત્ની શચી પર તે આસક્ત થયો. પણ શચી તેને ધિક્કારતી! આ બાજુ નહુષ તેને કોઈ રીતે છોડવા માગતો ન હતો. અંતે શચીએ એક યુક્તિ વાપરી. નહુષ પાસે ઋષિમુનીઓનો દ્રોહ કરાવી દીધો. ઋષિઓએ શાપ ફટકાર્યો. નહુષ ભાનમાં આવ્યો. તેણે પોતાની ભૂલ સ્વીકારી. તેનું પતન નિશ્ચિત હતું પણ અંતે તે નવજીવનની ચિન્ગારી પ્રગટાવે તેવું વાક્ય કહે છે-

**चलना है मुझे बस, अंत तक चलना ।**
**गिरना मुख्य नहीं है, मुख्य है संभलना ॥**
**फिर उठूँगा मैं, आगे बढूँगा मैं ।**
**नर हुँ, पुरुष हूँ, उपर चढूँगा मैं ॥**

કવિના શબ્દો આપણને પ્રેરણા આપે છે કે જીવનમાં ચડતી-પડતી આવવાની જ. તે અનિવાર્ય છે. પણ પડી ગયા પછી ઊભું થવું પણ અનિવાર્ય છે. પડી ગયા પછી ફરી ઊભા થવામાં પુરુષનો સાચો પુરુષાર્થ રહેલો છે. પડી રહેવામાં નહીં !

એક ભાઈનો સંતો પર અચાનક ફોન આવ્યો. ‘હેલો સ્વામી ફ્રી છો ? મળવા આવવું છે’. ‘આવોને ભાઈ.’ ફોન મુકાયો. એ સાંજે આવ્યા. મોં પર ‘હવાઈયા’ ઊડતી હતી. નૂર ઝંખવાઈ ગયું હતું. ઉદાસી આખા વ્યક્તિત્વમાં જાળની જેમ પથરાઈ પડી હતી. ‘કેમ દિનુ, આટલો બધો નંખાઈ ગયો છે? થયું છે શું?’

‘સ્વામી! મારી વાઈફે કેરોસીન છાંટી લીધું... ૬૦ ટકા બર્ન છે. હોસ્પિટલમાં છે અને જીવે કે મરે તે ભગવાનને ખબર !’ ગળે ડૂમો ભરાયો ને તેની આંખમાં વરાળ ઊકળવા લાગી. પૂછપરછ અને ઉત્કંઠા, જિજ્ઞાસા અને સાંત્વનના દોર પર વાત ખૂલતી ગઈ.

‘બળી જવાનું કારણ?’

‘મારો સાળો મારી વાઇફને તેનાં હકના ૧૫,૦૦૦ હજાર રૂપિયા આપવાનો હતો. ગલ્લાંતલ્લાં કરતો રહ્યો... અને છેવટે એક દિવસ ખખડાવીને કહી દીધું: ‘જા, તારા પૈસા નથી આપવાનો !’ અને ભાઈના ઘરે જ...’ બસ? ૩ વર્ષનો પુત્ર, હોનહાર પતિ, હરીભરી જિંદગી- બધાની કિંમત માત્ર ૧૫,૦૦૦ હજાર રૂપિયા જ છે?

કોરોસીનના ડબ્બાઓ, છત પરના પંખાઓ ને દોરડાઓ, શહેરનાં તળાવો ને રેલવેના પાટાઓ માણસની રાહ કેમ જુએ છે?

મારે ભણવામાં ઓછા ટકા આવ્યા, મને જીવવામાં શરમ આવે છે. હું કાંઈ કામનો નથી. મારે મરી જાવું છે!’ એક કિશોરે આગ્રહપૂર્વક કહેલું.

‘અને સ્વામી, સત્સંગી હોય ને આપઘાત કરે તો ભૂત થાય?’... એક એન્જિનિયર યુવાને આવો પ્રશ્ન કર્યો હતો.

શું જિંદગી પોપકોર્નની ખાલી થયેલી કોથળી જેવી હશે? કે કચરામાં નાખી દેવાય? છતાં કેમ આવું થાય છે? માણસ વહેલો મરવા કેમ ઝંખે છે? જીવવાની મજા કેમ નથી આવતી? અંતર સૂનું કેમ રહે છે? કારણ, દિશા વિના દોડે છે. દશા ઉપરનો રોષ છે. ક્ષુલ્લક ઉદ્દેશો માનવને મારે છે. ઊંચા ઉદ્દેશો તેને તારે છે. શરીરમાં લોહીની દિશા હૃદય તરફની હોય છે, એટલે શ્વાસ લેવાય છે. જીવનમાં ભાવનાની દિશા ભગવાન તરફ હોય તો જીવી જવાય છે. આનંદ અને શાંતિ, ખુમારી અને આત્મવિશ્વાસવાળું જીવન જ સાર્થક છે... શણગાર મઢ્યું છે...

ગુરુ શાસ્ત્રીજી મહારાજના જીવનમાં આવી ભાવના દૃઢ હતી. સારંગપુર મંદિરની વાડીમાં ભર ઉનાળામાં પાણી વાળતા હોય કે વરસતા વરસાદમાં ભક્તોને ત્યાં પધરામણી કરતા હોય ! બસ એક જ ભાવના ભગવાનની પ્રસન્નતા-પ્રાપ્તિ ! આ ભાવના જ તેમને કઠિન સંજોગોમાં પણ નવજીવનના ઉલ્લાસ તરફ પ્રેરતી. તેમના સાંનિધ્યમાં જે કોઈ આવે તેઓ પણ આ ઉજાસમાં પ્રદીપ્ત થઈ ઊઠતા, પછી ભલે તે ભારતના એક સમયના વડા પ્રધાન ગુલજારીલાલ નંદા હોય કે ગોંડલ નરેશ સર ભગવતસિંહજી બાપુ હોય !

જે લોકો ભગવાન માટે ‘ખપી જવા’ની મુરાદ દૃઢપણે રાખતા હોય તે જીવતા હોય છે પોતાની અલમસ્તાઈમાં ! રસતરબોળ જિંદગીમાં ! મૂંઝવણનાં કુંડાળામાં તેમનો પગ ક્યારેય પડતો નથી ! બાકી મોત તો સસ્તું છે દશ રૂપિયાની માંકડ મારવાની શીશીમાં પણ મોત મળે છે...હા, જિંદગી અઘરી છે, તે અંતરના પાતાળમાંથી ફોડવાનું અમીઝરણું છે... ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# આપણા ઉત્સવો હૈયાના મિલન સમા...



ભગવાન શંકર સ્મશાનમાં રહે છે.

- ગળામાં વિષધર નાગ અને શરીરે ભભૂતિ ચોળીને તેઓ આકરી તપશ્ચર્યા કરે છે.

- સ્મશાનમાં વસવાનું કારણ એ કે દરેક મનુષ્યે છેલ્લે સ્મશાનમાં જઈને માટીમાં મળી જવાનું છે.

- માણસ ચાહે હિન્દુ હોય કે મુસલમાન;

- શીખ હોય કે ઈસાઈ,

- સૌનો અંત સરખો છે; એ ભાવના વ્યક્ત કરવા એવી કલ્પના કરવામાં આવી કે શંકરજી સ્મશાનમાં વસે છે.

- દેશભરનાં શિવાલયોમાં શંકર ભગવાનની ઘીની પૂજા થાય છે.

* થીજાવેલા ઘીમાં વિવિધ પૌરાણિક પ્રસંગો અને ચિત્રો ઉપસાવીને તેની પૂજા થાય છે.

- ઘણા લોકો શ્રાવણ મહિનામાં ત્રીસેત્રીસ દિવસ એકટાણું કરે છે અને વાળ-દાઢી વધારે છે.

- શ્રાવણ માસમાં ઔર બે ખૂબ જ મોટા ઉત્સવો આવે છે. એક છે શ્રાવણ પૂનમ જેને આપણે સૌ રક્ષાબંધનના નામે ઓળખીએ છીએ. હિન્દુઓનો ઉત્સવ ગણાતો રક્ષાબંધન હવે લગભગ બધા મનાવે છે. ફિલ્મ ઉદ્યોગમાં તો એનું ખૂબ જ મહત્ત્વ છે. સ્વર-કિન્નરી લતા મંગેશકર અભિનય સમ્રાટ દિલીપકુમારને (જેઓ જન્મે અને ધર્મે મસ્લિમ છે તેને) રાખી બાંધે છે. મશહૂર વેમ્પ નાદિરા, રાજ કપૂર જીવતા હતા ત્યાં સુધી રાજ કપૂરને રાખી બાંધતી તો છેલ્લાં ૬૦-૬૫ વર્ષથી ફિલ્મો, ટેલિવિઝન પ્રોગ્રામ તથા સ્ટેજ કાર્યક્રમો કરતી તબસ્સુમ સંગીતકાર કલ્યાણજીભાઈ હયાત હતા ત્યાં સુધી રાખી બાંધતી. આમ રાખી હવે હિન્દુ-મુસ્લિમ ભાઈચારાનું પ્રતીક અને બધા લોકોનો ઉત્સવ બની રહી છે.

આ થયો શ્રાવણનો પ્રથમ પક્ષ (પહેલા પંદર દિવસ). પછીના પંદર દિવસમાં ઔર એક જાબરદસ્ત ઉત્સવ આવે છે. એ છે જન્માષ્ટમી. તમે જો કે. આસિફ સાહેબની મોગલે આઝમ ફિલ્મ જોઈ હશે તો તમને યાદ હશે કે સર્વ ધર્મ સમાનતામાં માનતા શહેનશાહ જલાલુદ્દીન અકબર પોતે પોતાના મહેલમાં કૃષ્ણજન્મ ઉજવાતા. ફિલ્મમાં અકબર બાદશાહ ચાંદીના પલનામાં બિરાજેલા બાળ કૃષ્ણને હિચકો નાખે છે ત્યારે અનારકલીનું ‘મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે’ એ દૃશ્ય આખી દુનિયામાં વખણાયું હતું.

સુજ્ઞ વાચક મિત્રો! જરા વિચારો, હિન્દુ- મુસ્લિમ એકતાનું આથી સુંદર દૃષ્ટાંત બીજું કયું હોઈ શકે?

પિતા આવે એની પાછળ પુત્ર પણ આવે ને! શ્રાવણમાં શંકર આવે તો ભાદરવામાં પિતાની પાછળ પાછળ પુત્ર ગણેશ આવે. ભાદરવા સુદ ચોથે ગણેશ ચતુર્થી આવે છે. જ્યારે વિઘ્નહર્તા ગણપતિની પૂજા થાય છે.

પિતા અને પુત્ર આવે પછી માતા શા માટે રહી જાય?

આસો માસના પહેલા દસ દિવસ એટલે માતાના ઉત્સવના દિવસ. આમ તો એને નવરાત્રિ કહે છે. નવરાત્રિમાં હવે તો છેક દુબઈ, મસ્કત, ઓમાન અને શારજાહ જેવા દુનિયાના અનેક દેશોમાં દાંડિયા રાસની રમઝટ બોલાય છે. લંડનમાં વેમ્બલી, હેરો અને લેસ્ટરમાં દાંડિયા રાસની જમાવટ થાય છે. અહીં અમેરિકાના ન્યૂ યોર્ક, ન્યૂજર્સી, એટલાંટા, શિકાગો જેવાં અનેક રાજ્યોમાં નવરાત્રિની ઉજવણી, માતાની પૂજા- હોમહવન અને રાસ ગરબા ઠેર ઠેર સાંભળવા મળે છે. જેમાં આ લખનારા પણ સહ કુટુંબ સામિલ થાય છે. આટઆટલી રાત સુધી આનંદ કર્યા પછી પણ ઘણા રાસરસિયાઓને સંતોષ થતો નથી એટલે ફરી પાંચેક દિવસના વિરામ પછી શરદ પૂનમની રાત્રે દાંડિયા રાસ અને લોકસાહિત્યના કાર્યક્રમો મુંબઈ, અમદાવાદ, રાજકોટ વગેરે દેશના રાજ્યોમાં આવેલ આયોજકોના સથવારે ઠેરઠેર યોજાય છે અને એ પછી તમામ ઉત્સવોની પટરાણી સમી દિવાળીની વાટ જોવાય છે.

આસો મહિનાના છેલ્લા પાંચ દિવસ એટલે દિપોત્સવ. જેને સામાન્ય માણસ દિવાળીના નામે ઓળખે છે. દેશના ખૂણે ખૂણે દિવાળી શાનદાર રીતે ઉજવાય છે. ઘેર ઘેર તોરણ બંધાય, સાથિયા પુરાય, મિષ્ટાન-પકવાન રંધાય, દીવા પ્રગટાવાય, નવાં વસ્ત્રોમાં સજ્જ થઈને લોકો એકમેકને મળે, લક્ષ્મીપૂજન કરે, ચોપડામાં નવું ખાતું (મિતિ) નાખે અને ઉત્સવની પરાકાષ્ટારૂપે આતશબાજી શરૂ થાય.

આ અગાઉ બધા ઉત્સવો અમુક ચોક્કસ વર્ગના લોકોના ગણાતા, પરંતુ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન અને એ પછી હવે તમામ જાતિ- કોમના લોકો લગભગ તમામ ઉત્સવો ઉજવે છે.

* આપણા ઉત્સવો હૈયાના મિલન સમાન;

* વિવિધ ફૂલોથી બનેલા ગુલદસ્તા સમાન આપણા મહાન ભારત દેશની આવી કોમી એકતાને નત્‌ મસ્તકે પ્રણામ- સલામ. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# સનાતન ધર્મમાં પાંચનો અંક અનેક પ્રતીકોનો પ્રતિનિધિ...

આપણે જ્યારે પાંચ આહુતિની વાત કરી ત્યારે સાથે સાથે સનાતન ધર્મમાં પાંચના અંક સાથે જોડાયેલી વિશેષતાઓ ઉપર નજર નાખવી પણ રસપ્રદ થઇ રહેશે. પાંચ આહુતિ એ પાંચ પ્રાણના પોષણની ભાવના બતાવે છે. શરીરની પાંચ ઇન્દ્રિયો પણ મહત્ત્વની છે. કર્મેન્દ્રિયો આંખ, નાક, કાન, મુખ, અને ત્વચા જે પાંચ જ્ઞાનેન્દ્રિયોનું પ્રતિનિધત્વ કરે છે, દ્રષ્ટિ, ગંધ, ધ્વનિ, સ્વાદ અને સ્પર્શ. સનાતન ધર્મમાં, પંચ એટલે કે ૫ નંબર પૂજા અને શુભ કાર્યોમાં શુકનવંતો માનવામાં આવે છે. પછી તે પાંચ મુખ્ય દેવતાઓ હોય, પંચગવ્ય હોય કે પંચોપચાર પૂજા. પાંચ નંબર શુભ અને મહત્ત્વપૂર્ણ છે. ચાલો જાણીએ કે પંચનું ધાર્મિક મહત્ત્વ શું છે.

હિન્દુ ધર્મમાં પંચદેવની પૂજાનું વિશેષ મહત્ત્વ છે અને પંચદેવની પૂજા વિના કોઈપણ શુભ કાર્ય અધૂરું માનવામાં આવે છે. પંચદેવોમાં, ભગવાન સૂર્ય આકાશ તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, શ્રી ગણેશ જળ તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, મા દુર્ગા અગ્નિ તત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, ભગવાન શિવ પૃથ્વી તત્વનું પ્રતિનિધિત્વ કરે છે અને ભગવાન વિષ્ણુ વાયુ તત્વનું પ્રતિનિધિત્વ કરે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, આ પાંચ દેવી-દેવતાઓની પૂજા કર્યા પછી જ કોઈપણ કાર્ય પૂર્ણ થાય છે.

પંચોપચાર પૂજા પદ્ધતિમાં, કોઈપણ દેવતાની પાંચ રીતે પૂજા થાય છે, જેમાં ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્યનો સમાવેશ થાય છે. આ પ્રકારે પૂજા કરવા માટે પાંચ પ્રકારની મુદ્રાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે આ મુદ્રામાં પૂજા કરવાથી દેવી-દેવતાઓ પૂજા સામગ્રીનો સ્વીકાર કરે છે. તેમાં પાંચ મુદ્રાઓ છે જેમ કે ગંધ મુદ્રા, પુષ્પ મુદ્રા, ધૂપ મુદ્રા, દીપ મુદ્રા અને નૈવેદ્ય મુદ્રાનો સમાવેશ થાય છે.

પૂજામાં પંચગવ્યનું પણ મહત્ત્વ છે. પંચગવ્યમાં પાંચ પ્રકારની ગાયો સાથે સંબંધિત પાંચ વસ્તુઓનો સમાવેશ થાય છે. જેમાં ભૂરા રંગની ગાયનું ગૌમૂત્ર (૮ ભાગ), લાલ ગાયનું છાણ (૧૬ ભાગ), સફેદ ગાયનું દૂધ (૧૨ ભાગ), કાળા ગાયના દૂધમાંથી બનેલું દહીં (૧૦ ભાગ) અને બે રંગની ગાયના ઘી (૮ ભાગ)ના મિશ્રણથી જે દ્રવ્ય તૈયાર થાય છે, તેને પંચગવ્ય કહેવામાં આવે છે.



પંચામૃત વિશે તો લગભગ બધાજ જાણતા હશે. પૂજામાં પંચામૃત અર્પણ કરવો આવશ્યક છે. પંચામૃત દૂધ, દહીં, ઘી, ગોળ અને મધ ભેળવીને તૈયાર કરવામાં આવે છે. પંચામૃતનું ઔષધીય મહત્ત્વ પણ ખૂબ છે.

લગભગ દરેક સનાતનીના ઘરમાં પંચાંગ મળી જ આવે. વાર-તહેવાર અને મુહૂર્ત-ચોઘડિયાં જોવા, અથવા વ્રત-ઉપવાસ કરવા દિવસો જાણવા પંચાંગનો આધાર લેવાય છે. જે પુસ્તકમાં માત્ર દિવસ અને તારીખ નહીં, પણ નક્ષત્ર, કરણ, દિવસ, તિથિ અને યોગ વગેરે પાંચ માહિતી હોય તેને પંચાંગ કહેવામાં આવે છે.

પૂજામાં, પંચ પલ્લવ એટલે કે પાંચ પવિત્ર અને ધાર્મિક વૃક્ષોના પાંદડા શુભ માનવામાં આવે છે. તેમાં પીપળો, આંબો, અશોક, ગુલર (ઉંબરો કે ઉમરડો) અને વડના પાંદડાનો સમાવેશ થાય છે. કોઈપણ વિધિમાં

ઘટ સ્થાપનની જે વિધિ થાય છે તેમાં પણ પાંચ પાન મુકાય છે. ઉપરાંત ઘટમાં પાન, સોપારી, હળદર, દુર્વા (અથવા તુલસીદલ) અને નાણું એમ પાંચ પદાર્થનો ઉપયોગ થાય છે!

ચમેલી, ગુલાબ, શમી, પદ્મ (કમળ) અને કરેણના ફૂલોને સામૂહિક રીતે પંચપુષ્પ કહેવામાં આવે છે.

કાજુ, બદામ, કિસમિસ, ખારેક અને કોપરું આ પાંચ પદાર્થો ધાર્મિક વિધિમાં પાંચ પકારના મેવા તરીકે ઓળખાય છે. કહેવાની જરૂર નથી, કે આ પાંચેય પદાર્થો ઔષધીય ગુણો ધરાવે છે.

દેવ પૂજામાં પત્ર, પુષ્પ અને ફળની સાથે દેવને સુગંધ પણ અર્પણ કરાય છે. આપણે ત્યાં મોટા ભાગે અત્તરની શીશી પૂજામાં મૂકી દઈએ એટલે કામ પૂરું. પણ આપણી વિધિઓનું ઊંડાણ સમજવું હોય તો પંચ ગંધ ઉત્તમ ઉદાહરણ છે. ગંધ કયા પ્રકારની હોય? ચૂર્ણાકૃત (ચૂર્ણ અથવા સામાન્ય ભાષામાં પાઉડરના રૂપમાં) જેમકે ચંદનનો પાઉડર, ઘૃષ્ટ અર્થાત ઘસીને તૈયાર કરેલ. જેવી રીતે મંદિરો અને દેરાસરોમાં ચંદન ઘસીને તૈયાર કરાય છે. દાહાકર્ષિત (અગ્નિથી ખેંચેલી) જે રીતે આપણે ધૂપ કરીએ છીએ. સંમર્દજ અર્થાત્‌ જેનો રસ નીચોવીને તૈયાર થયેલ હોય, જેમકે ફૂલોમાંથી બનાવેલા અત્તર અને પ્રાણ્યોગેદભવ અર્થાત્‌ પ્રાણીઓમાંથી ઉત્પન્ન થયેલી જેમકે કસ્તુરી. આ પંચ પ્રકારની ગંધથી પ્રભુ પૂજા થાય છે.

તો હવે જ્યારે તમે કોઈપણ પૂજન, હવન કરો ત્યારે જાણકારી યાદ રાખશો, તો સમજણ સાથે વિધિ કર્યાનો આનંદ પણ વધી જશે. ■

# વૃક્ષમાં પીપળો હું છું...

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



વિભૂતિ યોગમાં ઘણી વાતો કહેવાય છે. કેટલીક વાતો બુદ્ધિના સામાન્ય સ્તરથી ઉપરની ઘટના સમાન છે. છતાં પણ વિભૂતિ યોગની દરેક વાતને બુદ્ધિના ચોકઠામાં બેસાડવાનો પ્રયત્ન થાય છે. બુદ્ધિ એ જ માનવા તૈયાર થાય જે માનવા તે તૈયાર હોય. બુદ્ધિનો દરેક નિર્ણય તેણે માની લીધેલા સત્યને આધારિત હોય છે. જરૂર નથી કે આ આધાર વાસ્તવિક સત્ય હોય. માનવી બુદ્ધિના ક્ષેત્રની બહાર 'નજર' કરવાની ક્ષમતા ગુમાવી બેઠો છે, અને તેથી તેને તે ક્ષેત્રની અંદરની ઘટના જ સાચી યથાર્થ અને ઉપયોગી લાગે છે.

સમજવાની વાત એ છે કે બુદ્ધિના ક્ષેત્રની બહાર પણ એક વિસ્તાર છે. આ વિસ્તારને આપણે અગમ્ય વિસ્તાર કહીશું. અગમ્ય વિસ્તારમાં બુદ્ધિ સાથે ગમન થઈ શકતું નથી અને તેથી તે વિસ્તારમાં આકાર લેતી ઘટના અન્ય પરિપ્રેક્ષ્યથી જ સમજમાં આવી શકે. જેમ બુદ્ધિનો તર્ક હોય છે તેમ અગમ્ય વિસ્તાર માટે પણ ચોક્કસ પ્રકારનો તર્ક સ્થાપિત હોય છે. બુદ્ધિનાં ક્રમબદ્ધ વિચારની જેમ અગમ્ય વિસ્તારમાં પણ ચોક્કસ પ્રકારની વિચાર-ક્રમતાના આધારે નિષ્કર્ષ સુધી પહોંચી શકાય. જ્યારે અગમ્ય વિસ્તારની વાત થાય ત્યારે આ બધી જ બાબત જુદા સ્તરની હોય. અગમ્ય વિસ્તારમાં નિર્ણય લેવાની પ્રક્રિયાનો આધાર સાવ જ ભિન્ન હોય છે. અહીં ક્યાંક અનેક જન્મથી ચિત્તમાં એકત્રિત થયેલી ઘટનાઓને આધારે સ્થાપિત થયેલાં સત્યનું મહત્ત્વ રહે. અહીં પ્રત્યક્ષ ન થયેલ પરંતુ પરોક્ષ રીતે અનુભવાયેલ ઘટના પણ આધાર ગણાય. સમજણ સ્થાપિત કરવા અહીં ચૈતન્ય-શક્તિ સત્યને ઉજાગર કરી શકે. અહીં શાસ્ત્ર દ્વારા સ્થાપિત અવધારણા પર વિશ્વાસ મૂકવાની પરંપરા રહેલી છે. વૃક્ષમાં હું પીપળો છું તે વિધાન આ અગમ્ય વિસ્તારનાં પરિપ્રેક્ષ્યમાં આવે.

સનાતનની સંસ્કૃતિમાં અશ્વત્થ અર્થાત પીપળાના વૃક્ષનું આગવું મહત્ત્વ છે. તેને વૃક્ષોનો રાજા કહેવાય છે. વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણ સ્વયં કહે છે કે 'અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં', અર્થાત્, 'સર્વ વૃક્ષોમાં પીપળો હું છું.' એક માન્યતા મુજબ બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ એ ત્રણેય પીપળામાં વાસ કરે છે. પીપળો પવિત્ર છે અને તેની પૂજા કરવાથી પિતૃદોષ દૂર થાય છે, પિતૃ સંતૃપ્ત થતાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થઈ શકે.

પીપળાના વૃક્ષ સાથે કેટલીક વૈજ્ઞાનિક બાબતો પણ સંકળાયેલી છે. પીપળો એકમાત્ર એવું વૃક્ષ છે કે જે રાત્રે પણ પ્રાણવાયુ છોડે છે. પીપળાનાં છાલ, પાન, ટેટાંનો આયુર્વેદમાં પણ ઉપયોગ થાય છે. એમ કહેવાય છે કે પીપળાનો છાંયડો વધુ શીતળતા આપતો હોય છે. હવાને શુદ્ધ કરવા માટે પણ પીપળાની ભૂમિકા હોય છે. પરંતુ એ વાત માનવા મન તૈયાર નથી થતું કે વિભૂતિ યોગમાં પીપળાને એટલા માટે સ્થાન મળ્યું હશે કે તે ૨૪ કલાક પ્રાણવાયુ આપે છે. આવો તર્ક પછી વાસુકી સર્પ અને અનંત નાગ માટે પણ લાગુ પડે. અહીં તે પ્રકારના તર્ક માટેનો અવકાશ નથી. તેથી જ પીપળા માટે અગમ્ય વિસ્તારમાં જઈને વિચારવું પડે.

પીપળો કોન્ક્રીટની દીવાલ ફાડીને ઊગે. આ દીવાલમાં પોષક દ્રવ્યોનો સદંતર અભાવ હોવા છતાં પીપળો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકે. જ્યાં મળે ત્યાંથી, જે રીતે મળે તે રીતે, જેટલી માત્રામાં મળે તેટલી માત્રામાં અને જ્યારે મળે ત્યારે તે પોતાના અસ્તિત્વ માટેનાં પોષક દ્રવ્યો મેળવી જ લે. જીવવાની, અસ્તિત્વને ટકાવી રાખવાની, વિપરીત સંજોગોમાં પણ જીવનની શરૂઆત કરવાની અભૂતપૂર્વ ક્ષમતા પીપળામાં છે. સૌથી વિપરીત પરિસ્થિતિમાં જો કોઈ વૃક્ષ પોતાનું હર્યું-ભર્યું અસ્તિત્વ જાળવી શકવા સમર્થ હોય તો તે પીપળો છે. વળી તેમાં પ્રત્યેક વૃક્ષમાં સામાન્ય રીતે હોય છે તે બધાં જ અંગ પણ હોય છે. મર્યાદાને કારણે અહીં કશાની બાદબાકી નથી. વૃક્ષની પરિકલ્પનામાં સમાવિષ્ટ કરાયેલ કોઈપણ બાબતનો અભાવ પીપળામાં ન હોય. સાવ વિપરીત પરિસ્થિતિ વચ્ચે અસ્તિત્વમાં આવેલું તે સંપૂર્ણ વૃક્ષ છે. આમ પીપળા માટે જ કહી શકાય - પીપળો જ આ રીતે અસ્તિત્વને સાકાર કરી શકે.

પીપળાની જિજીવિશા અદ્ભુત છે. વિપરીત સંજોગોમાં પણ પોતાનાં સ્થાપિત કર્મ કરવાં માટેનું સામર્થ્ય તે કેળવી લે છે. કઠિન પરિસ્થિતિમાં પણ અસ્તિત્વની કોઈ પણ બાબત સાથે બાંધછોડ કરવાં તે તૈયાર નથી. પીપળો વિપરીત પરિસ્થિતિને પણ અનુકૂળ બનાવી અર્થપૂર્ણ અસ્તિત્વ જાળવી રાખે છે. એ સંપૂર્ણતામાં પોતાનું અસ્તિત્વ ચેરીશ કરવાં સમર્થ છે. તેથી સ્વાભાવિક રીતે પીપળો જ દિવ્ય શક્તિનું પ્રતિનિધિ બની શકે.

કોઈપણ પરિસ્થિતિમાં ઉદ્ભવવાની, ટકી રહેવાની, વિકાસ પામવાની અને અસ્તિત્વને માણવાની સંભાવના સૃષ્ટિનાં દરેક તત્ત્વ પાસે છે. પરંતુ કેટલાંક તત્ત્વ અકલ્પનીય કહી શકાય તેવી વિકટ પરિસ્થિતિમાં પણ અસ્તિત્વને અર્થપૂર્ણ બનાવી રાખે છે. સૃષ્ટિનો આ મૂળભૂત ધર્મ હોય તેમ જણાય છે. સૃષ્ટિની આ પ્રકૃતિ છે. વાસ્તવમાં સૃષ્ટિનું અસ્તિત્વ જ એટલાં માટે છે કે તે કોઈપણ સંજોગોમાં અસ્તિત્વ ટકાવી શકે છે. પોતાની રીતે પ્રત્યેક પરિસ્થિતિમાં અસ્તિત્વને ટકાવી રાખવા સમર્થ પરિબળોનો યોગ્ય રીતે, યોગ્ય માત્રામાં, યોગ્ય હેતુસર, યોગ્ય પરિણામ માટે, યોગ્ય સંયમ સાથે, વ્યયને નિયંત્રિત રાખીને, યથાર્થ સ્વરૂપે ઉપયોગ કરવો એ સૃષ્ટિનો સ્વભાવ છે. અશ્વત્થ સૃષ્ટિનાં આ સ્વભાવનું પ્રત્યક્ષ પ્રતિક સમાન છે. પીપળો સૃષ્ટિના સંચાલનના નિયમોના હાર્દ સમાન આ સિદ્ધાંતનું પ્રતિનિધિ છે.

વિભૂતિ યોગમાં જે તે પ્રજાતિમાં શ્રેષ્ઠ બાબતોનું નિર્દેશન કરાયું છે. કઈ બાબત શ્રેષ્ઠ છે તેનો નિર્ણય માત્ર સામાન્ય જન સમાજમાં માન્ય વૈજ્ઞાનિક બાબતોને આધારિત ન હોઈ શકે. ગીતાનું જેટલું ઊંડાણ છે, ગીતાનો જે વ્યાપ છે, ગીતામાં જે ગંભીરતા છે, ગીતામાં જે જે પ્રકારના સ્તર સ્થાપિત થયાં છે, ગીતાનું જે પ્રકારનું ઉત્તરદાયિત્વ છે, ગીતામાં જે સત્ય છે, ગીતામાં જે સમાજ પ્રત્યેની કટિબદ્ધતા પ્રતીત થાય છે, ગીતાનું જે તાત્પર્ય છે, ગીતામાં જે રીતે વેદ-ઉપનિષદ-સાંખ્ય-યોગનો સમન્વય કરાયો છે, બુદ્ધિ ઉપરાંતના ક્ષેત્ર માટે પણ ગીતાની જે સમાવેશિયતા છે; તે બધું જોઈને એમ તો કહી જ શકાય કે પીપળાની પસંદગી માત્ર ઓક્સિજન કે આયુર્વેદ માટેના હોઈ શકે. જો સૃષ્ટિની રચના સમજાવવા માટે ગીતામાં જ, જેનાં મૂળ ઉપર છે તેવાં પીપળાના વૃક્ષનું પ્રતીક વપરાયું હોય, તો પીપળો સામાન્ય બુદ્ધિની પહોંચના વિસ્તારની બહારની ઘટના છે તેમ ચોક્કસ કહી શકાય.

સૂક્ષ્મ વિશ્વમાં પીપળો અસ્તિત્વની પરંપરાનું પ્રતીક હોઈ શકે, જીવન પ્રત્યેની કટિબદ્ધતા માટે પીપળો એ સકારાત્મક ઉદાહરણ હોઈ શકે, દરેક પરિસ્થિતિમાં સફળતાથી જીવનને સાર્થક બનાવવાના અભિગમ માટે તે સંદેશો હોઈ શકે, વૃક્ષની ઉત્ક્રાંતિનું તે અંતિમ ચરણ હોઈ શકે, તેમાંથી નીકળતા તરંગો શુદ્ધતા તથા પવિત્રતા માટે સહકારી હોઈ શકે, અને કોઈ પ્રકારની સૂક્ષ્મ શક્તિનું તેને સાન્નિધ્ય પ્રાપ્ત હોઈ શકે. સૃષ્ટિના સમીકરણમાં પીપળો એ સામાન્ય ઘટના ન જ હોઈ શકે.

## પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

# સાધના-ઉપાસનાની અનુભૂતિનું રસાયણ ને ભગવત્પ્રાપ્તિનો ભાવ નિરૂપાયેલ છે

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



(૪) 'ઉન્મત્તગંગા માહાત્મ્ય' : પ્રેમસખી પ્રેમાનંદની સર્જક પ્રતિભાનું સુંદર ઉદાહરણ આ રચના છે. અહીં પાંચ-પાંચ કડીના કુલ અઢાર પદ છે. ગઢપુરના પાદરમાં વહેતી ઘેલો નદીને ઉન્મત્તગંગાનું બિરુદ આપીને એનો ભાગિરથ-ગંગા સાથે સંવાદ આલેખ્યો છે. અનેક પૌરાણિક પ્રસંગોને-સાંકળીને ઉન્મત્તગંગા નિત્ય શ્રીહરિ સ્નાન માટે પધારતા હોવા છતાં ગર્વિષ્ઠ નથી બની, સુવ્રત મુનિ મુખે પદમાં કથન દ્વારા ઉન્મત્તગંગાના દર્શન થકી પાતક નાશ પામે છે એમ પ્રેમાનંદે પદમાં સરિતા મહિમાને વણી લીધો છે. આજ સુધી અપ્રકાશિત પ્રસ્તુત રચના પણ હસ્તપ્રત આધારે જ્ઞાનજીવનદાસજીએ 'પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો' (૨૦૧૦) સંપાદિત કરી છે.

(૫) 'દુર્ગપુર માહાત્મ્ય' શ્રીહરિએ ગઢપુર-દુર્ગપુરને નિવાસ સ્થાનક તરીકે પસંદ કરીને એ સ્થળને મહિમાવંતુ કર્યું. અનેક પ્રકારના યુગકાર્યો, ઉપદેશો અને ગોપીનાથજીની સ્થાપનાને વર્ણવતું આઠ પદની શૃંખલાની આ ગેય રચના પ્રેમાનંદની પવિત્ર નગરની મહત્તા અને મહિમાને વર્ણવવાની કળાનો પરિચય કરાવે છે.

(૬) 'ગોપીનાથજીનો ગરબો' અદ્યપિ અપ્રકાશિત સુદીર્ઘ પદરચનાને કુંડળધામમાં સદગુરુ જ્ઞાનજીવનદાસજીએ હસ્તપ્રતને આધારે સંપાદિત કરીને પ્રકાશિત કરી છે. 'પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો'માં ૧૦૭ કડીની આ પદમાળામાં ગોપીનાથજીની સ્તુતિ અને એમનો રૂપ મહિમા કેન્દ્રમાં છે. પહેલું પદ ૪૭ કડીનું છે અને પ્રેમાનંદની નામછાપ સાથે પૂર્ણ થાય છે. બીજા પદમાં ૨૦મી કડીએ પ્રેમાનંદની નામછાપ છે પણ પદનો કડી ક્રમાંક સળંગ જાળવીને ૪૦મી કડીએ નામછાપ મૂકી છે, તે સાર્થ છે.

અખંડ બીરાજો એવા ઉરમે શ્રી ગોપીનાથ,
પ્રેમાનંદ માગે કરી પ્યાર રે જાદવરાય... ૪૦

ગોપીનાથજીના ગરબાનો પ્રારંભ પ્રથમ પદના 'વંદુ ગિરિધર ગોકુળચંદ ગોપીનાથજીરે' એવી ધ્રુવપંક્તિથી થયો છે. તો બીજા પદની ધ્રુવપંક્તિ

'પ્રગટ બિરાજો આજ ગઢડે ગોપીનાથ' એવી ચાલીસમી કડી સુધી સળંગ જળવાઈ છે. ગોપીનાથની સ્તુતિ ગરબા સ્વરૂપે પદબંધમાં કરી જણાય છે.

પૂર્વકાલીન અને તત્કાલીન પ્રસંગસામગ્રી પ્રગટાવતું સાહિત્ય...

કેટલાક પૂર્વ (પુરાણ)કાલીન કૃષ્ણલીલા પ્રસંગો અને કેટલાક તત્કાલીન (સ્વામિનારાયણકાલીન) પ્રસંગોની પદશૃંખલા પ્રેમસખીની સાહિત્ય સર્જનકળાનો આગવો ઉન્મેષ પ્રગટાવે છે. અલબત્ત એમની વિપુલ પદરાશિનો એ એક અંશ-ખંડ છે. પણ સ્વતંત્ર કાવ્યરચના જેવી મહત્તા અને મૂલ્યવત્તા ધરાવતી આવી કૃતિઓને અહીં વર્ગીકૃત કરીને અભ્યાસ કર્યો છે. અહીં પ્રારંભે પુરાણકાલીન પ્રસંગોને અનુલક્ષીને રચાયેલી બે કૃતિમાં અવલોકીએ, પછીની ચાર કૃતિઓ તત્કાલીન પ્રાસંગિક વિષય સામગ્રીવાળી હોઈને એને અવલોકવાનું રાખ્યું છે.

૧. 'રાસરમણલીલા'
૨. 'નારાયણલીલા'
૩. 'વનવિચરણલીલા'
૪. 'વટપતન લીલા'
૫. 'લોયાની લીલા'
૬. 'વડતાલ યાત્રાલીલા'

(૧) 'રાસરમણલીલા' સનાતન ધર્મમાં શ્રીમદ્ ભાગવતની 'રાસપંચાધ્યાયી'નો આગવો મહિમા છે. 'રાસપંચાધ્યાય'ના વૈષ્ણવ, પ્રણામી અને સ્વામિનારાયણીય સાંપ્રદાયિક અર્થઘટનનો મેં વિગતે અભ્યાસ કર્યો છે. અર્થઘટનથી જ તે સંપ્રદાયો અનોખું સાંપ્રદાયિક રૂપ ધારણ કરે છે. લગભગ બધા નંદકવિઓએ રાસરમણસૃષ્ટિને પદમાં ઢાળી છે. અને સહજાનંદીય રૂપને અભિવ્યક્તિ અર્પી છે. પ્રેમસખી નામ પ્રાપ્ત થયું આવા કૃષ્ણસખીરૂપ ગાનથી એમના 'રાસરમણસૃષ્ટિને પદમાં ઢાળી છે, અને સહજાનંદીય રૂપને અભિવ્યક્ત અર્પી છે. એમના 'રાસરમણલીલા'ના ત્રીશ પદો મારી દૃષ્ટિએ એકાંતિકભક્તિ ઉપાસનાના દ્યોતક છે.

વૈષ્ણવ અને પ્રણામી સંપ્રદાય પછીના આ રૂપની તાત્ત્વિક તત્ત્વદર્શનાત્મક ચર્ચા 'વચનામૃત' અને આવા સાંપ્રદાયિક કવિઓની પદશૃંખલાને અનુસંગે વિશેષ રૂપે કરવી-થવી જોઈએ. શ્રીકૃષ્ણના વૃંદાવનવિહારના રાસોત્સવને આલેખતી ત્રીસ પદોની શૃંખલા 'રાસરમણલીલા'માં પ્રેમસખીનું જયદેવના 'ગીતગોવિંદ'નું અધ્યયન, સહજાનંદીય સત્સંગરસસુધાપાન, સાધના-ઉપાસનાની અનુભૂતિનું રસાયણ અને ભગવત્પ્રાપ્તિનો ભાવ નિરૂપાયેલ છે. મને આ ત્રીસ પદો ભાવવિશ્વ, રાગ-રાગિણી, નૃત્ય-લટકા, અને અર્થાનુસારી પ્રાસ, અનુપ્રાસજન્ય લયવિશ્વને કારણે પણ આગવા જણાયા છે. એ રીતે 'રાસરમણલીલા' રાધાકૃષ્ણ ભક્તિ કવિતામાં મહત્ત્વની ગ્રંથરાશિ હોઈને એનો તાત્ત્વિક પીઠિકાની ષ્ટિએ વિશદ અભ્યાસ આવશ્યક છે.

(૨) 'નારાયણચરિત્રઃ 'નારાયણ લીલા'

પૂર્વકાલીન ચરિત્ર નારાયણનું છે. એનો આરંભ અમદાવાદમાં સહજાનંદ સ્વામીએ ભવ્ય મંદિરનું નિર્માણ કરાવીને એમાં નર-નારાયણની મૂર્તિ પ્રતિષ્ઠા કરી એ પદક્રમાંક ૧૦૦૮થી ૧૦૨૬ સુધીના ઓગણીશ પદોમાં નિરૂપાયેલ છે. પ્રારંભના આઠ પદ મંદિરની પ્રતિમા પ્રતિષ્ઠા સંદર્ભે છે. પછીના અગિયાર પદોમાં નારાયણ રૂપ શ્રીકૃષ્ણની શૈશવ અવસ્થાથી દ્વારિકાનિવાસી બની અષ્ટ પટરાણીને વર્યાની વિગત વર્ણવી છે. પછી નર રૂપ અર્જુનની મચ્છવેધ લીલાનું આલેખન કરેલ છે.

સહજાનંદ સ્વામી અને બદ્રીપતિ નારાયણ ઉભયનું ઐક્યરૂપ નિરૂપણ પ્રેમસખી ગાય છે. 'ભૂનો ભાર ઉતારવા.' આ જ નર-નારાયણદેવ બદ્રીપત અમદાવાદમાં બિરાજ્યા છે. અર્જુનના મચ્છવેધની વિગત 'હરિને શિશ નમાવી' અર્થાત્ નારાયણને વંદીને'.

'સહુ દેખંતા સાવધાન થઈ, દષ્ટ સુરત એક બાંધી રે;
મછ પ્રતિબિંબ જોઈ કુંડમાં, માર્યું બાણ તે સાંધી રે...'

'થોડામાં કહી દાખુ નરની લીલા અતિ નિષ્પાપ રે' પંક્તિમાંથી પ્રેમસખીની કથનકળાનો પરિચય મળી રહે છે. ૧૯ પદમાં સમગ્ર કથાનકને વણી લીધું હોઈને આ પદમાળાને હું મહત્ત્વની પુરાણ(પૂર્વ)કાલીન વિષયસામગ્રીને કલાત્મક રીતે કથતી-વર્ણવતી સ્વાયત્ત કૃતિ ગણું છું.

(૩) 'વનવિચરણ લીલા' : અગિયાર પદની ક્રમાંક ૬૭૯ થી ૬૮૮ પદમાળામાં પ્રેમસખી પ્રેમાનંદે શ્રીહરિ નીલકંઠવર્ણી રૂપે વનવિચરણ કર્યું તેની વિગતો અર્થાત્ તત્કાલીન સમયની સામગ્રી કેન્દ્રમાં રાખી છે. સહજાનંદસ્વામી જે નામાભિધાન બહુ મોડે પ્રાપ્ત થયેલું તેને પ્રત્યેક પંક્તિમાં ટેક તરીકે પ્રયોજેલ છે.

'વય વરસ અગ્યાર બાર, સહજાનંદ સ્વામી;
દેહે અતિકૃશ મોરાર, સહજાનંદ સ્વામી...૨
કરે કંદ મૂલનો આહાર, સહજાનંદ સ્વામી;
ક્યારે રહે વાયુ આધાર, સહજાનંદ સ્વામી...૩' (૬૮૨)

નાસિકાગ્રભાગે દૃષ્ટિ કેન્દ્રિત કરીને યોગાનિષ્ઠ અને તપસ્યારત નીલકંઠવર્ણી ક્યાં-ક્યાં ઘુમ્યા વનમાં વિચરણ કર્યું.

પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ દિશાની પ્રદક્ષિણા વિવિધ તીર્થક્ષેત્રોની વિહારની વિગતો અહીં આલેખી છે. એક સ્વતંત્ર કૃતિ તરીકેનો વનવિચરણ, તપસ્યા અને આહાર-વિહારની વિગતોને ગુંથી લઈને અગિયાર વર્ષની વયથી ગૃહત્યાગ કરીને આરંભેલું વનવિચરણ એ એમની તપસ્યા અને યોગવ્રત સાધનાનાં ઘટકો છે. લયાન્વિત પદાવલિ અને સતત સહજાનંદ સ્વામીનું અનુરણન રચનાને ગેયતા અર્પે છે.

(ક્રમશઃ) ■

# તારું કહેવું કેમ માની શકાય કે આ ગંગાજળ છે?

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



પ્રથમ કર્મ એટલે સંચિત કર્મઃ માનવે એક જન્મથી બીજા જન્મમાં અને બીજા જન્મમાંથી ત્રીજા જન્મમાં જમા કરેલાં કર્મ. જેનું ફળ અત્યારે મળવાનું નથી એ ક્યારેક ભવિષ્યમાં મળવાનું હશે તેને સંચિત કર્મ કહેવાય છે. દ્વિતીય કર્મ એટલે પ્રારબ્ધ કર્મઃ માનવે કરેલા કર્મના ફળ મળવા માંડયા હોય કે કર્મ પરિપક્વ થઈને ફળ દેવા તૈયાર થયા હોય એવા કર્મને પ્રારબ્ધ કર્મ કહેવાય છે. તૃતીય કર્મ એટલે ક્રિયમાણ (પુરુષાર્થ) કર્મઃ માનવ પોતાના વર્તમાન જીવનમાં જે જે કર્મ કરે તેને ક્રિયમાણ કે (પુરુષાર્થ) કર્મ કહેવાય છે. પુરુષાર્થ કર્મ ખૂબ નજીકના ભવિષ્યમાં ફળ આપતું હોય છે. સુકેશુના ઉપદેશને દૈત્યગણ તલ્લીનતાથી સાંભળી રહ્યો હતો. વિચાર કરવા એ પણ એક કર્મ છે, ચિંતન કરવું એ પણ એક કર્મ છે. મનુષ્ય પોતાનું ભાગ્ય પોતે જ લખે છે. તમારા જીવનમાં જો પારાવાર દુઃખ હોય તો તેનું સર્જન પણ તમે જ કર્યું હશે અને જો તમારા જીવનમાં રાજયોગ હશે તો તેનું સર્જન પણ તમે જ કર્યું હશે. પોતાના કર્મ જ સુખ કે દુઃખનું કારણ હોઈ શકે છે. પ્રત્યેક કર્મનું ફળ મોડું કે વહેલું મળતું જ હોય છે. સત્કર્મોનું ફળ સુખ છે તો દુઃષ્કર્મનું ફળ દુઃખ જ હોય છે. બેંકના એટીએમમાંથી એટલી જ રોકડ નીકળશે કે જેટલા તમારા ખાતામાં તમે રોકડા જમા કર્યાં હોય. જમા કરેલા પૈસાથી વધુ રોકડ રકમ નીકળતી નથી. તેમ સત્કર્મ દ્વારા મેળવેલું સુખ ત્યાં સુધી યથાવત રહે છે કે જ્યાં સુધી તમે દુઃષ્કર્મની શરૂઆત ન કરો. સુકેશુનો ઉપરોક્ત સંદેશ સાંભળ્યા બાદ અસુરો પણ સુકેશુ સાથે ભગવાન શિવની આરાધના કરવા લાગ્યા. અસુરોની સંયુક્ત આરાધનાથી ભગવાન શિવની સમાધી તૂટી ગઈ. વાત જાણ્યા બાદ ભગવાન શિવનું ત્રીજું લોચન ખૂલ્યું. તે નેત્રમાંથી ક્રોધની જ્વાળાઓ લપકવા લાગી. સૂર્ય પર ભગવાન શિવની નજર પડતાં જ સૂર્યની કાયા ધ્રૂજવા લાગી. ભગવાન શિવઃ 'હે સૂર્ય! તમે આટલા જ્ઞાની હોવા છતાં આવું આચરણ કઈ રીતે કરી શકો.' સૂર્યદેવ દ્વારા માફી મગાતા બ્રહ્માજીએ સુકેશુના ઢળતા નગરને પોતાના હાથથી ઊંચકી મૂળ સ્થાને આકાશમાં પહેલાની જેમ જ સ્થાપિત કરી દીધું. સૂર્ય દેવ પણ પોતાના સ્થાને વિચરવા લાગ્યા. પૃથ્વીનું જીવન પહેલાની જેમ જ પૂર્વવત્ બની ગઈ. સુકેશુનું નગર ભગવાન શિવની કૃપાથી ફરી આકાશમાં ઝળહળવા લાગ્યું.

***

મહાનંદા નામની એક વારાંગના જે શિવભક્ત હતી, એની ઉપાસના હિમાલયથી પણ મક્કમ હતી. આદ્યશક્તિ અંબા સહિત ભગવાન શિવનું પૂજન કરતી હતી. આ વરાંગનાએ કિંમતી વસ્ત્રાલંકાર પરિધાન કર્યા હોવા છતાં કંઠે રૂદ્રાક્ષની માળા અવશ્ય પહેરી હોય. 'ઓમ નમઃ શિવાય' પંચાક્ષર મંત્ર હંમેશાં રટતી જ રહેતી. તે ભગવાન શંકરના ગુણલા ગાતી અને ભક્તિપૂર્વક ભગવાન શિવને રિઝવવા નૃત્ય કરતી.

ગણિકા મહાનંદાને મન ભગવાન વિશ્વેશ્વર એટલે ભગવાન શિવ પતિત-પાવન અને અધમ ઉદ્ધારક હતા. આ અવતારના અવતારી એવા ભગવાન શિવ પરમ ઉપાસક હતા. સાચો વૈરાગ્ય આત્મભાનથી જ પ્રગટે છે. સાચા વૈરાગ્યના મૂળ વિના ત્યાગનો છોડ ટકી શકતો નથી. આથી જ ભગવાન શિવે કહ્યું છે કે,

'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના,
કરીએ કોટી ઉપાયજી,
અંતર ઊંડી ઇચ્છા રહે,
તે કેમ કરીને ન જાયજી.

મહાનંદા ગણિકા હતી, પણ તે બહુ જ ગુણિયલ અને જ્ઞાની હતી.

જ્ઞાન એ પુરૂષ છે તો જ્યારે ભક્તિ એ ભાર્યા છે. જ્ઞાનભક્તિ એ દંપતીના યોગે જો વૈરાગ્ય ન જન્મે તો એને વાંઝિયાનો યોગ થાય છે. ભગવાન શિવનો મહિમા અને યથાર્થ સ્વરૂપ આ વારાંગના જ્યારે જાણે છે ત્યારે તેનો ભોગવિલાસ અને મોહ આપોઆપ દૂર થાય છે.

આ વારાંગના સંગીત વિદ્યામાં પારંગત હતી. મહારાજાના મહેલમાં જે ધનવૈભવ હોય તેવો જ ધનવૈભવ એના મહેલમાં વારાંગનાનો હતો. આશ્ચર્યની વાત એ હતી કે આ ગણિકાએ એક માકડું અને કૂકડો પાળ્યો હતો. માકડાનો શણગાર પણ વિચિત્ર હતો. માકડાને રુદ્રાક્ષની માળા પહેરાવી હતી. એના બાજુબંધ પણ રુદ્રાક્ષના હતાં. આ માકડું નિર્દોષ બાળકની જેમ નૃત્ય કરવા લાગ્યું. સામે પક્ષે કૂકડાની કલગી પણ રુદ્રાક્ષની નાની માળાથી સુશોભિત હતી. કૂકડો માકડાની સાથે તાલબદ્ધ રીતે નૃત્ય કરતો.

એક સમયે ભગવાન શિવને મહાનંદાની કસોટી કરવાની ઇચ્છા થઈ. ભગવાન શિવ એક સંતમહાત્માનું રૂપ લઇ ત્યાં પહોંચ્યાં. તેમણે 'શિવો અહમ્'નું રટણ ચાલુ કર્યું. ઉઠતાં - બેસતાં - ખાતાં - પિતા 'શિવો અહમ્' જ બોલ્યાં કરે.

મહાનંદાઃ 'મહારાજ! આપ શિવ કેવી રીતે કહેવાઓ? શિવજી તો કૈલાસ ઉપર રહે છે, તેમના ગળામાં તો સાપ હોય છે, તેમના મસ્તકની જટામાંથી અવિરત ગંગા વહેતી હોય છે... પરંતુ આપની પાસે એમાંનું કશું ય નથી તો આપ શિવ કઈ રીતે બની ગયાં.

સંતમહાત્માઃ 'મને બહુ જ તૃષા લાગી છે, જો કૃપા કરીને તમે ગંગાજળ લાવી આપો તો હું જલપાન કર્યા બાદ તમારા પ્રશ્નનો જવાબ આપું.'

મહાનંદા તરત જ કમંડલ લઈ ગંગાજળ ભરી લાવી અને મહાત્માને આપ્યું.

સંતમહાત્માઃ 'ક્યાંથી લાવ્યા?'

મહાનંદાઃ 'ગંગાતીરે જઈને ગંગામાંથી પાણી લઈ આવી છું.'

સંતમહાત્માઃ 'તારું કહેવું કેમ માની શકાય કે આ ગંગાજળ છે?'

મહાનંદાઃ 'હું જાતે જ ભરી લાવી છું.'

સંતમહાત્માઃ 'એમ કેમ હું માનું, કારણ કે ગંગાજીમાં તો મોટાં મોટાં માછલાં છે, અન્ય જળચર પ્રાણીઓ છે, મોટી મોટી હોડીઓ ફરે છે, એ બધું આ જળમાં ક્યાં છે?'

મહાનંદાઃ 'મહારાજ તમે કેવી વાત કરો છો? આ ગંગાજળ જ છે, પેલા ગંગાજળની ઉપાધિ મોટી છે, એને મોટા બે વિશાળ કિનારા છે, તેમાં અગાધ જળ છે, એટલે એમાં તમે કહો છો તે બધું હોય, જ્યારે આપના આ કમંડળમાં ગંગાજળની ઉપાધિ નાની છે, તેથી તેમાં એ બધું ક્યાંથી હોય?'

સંતમહાત્માઃ 'હવે તમે બરાબર સમજ્યા કે મારામાં અને શિવમાં શો ફરક છે, અને એ રીતે તું જીવની ઉપાધિને તેમ જ ઈશ્વરની ઉપાધિને છોડી જે ચેતન છે તેને દેખે તો તે શિવ છે કે નહિં? તો પછી શરીરને લઈને 'શિવો અહમ્' ન બોલાય? બસ, તેનું જ નામ 'શિવો અહમ્' છે.'

મહાનંદા સમજી ગઈ તેણે ભગવાન શિવને નમસ્કાર કર્યા અને કૈલાસ ગમન કર્યું. થોડા સમય બાદ ભગવાન શિવને ફરી મહાનંદાની પરિક્ષા લેવાનો વિચાર આવ્યો. તેમણે ગણિકા મહાનંદાની પરિક્ષા લેવા 'વૈશ્ય'નું રૂપ ધારણ કર્યું. કંઠમાં રુદ્રાક્ષની માળા, મસ્તક પર જટા, શરીર પર ભસ્મનું લેપ અને 'ઓમ નમઃ શિવાય'નો જાપ ચાલુ રાખ્યો. ભગવાન શિવે અમૂલ્ય રત્નોજડિત દિવ્ય કંકણો કાંડા પર પહેર્યાં અને મહાનંદાને દ્વારે આવી ઊભા રહ્યાં.

મહાનંદાએ આવેલા વૈશ્યનું સ્વાગત કર્યું અને પૂછ્યુંઃ 'દેવ, તમે પહેરેલાં આ રત્નજડિત કંકણો ખૂબ જ સુંદર છે.'

ભગવાન શિવઃ 'મહાનંદા! આ મૂલ્યવાન કંકણો જો તમને પસંદ હોય તો રાખી લે, પરંતુ કંકણની કિંમત તો તારે ચૂકવવી જ પડશે.'

મહાનંદાઃ 'દેવ, હું કોઈ પવિત્રતા સ્ત્રી નથી. મારો વ્યવસાય તો ગણિકાનો છે. અમારું જીવન કેવું હોય તે તો તમે જાણો જ છો. આપ જો આ કિંમતી કંકણો મને આપશો તો હું ત્રણ રાત અને ત્રણ દિવસ તમારી અર્ધાંગના બનીને સતત તમારી સાથે વિહાર કરીશ.'

ભગવાન શિવઃ 'પરંતુ તારે પતિ-પત્ની તરીકે રહેવાની પ્રતિજ્ઞા સૂર્ય અને ચંદ્રની સાક્ષીએ લેવી પડશે અને આ પ્રકારે પ્રતિજ્ઞા લીધા બાદ મારા હૃદયને સ્પર્શ કરશે તો જ હું શરત સ્વીકારીશ.'

(ક્રમશઃ)■

# ગેરકાયદે બાંધકામોને બચાવવામાં પ્રશાસનના અધિકારીઓ જ વ્યસ્તઃ હાઈ કોર્ટ

મુંબઈઃ 'ગેરકાયદેસર બાંધકામો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા અને કાયદાનું પાલન કરવાને બદલે, વહીવટી અધિકારીઓ તેમને બચાવવામાં વ્યસ્ત છે. આપણી નજર સામે ગેરકાયદેસર ઇમારતો ઉભી થઈ રહી હોવા છતાં તેઓ કાર્યવાહી કરવાનું ટાળી રહ્યા છે,' એમ બોમ્બે હાઈ કોર્ટે ખૂબ જ ગંભીર નોંધ લઈને બે અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણીની અધ્યક્ષતાવાળી બેન્ચે તાજેતરમાં થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન હદ હેઠળના શીલ ગામમાં પરવાનગી વિના ૧૭ ઇમારતોના ગેરકાયદેસર બાંધકામની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો હતો. તપાસ બાદ દોષિત ઠરેલા મ્યુનિસિપલ અધિકારીઓ સામે સિવિલ અને ફોજદારી કાર્યવાહીના સ્પષ્ટ સંકેતો પણ આપ્યા હતા. આ પછી ન્યાયાધીશ અજય ગડકરી અને ન્યાયાધીશ કમલ ખાતાની બેન્ચે તાજેતરમાં વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન હદ હેઠળના દિવાનમાન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામના કેસમાં સંબંધિત અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાનો અને છ મહિનાની અંદર રિપોર્ટ દાખલ કરવાનો આદેશ આપ્યો છે. તે જ સમયે આ જ બેન્ચે રાયગઢ જિલ્લાના ઉરણ તાલુકાના ચાંજે ગામમાં છેલ્લા એક દાયકાથી ગેરકાયદેસર ઇમારતો સામે કાર્યવાહી ન કરવા બદલ સિડકો અધિકારીઓ સામે કાર્યવાહી કરવાનો પણ આદેશ આપ્યો છે.

ગેરકાયદેસર બાંધકામોને રોકવામાં અધિકારીઓની બેદરકારી પર હાઈકોર્ટે ભૂતકાળમાં ઘણી વખત સખત નારાજગી વ્યક્ત કરી છે, જ્યારે તે તેમની જવાબદારી છે. જોકે, હવે કોર્ટે ખૂબ જ કડક વલણ અપનાવ્યું છે.

૨૦૧૪ માં સિડકો અધિકારીઓએ સાતમી માર્ચે એમઆરટીપી કાયદા હેઠળ ડેવલપરને નોટિસ જારી કરી હતી. છતાં, તેઓએ એક દાયકા સુધી તોડી પાડવાની કાર્યવાહી કરવાનું ટાળ્યું હતું. પરિણામે આજે ત્યાં પાંચ ઇમારતોનું ગેરકાયદેસર સંકુલ ઊભું છે અને તેમાં મકાનો ખરીદીને ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે, એમ બેન્ચે ચાંજે ગામ કેસમાં તેના આદેશમાં નોંધ્યું હતું.

બોમ્બે હાઈ કોર્ટે ઉરણ તાલુકાના ચાંજે ગામમાં બાંધવામાં આવેલા ગેરકાયદેસર સંકુલમાં પાંચ ઇમારતો પર ચાર અઠવાડિયાની અંદર અને વસઈ તાલુકાના મૌજે દિવાનમાનમાં ગેરકાયદેસર ઇમારત પર ત્રણ અઠવાડિયાની અંદર તોડી પાડવાની કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.■



**જાગરૂકતાઃ** મુંબઈ પોલીસ અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી) દ્વારા કેફી દ્રવ્યોથી દૂર રહેવા માટે લોકોમાં જાગરૂકતા ફેલાવવા સાઈક્લોથોનનું આયોજન બાન્દ્રા રિક્લેમેશનથી જુહુ બસ ડેપો સુધી કરાયું હતું. (અમય ખરાડે)

# ધારાવીના રહેવાસીઓ માટે ચાર સ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા કરાઈ

મુંબઈઃ ધારાવીમાં સર્વેક્ષણ કાર્ય પૂર્ણ થવાના આરે છે અને ડ્રાફ્ટ પરિશિષ્ટ-ટૂ તૈયાર થઈ રહ્યો છે, ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ (ડીઆરપી/એસઆરએ)એ સમાંતર રીતે ચાર-સ્તરીય ફરિયાદ નિવારણ વ્યવસ્થા સ્થાપિત કરવાનું શરૂ કર્યું છે, જે ધારાવીના રહેવાસીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી કોઈપણ ચિંતાઓને ઉકેલવામાં મદદ કરવા માટે છે.

અમારો ઉદ્દેશ્ય બધા માટે આવાસ છે. અમે ઇચ્છીએ છીએ કે ધારાવીના દરેક રહેવાસીને રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો લાભ મળે. જો કોઈ રહેવાસીને લાગે છે કે તેમને અનુશિષ્ટ-ટૂ માંથી ખોટી રીતે બાકાત રાખવામાં આવ્યા છે અથવા સર્વેક્ષણમાં કોઈ ભૂલ થઈ છે, તો અમે ખાતરી કરીશું કે તેમની ચિંતાઓ ન્યાયી રીતે સાંભળવામાં આવે અને તેમને અન્ય સ્થળે દોડાદોડ કર્યા વિના સિંગલ-વિન્ડો ફરિયાદ નિવારણ વ્યવસ્થા દ્વારા ઝડપથી ઉકેલવામાં આવે, તેમ ડીઆરપી સીઇઓ એસ.વી.આર શ્રીનિવાસે જણાવ્યું હતું.

તેમણે ફરિયાદ નિવારણ પ્રક્રિયા કેવી રીતે કાર્ય કરે છે તે સમજાવતાં કહ્યું કે, ડ્રાફ્ટ પરિશિષ્ટ-ટૂ પ્રકાશિત થયા પછી, જો કોઈ ટેનામેન્ટ ધારક પાસે માન્ય ફરિયાદ હોય, તો તે તેને સક્ષમ ઓથોરીટી સીએના ધ્યાન પર લાવી શકે છે. જો અંતિમ પરિશિષ્ટ-ટૂ પ્રકાશિત થયા પછી પણ ફરિયાદનો ઉકેલ ન આવે, તો ચાર-સ્તરીય ફરિયાદ નિવારણ ઉપલબ્ધ થશે. એક અપીલ અધિકારી એઓ હશે, જે ફરિયાદ સાંભળશે અને નિર્ધારિત સમયમર્યાદામાં તેનું નિરાકરણ કરશે. જો ફરિયાદી એઓના નિર્ણયથી સંતુષ્ટ ન હોય, તો તેઓ તે પછીના સ્તર પર જઈ શકે છે જે ફરિયાદ નિવારણ સમિતિ જીઆરસી છે જેમાં વરિષ્ઠ ડીઆરપી અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં સમજાવ્યું કે જીઆરસી અધિકારીઓ સર્વે પ્રક્રિયામાં સામેલ ડીઆરપી અધિકારીઓથી સ્વતંત્ર છે. ■

# થાણેમાં માર્ગ અકસ્માત બાદ ટોળાએ કરેલા હુમલામાં પોલીસ કર્મચારીઓ ઘાયલ

થાણેઃ થાણે જિલ્લામાં માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ અને બે જણ ઘાયલ થયા બાદ રોષે ભરાયેલા લોકોએ પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો અને તેમના વાહનોની પણ નુકસાન પહોંચાડ્યું હતું.

જિલ્લા ગ્રામીણ પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારે રાતે આ ઘટના બની હતી, જેમાં મહિલા સહિત કેટલાક પોલીસ કર્મચારીઓ ઘવાયા હતા અને તેમના વાહનોને પણ નુકસાન થયું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર કેટલાક લોકો માલશેજ ઘાટ પિકનિક પર જવા કારમાં નીકળ્યા હતા. તેમની કાર મુરબાડ વિસ્તારમાં ટોકાવડે ખાતે અવલાચા પાડાથી જઇ રહી હતી ત્યારે મોટરસાઇકલ સાથે ભટકાઇ હતી. મોટરસાઇકલ પર ત્રણ જણ હતા.

અકસ્માતની જાણ થતાં કેટલાક ગામવાસીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને કારમાં હાજર લોકોને પકડી પાડીને તેમની મારપીટ કરી હતી.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ત્યાં દોડી આવી હતી અને કારમાંના લોકોને છોડાવ્યા હતા અને તેને પોલીસ જીપમાં બેસાડ્યા હતા.

પોલીસ જીપ પોલીસ સ્ટેશન જવા નીકળી ત્યારે ઉશ્કેરાયેલા ગામવાસીઓએ પોલીસ વાહનો પર હુમલો કર્યો હતો. પોલીસે બાદમાં પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી અને કારમાં સવાર લોકોને ટોળાથી બચાવ્યા હતા. ગામવાસીઓએ કરેલા હુમલામાં કેટલાક પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ બનાવ બાદ ઘટનાસ્થળે વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# ગણેશોત્સવમાં કોંકણ જનારાઓ માટે આજથી રેલવે ટિકિટ બુકિંગ શરૂ

મુંબઈઃ ગણેશોત્સવ માટે કોંકણ જતા પ્રવાસીઓ માટે સરકાર તરફથી આનંદના સમાચાર આવ્યા છે. બાપ્પાની સ્થાપના કરતા ભક્તો ઉત્સવનું આયોજન પહેલાથી જ કરી શકે તે માટે સોમવારથી શરૂ થતા અઠવાડિયાથી રિઝર્વેશનનો પ્રારંભ થશે.

આ વર્ષે ગણેશજીનું આગમન બુધવાર, ૨૭ ઓગસ્ટના રોજ થશે. આગમન પહેલાના શુક્રવાર-શનિવાર-રવિવાર અનુક્રમે ૨૨, ૨૩ અને ૨૪ ઓગસ્ટ છે. આ દિવસોમાં રેલ મુસાફરી માટે રિઝર્વેશન ૨૩ જૂનથી ખુલશે.

મહામુંબઈના લાખો નાગરિકો ગણેશોત્સવ માટે કોંકણમાં આવેલા પોતાના મૂળ વતનના ગામોમાં જાય છે. તહેવાર નિમિત્તે વધારાની એસટી અને ખાનગી એસટી દોડાવવામાં આવે છે. કોંકણમાં રેલવે મુસાફરી રોડ મુસાફરીની સરખામણીમાં આરામદાયક, સસ્તી અને ઝડપી છે. આ કારણે, કોંકણવાસીઓ દ્વારા રેલવે મુસાફરી પસંદ કરવામાં આવે છે.

ટ્રેન કયા સ્ટેશન પર પહોંચી છે તે તપાસવા માટે 'નેશનલ ટ્રેન ઇન્ક્વાયરી સિસ્ટમ' અને રેલ કનેક્ટ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરો. તે ટ્રેનનું લાઈવ લોકેશન, રૂટ મેપ, ટ્રેન શેડ્યૂલ, સ્ટોપ અને રૂટમાં સ્ટેશન જેવી માહિતી દર્શાવે છે.

ટિકિટ બુક કરાવતી વખતે રિઝર્વેશન દિવસ મહત્વપૂર્ણ છે. શરૂઆતના સ્ટેશનથી ટ્રેનના પ્રસ્થાનનો દિવસ ધ્યાનમાં લેવો જોઈએ. ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી ઉપડતી ટ્રેનો માટે મહારાષ્ટ્રના સ્ટેશનો સુધી રિઝર્વેશન અગાઉથી કરાવવું જરૂરી છે. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, જો તમે કલ્યાણથી ખેડ/ચિપલુણ/કણકવલી સુધીની ૧૨૬૧૮ હઝરત નિઝામુદ્દીન એર્નાકુલમ મંગલા એક્સપ્રેસમાં મુસાફરી કરવા માંગતા હો, તો રિઝર્વેશન ૨૬ જૂન, ૨૦૨૫ ના રોજ શરૂ થશે. એ જ રીતે, ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, ૧૨૬૧૭ એર્નાકુલમ હઝરત નિઝામુદ્દીન મંગલા એક્સપ્રેસ અથવા ૧૬૩૪૬ તિરુવનંતપુરમ લોકમાન્ય તિલક ટર્મિનસ નેત્રાવતી એક્સપ્રેસ કુડાળ/રત્નાગિરી/સંગમેશ્વર/ચિપલુણ/ખેડથી પનવેલ/કલ્યાણ/મુંબઈની મુસાફરી માટે રિઝર્વેશન ૪ જુલાઈ, ૨૦૨૫ થી શરૂ થશે. ■

# અર્નાળામાં એસટી બસ અને રિક્ષા વચ્ચે ટક્કરઃ મહિલાનું મૃત્યુ, ત્રણ જણ ઘાયલ





વસઇઃ વિરાર પશ્ચિમમાં અર્નાળા ખાતે એસટી બસ અને રિક્ષા વચ્ચે ટક્કર થતાં મહિલાનું મોત થયું હતું, જ્યારે ત્રણ જણ ઘાયલ થયા હતા.

રવિવારે સવારે નવ વાગ્યાની આસપાસ થયેલા આ અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ કલ્પના કોલગે (૫૫) તરીક થઇ હતી, જે અર્નાળા જૂના કોલીવાડા ખાતે રહેતી હતી.

અર્નાળા આગારમાંથી રવિવારે સવારે એસટી બસ શિર્ડી જવા માટે રવાના થઇ હતી, જ્યારે રિક્ષા વિરારથી અર્નાળા તરફ આવી રહી હતી. અર્નાળા સોસાયટી નજીક બસચાલકે ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે બસ અને રિક્ષા વચ્ચે ટક્કર થઇ હતી.

આ અકસ્માતમાં કલ્પના કોલગેના માથામાં ગંભીર ઇજા થઇ હતી અને તેનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું, જ્યારે રિક્ષાચાલક સહિત ત્રણ જણ ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

દરમિયાન અકસ્માતની જાણ થતાં અર્નાળા સાગરી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પંચનામું કર્યા બાદ કલ્પના કોલગેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. દરમિયાન અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થયેલા બસચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મોડા પડેલા પ્રવાસીએ મુંબઈ એરપોર્ટ પર ફ્લાઈટ પાછળ દોટ મૂકી!!

મુંબઈઃ મુંબઈ શહેરમાં તમે રોજિંદા કામ માટે મોડા પડી રહ્યા હો, અને તમારે બસ કે ટ્રેન પકડવાની ઉતાવળ હોય તો બસ કે સ્ટેશન પર આવેલી ટ્રેન ચાલુ થાય પછી પણ દોડીને પકડી લો! આ દૃશ્ય શહેરમાં રોજનું છે, પણ ફ્લાઇટ પકડવામાં મોડા પડીએ તો દોડીને પકડી લેવાની, તો કેવી હાસ્યાસ્પદ વાત લાગે! પણ તાજેતરમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ખરેખર આવો અજીબોગરીબ કિસ્સો બન્યો છે. મુંબઈમાં રહેતો બિહારી બાબુ પિયુષ સોની, મુંબઈથી પટના જનારી એર ઇન્ડિયાની ફ્લાઇટ પકડવામાં મોડો પડ્યો તો રનવે પર ફ્લાઈટની પાછળ દોડ્યો. બિહારના દરભંગાનો રહેવાસી પીયૂષ પવન સોની કોઈને જાણ કર્યા વિના ઇમરજન્સી ગેટનો ઉપયોગ કરીને રનવે પર પહોંચ્યો હતો. તેને ખબર નહોતી કે તેની ફ્લાઇટ કયા ગેટ નંબર અથવા રનવે પર પાર્ક કરેલી છે, જેના કારણે તે ભૂલથી એર ઇન્ડિયાની ફ્લાઇટ નજીક પહોંચી ગયો, જે ભૂજથી પરત ફરી રહી હતી. જોકે, તે સવારે ૯:૫૦ ના નિર્ધારિત બોર્ડિંગ સમય કરતાં મોડો હોવાથી યોગ્ય દરવાજે જવાનો સમય તેની પાસે રહ્યો જ નહોતો. પરિણામે તેણે ફ્લાઇટ પાછળ દોડ લગાવી હતી. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| ઉધાર | HEAT |
| ઉદાસ | EXCELLENT |
| ઉમદા | CREDIT |
| ઉકળાટ | AFFECTION |
| ઉમળકો | DEJECTED |

### ઓળખાણ પડી?



બ્રિટિશ ભારતની પહેલી સમ્રાજ્ઞી વિક્ટોરિયાની સ્મૃતિમાં બંધાયેલું વિક્ટોરિયા મેમોરિયલ કયા શહેરમાં છે એ જાણો છો?

અ) નાગપુર બ) કોલકાતા ક) જોધપુર ડ) ચંડીગઢ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ળ | ૨ ક | ૩ મ | ળ | ૪ વ | ત | | ૫ બા | ૬ પ |
| મા | | ૭ તા | ગ | | ત | | ૮ મા | | રં |
| ૯ નો | ૧૦ ક | ર | | ૧૧ સ | ન | ન | ન | | પ |
| | પા | | ૧૨ સા | ર | પ | | ૧૩ દ | ૧૪ શે | રા |
| ૧૫ મા | લ | ૧૬ મ | | ૧૭ ખા | ર | વો | | ૧૮ ર | ગ |
| ળ | | ગ | | ૧૯ મ | સ્તી | | ૨૦ સો | બ | ત |
| ૨૧ ખા | ૨૨ ત | ર | ૨૩ પા | ણી | | ૨૪ જ | ના | જા | |
| ૨૫ ગ | મા | | રો | | ૨૬ ક | ખ | | ૨૭ ર | ૨૮ જ |
| ત | | ૨૯ ગુ | | ૩૦ લ | જા | મ | ણી | | ણા |
| | ૩૧ મ | નો | જ | ગ | ત | | | ૩૨ ખો | વું |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| | | | | ૭ | | | | ૮ | |
| ૯ | ૧૦ | | ૧૧ | | | | ૧૨ | | |
| ૧૩ | | | | | | ૧૪ | | | ૧૫ |
| | | ૧૬ | | ૧૭ | | | ૧૮ | | |
| | ૧૯ | | | | | ૨૦ | | | |
| ૨૧ | | | | | ૨૨ | | | ૨૩ | |
| ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | ૨૬-અ |
| | | | ૨૭ | | | | ૨૮ | | |
| ૨૯ | | | | | ૩૦ | | | ૩૧ | |

**આડી ચાવી**

૧. પોતાની જાતે જ, સ્વયં (૪)
૩. સર્ટિફિકેટ, ખાતરીપત્રક (૫)
૭. ઝીણો તાવ (૩)
૮. --- ખેલવું એટલે યુદ્ધ કરવું (૨)
૯. કાબૂમાં રાખવું (૪)
૧૨. ત્યાં (૨)
૧૩. મારું (૨)
૧૪. ટીપી ટીપીને કરેલી બનાવટ (૪)
૧૬. અક્ષુણ્ણ (૪)
૧૮. પ્યાસ (૩)
૧૯. ગુનો (૪)
૨૦. વજન, બોજ (૨)
૨૧. સ્મરણ કરવું તે (૩)
૨૨. સાથ (૨)
૨૪. જીવ અને માલમતા (૪)
૨૬. પક્ષીની વિષ્ટા (૩)
૨૭. વગાડવું તે (૩)
૨૮. નાળિયેરના કોચલાનો ભાગ (૩)
૨૯. એક વેદ (૪)
૩૦. આકાશ (૨)
૩૧. --- કરવા એટલે રોકડું કરવું (૨)

**ઊભી ચાવી**

૧. આત્મરત (૫)
૨. નિરાંત, વિશ્રાંતિ, મુક્તિ (૩)
૩. ઉગ્ર, તીક્ષ્ણ (૩)
૪. --- તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો (૨)
૫. લગ્ન કરીને આવેલી સ્ત્રી (૫)
૬. --- બદામનું એટલે તુચ્છ (૨)
૧૦. નિગ્રહ, સંયમ (૨)
૧૧. ચિંતા વગરના (૪)
૧૨. વાવ્યા વિનાની જમીન (૪)
૧૫. રીત, રિવાજ (૩)
૧૬. સગ્ગી મા નથી (૪)
૧૭. પાણીને રોકવા બાંધવો પડે (૨)
૧૯. શાંતિ (૩)
૨૦. હિસ્સો (૨)
૨૧. એક જાતિ કે વર્ગનું (૪)
૨૨. સંભોગ (૪)
૨૩. ખરબચડું (૪)
૨૫. પંચ, મધ્યસ્થી (૩)
૨૬. --- ચકીની વાર્તા નાનપણમાં સાંભળી (૨)
૨૬-અ. કુમળી કળી (૩)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં વિવિધ શહેરની અલગ અલગ લાક્ષણિકતા છે. કયું શહેર 'શિપ બ્રેકિંગ યાર્ડ' તરીકે પ્રસિદ્ધ છે એ જણાવો.

અ) અલંગ બ) મહેસાણા ક) કેશોદ ડ) ધંધુકા

### માતૃભાષાની મહેક

આંખોની સોય કાઢવી એ પ્રચલિત રૂઢિપ્રયોગ નથી. કોઈ કામનો લાંબો અને મુશ્કેલ હિસ્સો એક વ્યક્તિ કરે અને તેની ગેરહાજરીમાં બીજી વ્યક્તિ નજીવો અને આસાન હિસ્સો પૂરો કરી આખું કામ પોતે પૂરું કર્યું હોવાનો શ્રેય લઇ લેવો એ માટે આંખોની સોયો કાઢી લીધી એમ કહેવાય છે.

### સુડોકુ-૯૦૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૭ | ૬ | | | | ૨ | |
| | ૫ | | | | | | | ૬ |
| ૪ | | | ૨ | | | | | |
| ૫ | | | ૭ | ૧ | | | ૬ | |
| | ૮ | | ૯ | | ૩ | | ૭ | |
| | ૨ | | | ૮ | ૬ | | | ૩ |
| | | | | | ૯ | | | ૨ |
| ૯ | | | | | | | ૧ | |
| | ૪ | | | | ૫ | ૯ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૯ | ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૬ |
| ૮ | ૪ | ૧ | ૫ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૩ | ૮ | ૫ | ૨ | ૭ | ૪ | ૬ | ૯ | ૧ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૩ | ૯ | ૫ | ૮ | ૭ | ૪ |
| ૫ | ૯ | ૭ | ૪ | ૧ | ૮ | ૨ | ૬ | ૩ |
| ૪ | ૩ | ૨ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૮ |
| ૬ | ૧ | ૮ | ૯ | ૨ | ૩ | ૫ | ૪ | ૭ |

### ઈર્શાદ

ટેવ પડવાની ગતિ વધતી કે ઓછી હોય છે,
ઘોર અંધારામાં માણસ આંધળો હોતો નથી.
--- રમેશ પારેખ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'દુઃખનું ઓસડ દહાડા' કહેવતમાં ઓસડ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) આવેશ બ) ઈલાજ ક) અવસ્થા ડ) કારણ

### માઈન્ડ ગેમ

રામ ભક્ત હનુમાન વિવિધ નામથી ઓળખાય છે. આપેલા વિકલ્પોમાંથી કયું નામ હનુમાનદાદાનું છે એ જણાવો.

અ) મધુસૂદન બ) લીલાધર ક) રુદ્ર ડ) સંકટમોચન

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હેડકી | HICCUP |
| બગાસું | YAWN |
| ઓડકાર | BURP |
| સૂંઘવું | SNIFF |
| હાંફવું | PANT |

ઓળખાણ પડી? નેધરલેન્ડ્સ

માઈન્ડ ગેમ: ગણપતિ

ચતુર આપો જવાબ (અર્થ જણાવો): લાકડું

ગુજરાત મોરી મોરી રે: આણંદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) નુતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) લજીતા ખોના (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખીલ બંગાળી (૧૩) અમીષી બંગાળી (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) તઅબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) અલકા વાણી, સિડની (૨૩) વીણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) મહેશ દોશી (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) અંજુ ટોલીયા (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) નિતીન જયંતીલાલ બજેરીયા (૩૧) ડાયના સંતોક (૩૨) પ્રવીણ વોરા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) પુષ્પા ખોના (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) ભારતી બુચ (૩૭) કિશોર બી. સંઘરાજકા (૩૮) અરવિંદ કામદાર (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન ઉદ્દેશી (૪૨) ગીતા ઉદ્દેશી (૪૩) પ્રતિમા પમાણી

# ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પૉલિસી જાહેર

## રાજ્યને ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પાવર હાઉસ બનાવવાની નેમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પૉલિસી-૨૦૨૫ (જીઈસીએમએસ-૨૦૨૫) જાહેર કરી હતી. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતને વૈશ્વિક ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનું પાવર હાઉસ બનાવવાનો છે.

આ નીતિની મુખ્ય વિશેષતા એ છે કે કેન્દ્ર સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા મંજૂર અને સહાય પ્રાપ્ત એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે. આનો અર્થ એ થાય કે ગુજરાતમાં સ્થપાનારા મેઈટીની મંજૂરી પ્રાપ્ત પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એમ બંને તરફથી બેવડા પ્રોત્સાહનનો લાભ મળી શકશે.

આ જીઈસીએમએસ-૨૦૨૫ પોલિસી કેન્દ્ર સરકારની ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ઈસીએમએસ)ને સંપૂર્ણપણે સુસંગત છે અને ૧૦૦ ટકા ટોપ-અપ અનુસરણ કરીને ઓછામાં ઓછા સમયમાં સહાય પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવશે. એકવાર મેઈટી દ્વારા જીઈસીએમએસ હેઠળ પ્રોજેક્ટ મંજૂર થયા પછી, રાજ્યમાં સ્થપાનારા પ્રોજેક્ટ્સ આપમેળે સમાન ગ્રાન્ટ-સહાયપાત્ર બનશે. કેન્દ્ર સરકાર દ્વારા સહાય ચૂકવાયાના ૩૦ દિવસની અંદર રાજ્ય સરકાર દ્વારા પણ પ્રોત્સાહન સહાય ચૂકવી દેવામાં આવશે.

ગુજરાત દેશના ઔદ્યોગિક વિકાસના લેન્ડસ્કેપમાં મેન્યુફેક્ચરિંગ હબ અને ઓટો હબ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. રાજ્યમાં ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ પણ કાર્યરત છે, ત્યારે આ નવી પૉલિસી અપસ્ટ્રીમ ઉદ્યોગને પણ વેગ આપશે. આના પરિણામે આયાત પરની નિર્ભરતા ઘટશે અને ટેકનોલોજીકલ રેઝિલીયન્સમાં વધારો થશે.

આ પૉલિસી દ્વારા રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રૂ.૩૫,૦૦૦ કરોડથી વધુના નવા રોકાણો આકર્ષિત કરવાનું અને વધુને વધુ ઉચ્ચ-કુશળ રોજગારનું સર્જન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેર કરેલી આ જીઈસીએમએસ પૉલિસીનાં પરિણામે રાજ્યમાં મલ્ટી લેયર અને એચ.ડી.આઇ. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, લિથિયમ આયન સેલ, એસ.એમ.ડી. પેસિવ કમ્પોનન્ટ્સ, ડિસ્પ્લે અને કેમેરા મોડ્યુલ્સ, ઇલેક્ટ્રોનિક્સ પાર્ટ્સ તેમ જ તેના ઉત્પાદન માટે જરૂરી વિશેષ મશીનરી સહિતના આવશ્યક ઉદ્યોગો-એકમોને રાજ્યમાં રોકાણ માટે પ્રોત્સાહન મળશે.

આ પૉલિસીમાં ઇનોવેશનને પ્રોત્સાહન આપીને ટેલેન્ટ ગેપ દૂર કરવાના હેતુથી રાજ્યમાં રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ માટે પણ ઉદાર સહયોગ આપવાનું પ્રાવધાન રાખવામાં આવ્યું છે. તદ્અનુસાર, ગુજરાતમાં સ્થિત અને માન્ય હોય તેવી સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સલન્સ, ફિનિશિંગ સ્કુલ્સ કે એપ્લાઇડ રિસર્ચ લેબની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા વધુમાં વધુ રૂ. ૧૨.૫ કરોડ સુધીની મેચિંગ સહાય મળવાપાત્ર થશે. જીઈસીએમએસ અંતર્ગત ટર્નઓવર લિન્કડ ઇન્સેન્ટિવ છ વર્ષના સમય સુધી પૂરું પાડવામાં આવશે.

પૉલિસીના હેતુઓઓ પર એક નજર કરીએ તો તેનો સૌથી પહેલો હેતું તો ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ ઉત્પાદનથી વૈશ્વિક ઇલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઇન્સમાં ગુજરાતનું મજબૂત સ્થાન પ્રસ્થાપિત કરવું. સ્થાનિક કમ્પોનન્ટ અને સબ-એસેમ્બલી ઉત્પાદનને પ્રોત્સાહન આપી ઇલેક્ટ્રોનિક્સ ગ્લોબલ વેલ્યૂ ચેઇન્સમાં ઉત્પાદન મૂલ્ય વૃદ્ધિથી અગ્રેસર રહીને આયાત પર નિર્ભરતા ઘટાડવી અને નિકાસમાં વધારો કરવાનો છે.

આ પૉલિસીનો લાભ લેવા માટે સરકારે પાત્રતા નક્કી કરી છે. ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આ પૉલિસીનો લાભ લેવા માટેની અરજી તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે. કેન્દ્ર સરકારના મેઈટી દ્વારા સહાય મંજૂર થઈ હોય અને ગુજરાતમાં કાર્યરત હોય તેવા તમામ પ્રોજેક્ટ્સને આપોઆપ આ પોલિસીનો લાભ મળશે. ગુજરાતમાં ઉત્પાદન યુનિટ સ્થાપિત કરવા ઈચ્છતા હોય અથવા પ્રગતિમાં હોય તેવા પ્રોજેક્ટ્સને પણ આનો લાભ મળશે.

સરકારે આ માટે ખાસ પ્રોત્સાહનો (ઇન્સેન્ટિવ્સ) જાહેર કર્યા હતા. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૨૨-૨૮ હેઠળ સહાય મેળવતા હોય તે સિવાયના એકમો આ નીતિ હેઠળ મળતા લાભો મેળવવા માટે માન્ય રહેશે. આ નવી નીતિ હેઠળ લાભ મેળવતા એકમોને ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૨૨-૨૮નો લાભ મળશે નહીં. પ્રોત્સાહન ભારત સરકારની યોજનાની શરતો અને થ્રેશોલ્ડ મુજબ રહેશે. તે ઉપરાંત વધારાના પ્રોત્સાહનો (ઇન્સેન્ટિવ્સ) જેવા કે, કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિકસ: ઇલેક્ટ્રોનિક્સ ક્લસ્ટરોમાં કોમન ઇન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ અને વિકાસ માટે જરૂરિયાત આધારિત સહાય અપાશે.

ભારત સરકાર દ્વારા મંજૂર યોજનાઓ માટે સહાય ચૂકવાયા બાદ રાજ્ય સરકાર ૩૦ કાર્ય દિવસમાં સહાય ચૂકવશે. રાજ્યની આ નવી નીતિનો સમયગાળો ભારત સરકારની યોજના જેટલો જ રહેશે. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પૉલિસી-૨૦૨૫નું અમલીકરણ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશન (જીએસઈએમ) દ્વારા કરવામાં આવશે. ■

# ગુજરાત કૉંગ્રેસના સંગઠનામાં મોટાપાયે ફેરફાર: ૪૦ જિલ્લા અને શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખોની નિમણૂક

અમદાવાદ: ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીએ આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનમાં મોટા પાયે ફેરફારો કર્યા છે. કોંગ્રેસના ''સંગઠન સૃજન અભિયાન''ના સમાપન બાદ તાત્કાલિક અસરથી ગુજરાતના જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખોની નિમણૂકને મંજૂરી આપવામાં આવી હતી. કોંગ્રેસે ૨૧મી જૂને ગુજરાતના ૪૦ જિલ્લા અને શહેર પ્રમુખોની વરણી કરી છે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિની ધુરા સોનલ પટેલને સોંપવામાં આવી છે, અમદાવાદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે રાજેશ ગોહિલ, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપ દુધાત,આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અલ્પેશ પઢીયાર, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અરુણ પટેલ, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ગુલાબસિંહ રાજપુત, ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે રાજેન્દ્રસિંહ રાણા, ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પ્રવીણ રાઠોડ, ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે મનોહરસિંહ લાલભા, બોટાદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે હિંમત કટારિયા, છોટાઉદેપુર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શશીકાંત રાઠવા, દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે હર્ષદ નિનામા, ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે સ્નેહીલ ઠાકરેને જવાબદારી સોંપવામાં આવી છે.

તે ઉપરાંત ખેડૂત નેતા પાલ આંબલિયાને દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અરવિંદસિંહ સોલંકી, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શક્તિ પટેલ, ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પુંજા વંશ, જામનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વીરેન્દ્રસિંહ જાડેજા, જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે મનોજ કથીરિયા, જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ જોશી, ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે કાળુસિંહ ડાભી, કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વી. કે. હુંબલ, મહીસાગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે હર્ષદ પટેલ, મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે બળદેવજી ઠાકોરને જવાબદારી સોંપવામાં આવી છે.

મોરબી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે કિશોર ચિખલિયા, નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે રણજિતસિંહ તડવી, નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શૈલેષ પટેલ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ચેતનસિંહ પરમાર, પાટણ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ઘેમર પટેલ, પોરબંદર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે રામ મારૂ, રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ડો. રાજદીપસિંહ જાડેજા, રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે હિતેશ વોરા, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે રામ સોલંકી, સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે આનંદ ચૌધરી, સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વિપુલ ઉધનાવાલા, સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે નૌશાદ સોલંકી, તાપી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વૈભવ ગામીત, વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે જશપાલસિંહ પઢીયાર, વડોદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે કિશન પટેલ, વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે કિશન પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. ■

# રાજ્યના ૧૪૭ તાલુકામાં મેઘરાજા મહેરબાન, બનાસકાંઠાના અમીરગઢમાં સૌથી વધુ પાંચ ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ભારે વરસાદની આગાહીને પગલે સમગ્ર રાજ્યમાં મેઘમહેર જોવા મળી હતી. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર ૨૨ જૂન સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૪૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લા પર મેઘરાજા મહેરબાન થઈ ગયા હતા, બનાસકાંઠાના અમીરગઢમાં ૫ ઇંચ સાથે રાજ્યમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. તે સિવાય સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં મેઘાની મહેર જોવા મળી હતી.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી અને પોરબંદર જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ નાઉકાસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર ૨૨ જૂન સાંજે ૬ વાગ્યા સુધીમાં જામનગર જિલ્લાના કાલાવડમાં ૪.૩૩ ઇંચ, જૂનાગઢ જિલ્લાના કેશોદ ૩.૮૨ ઇંચ, માણાવદરમાં ૩.૬૬, પોરબંદર જિલ્લાના કુતીયાણામાં ૩.૫૮, રાજકોટ જિલ્લાના પડધરીમાં ૩.૫૪, જામનગર જોડિયામાં અને વલસાડના કપરાડામાં ૨.૮ ઇંચ, જૂનાગઢના મેંદરડામાં ૨.૭૬ ઇંચ, જામનગર જિલ્લાના જામ જોધપુરમાં ૨.૪ ઇંચ, પોરબંદરના રાણાવાવમાં ૨.૧૩ ઇંચ, ઉમરપાડામાં ૧.૯૭ ઇંચ, રાજકોટના જેતપુરમાં ૧.૯૩ ઇંચ તેમ જ સુરતના કામરેજમાં ૧.૮૫ વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી હતી. રાજ્યના ૩૫ તાલુકામાં એક ઇંચથી લઈને પાંચ ઇંચ સુધી વરસાદ નોંધાયો હતો. રાજકોટ, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, જામનગર, સુરત, નવસારી, બનાસકાંઠા તેમજ વલસાડ જિલ્લાના તાલુકાઓમાં ૧ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ-ઇકબાલગઢ પંથકમાં રાત્રિ દરમિયાન ભારે વરસાદ વરસ્યો હતો. ઇકબાલગઢ, ઝાંઝરવા, ઢોલીયા, આંબાપાણી અને ગોળીયા ડેરી જેવા વિસ્તારોમાં મેઘ મહેર જોવા મળી હતી. ભારે વરસાદને પગલે ઇકબાલગઢ માર્કેટિંગ યાર્ડમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત, સાબરકાંઠાના ઇડર અને વડાલીના ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ઘઉંવાવ નદીમાં પૂર આવ્યું હતું. ઇડરનું નયનરમ્ય રાણી તળાવ પણ પ્રથમ વરસાદમાં જ મહદઅંશે ભરાઈ જતા સુંદર દૃશ્યો સર્જાયા હતા.

ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં પણ રાજ્યભરમાં ભારે વરસાદની શક્યતા છે, જેમાં સાત જિલ્લામાં રેડ ઍલર્ટ અને ૨૩ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ એટલે કે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બનાસકાંઠાના દાંતા તાલુકામાં ભારે વરસાદના કારણે આંબાઘાટમાં પહાડો પરથી પથ્થરો ખસકીને હાઈવે પર પડતા એક તરફનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો. દાંતા ડિઝાસ્ટર ટીમ અને સ્ટેટ માર્ગ અને મકાન વિભાગ દ્વારા જેસીબી વડે પથ્થરો હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પાલનપુર તાલુકાના ગોળા ગામે વીજળી પડવાથી ચાર પશુનાં મોત નીપજ્યા હતા, જ્યારે અમીરગઢની કલેડી નદી પણ બે કાંઠે વહેતી થઈ હતી, તેના પ્રવાહ અને ઉપરવાસમાં પડેલા વરસાદથી જિલ્લાની જીવાદોરી સમાન બનાસ નદીમાં નવા નીર આવ્યા હતા. ■

# અમદાવાદ સરસપુરમાં ભગવાનના ભવ્ય મામેરાના દર્શન માટે હજારો ભક્તો ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દર વર્ષે અષાઢી બીજના રોજ અમદાવાદમાં ભગવાન જગન્નાથની ભવ્યો રથયાત્રા નીકળતી હોય છે. આ દિવસે ભગવાન મંદિર છોડી ભક્તોને મળવા બહાર નગરચર્યાએ નીકળે છે. આ દિવસ ભક્તો માટે વધુ ખાસ હોય છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાના ૧૫ દિવસ પહેલા જળયાત્રાનું આયોજન થાય છે. આ દિવસ બાદથી ભગવાન પોતાના મોસાળમાં રહે છે. રવિવારના રોજ, સરસપુર મોસાળ મંદિર ખાતે ભગવાન જગન્નાથને વાસણાના મનીષભાઈ ત્રિવેદીના યજમાન પરિવાર દ્વારા ભાવભેર મામેરું અર્પણ કરવામાં આવ્યું હતું. આ અલૌકિક મામેરાના દર્શન માટે સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો સરસપુર મંદિર ઉમટી પડ્યા હતા. સરસપુર મંદિરથી લઈને શારદાબેન ચાર રસ્તા સુધી ભક્તોની લાંબી લાઈન લાગી હતી. આ દરમિયાન ભજન તથા 'જય રણછોડ'ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

ભગવાન જગન્નાથજી માટે ખાસ ફૂલોની ડિઝાઇનના સુંદર ગુલાબી અને નેવી બ્લુ રંગના વાઘા તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સોના-ચાંદીના અલૌકિક આભૂષણો પણ ભગવાનને અર્પણ કરવામાં આવ્યાં છે. અવનવી ડિઝાઇન સાથેના આ વાઘા અને દાગીના દર્શન માટે મૂકવામાં આવ્યા છે, જેને નિહાળવા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. મંદિરની બહાર પણ લોકો ભગવાનના ભજન ગાતા ગાતા દર્શનનો લહાવો લઈ રહ્યા હતા, જે ભક્તિ અને ઉત્સાહનો અનોખો સંગમ દર્શાવતો હતો.

યજમાન પરિવારે જણાવ્યું હતું કે, ૨૩ જૂન, સોમવારના રોજ સવારે ૭:૩૦ વાગ્યાની આસપાસ આ મામેરું વાસણા અરિહંત સોસાયટી ખાતે લાવવામાં આવશે. ત્યાંથી સમગ્ર વાસણા વિસ્તારમાં એક ભવ્ય શોભાયાત્રા નીકળશે, જેમાં ૫૦૦૦થી વધુ લોકો જોડાશે તેવી શક્યતા છે. આ શોભાયાત્રા ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને આગામી રથયાત્રાના ઉત્સાહને વધુ વેગ આપશે.

વાસણા વિસ્તારની અરિહંત સોસાયટીમાં રહેતા મનીષભાઈ ત્રિવેદી આ વર્ષે ભગવાનના મામેરાના યજમાન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમણે અત્યંત ભાવ અને શ્રદ્ધાથી ભગવાન માટે આ ભવ્ય મામેરું તૈયાર કર્યું છે. યજમાન પરિવારે સરસપુર મંદિર ખાતે આ મામેરું અર્પણ કર્યું હતું. ■

# ખેડામાં નર્મદા કેનાલમાં ત્રણ યુવક ડૂબ્યા, એકનો મૃતદેહ મળ્યો, અન્યની શોધખોળ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં નદી-કેનાલ અને તળાવના પાણીમાં ડુબવાની ઘટનાઓ સતત વધી રહી છે. રવિવારે ખેડાના ગળતેશ્વર નજીક ૩ યુવક નર્મદા કેનાલમાં ડૂબ્યા હતા. મળતી માહિતી મુજબ, ત્રણ યુવકો સેવાલિયા થર્મલ પાવર સ્ટેશન નજીક નર્મદા કેનાલમાં નહાવા પડ્યા હતા, બે મિત્રો, ડૂબતા અન્ય એક તેમને બચાવવા જતા ત્રણેય મિત્રો ડૂબ્યા હતા.

મળતી વિગતો અનુસાર, ટીમ્બાના મુવાડા ગામના ત્રણ મિત્રો રવિવારે નાહવા નિકળ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. બે મિત્રો પૈકી એક ડૂબવા લાગતા અન્ય બંને બચાવવા જતા આખરે ત્રણેય મિત્રો ડૂબ્યા હતા. ટીમ્બાના મુવાડામાં ચૂંટણી ચાલી રહી હતી, તે દરમ્યાન આ દુર્ઘટના બની હતી. આજુબાજુથી મોટી સંખ્યામાં લોકો દોડી આવતા ટોળા એકઠા થયા હતા. પાણીમાં ગરકાવ થયેલા લોકો વિશે કોઈ નક્કર માહિતી બહાર આવી નથી. ખેડા જિલ્લા અને તાલુકા તંત્રને સ્થાનિક આગેવાનો દ્વારા જાણકારી આપવામાં આવી છે. સેવાલિયા પોલીસે તરવૈયા સાથે રાખી શોધખોળમાં એક મૃતદેહ શોધી તેને કેનાલમાંથી બહાર કાઢ્યો હતો. ■

# એર ઈન્ડિયાએ પ્લેન ક્રેશના પીડિતોના પરિવારને વચગાળાનું વળતર ચૂકવવાનું શરૂ કર્યું, ત્રણ પરિવારને ૨૫-૨૫ લાખ ચૂકવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેક લોકોએ પોતાના વહાલસોયા સ્વજનો ગુમાવ્યા છે. જેની ખોટ પૂરી શકાય તેમ નથી. જોકે એર ઈન્ડિયાએ દુર્ઘટનાના તમામ પીડિતોને એક કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. જે પૈકીની વચગાળાની રકમના વિતરણની શરૂઆત કરી દેવામાં આવી છે. ત્રણ પરિવારોને આ વળતર મળી ચૂક્યું છે.

એર ઈન્ડિયાએ પોતાનું એક નિવેદન જાહેર કર્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, ૨૦ જૂનથી અમદાવાદ વિમાન દુર્ઘટનાના પીડિતોના પરિવારજનોને વચગાળાનું વળતર આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. જે ૨૫ લાખ રૂપિયા છે. અત્યાર સુધી ત્રણ પીડિત પરિવારોને ૨૫-૨૫ લાખ રૂપિયા મળી ચૂક્યા છે. અમે પીડિત પરિવારોનો સંપર્ક કરી રહ્યા છીએ. જેથી વહેલી તકે તેઓને આ વળતર ચૂકવી શકાય.

૧૪ જૂનના રોજ એર ઈન્ડિયાએ જાહેરાત કરી હતી કે અમદાવાદ વિમાન દુર્ઘટનાના પ્રત્યેક મૃતક અને જીવિત વ્યક્તિના પરિવારને ત્વરીત નાણાકીય જરૂરિયાતોને પૂરી કરવા માટે રૂપિયા ૨૫ લાખ અથવા ૨૧,૫૦૦ બ્રિટિશ પાઉન્ડ વચગાળાના વળતર તરીકે ચૂકવવામાં આવશે.એર ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલું વચગાળાનું વળતર જાહેર કરેલ એક કરોડ રૂપિયાની સહાય સિવાયનું છે. અમદાવાદ ખાતેની વિમાન દુર્ઘટનામાં ૨૪૧ યાત્રીઓ ઉપરાંત મેડિકલ હોસ્ટેલના કેટલાક વિદ્યાર્થીઓએ પણ જીવ ગુમાવ્યો હતો. દરેક મૃતકનો પરિવાર હજુ પોતાના સ્વજનને ગુમાવવાના આઘાતમાંથી બહાર આવ્યો નથી. ■

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના આઠ મૃતકના ડીએનએ મેચ ન થતા પરિવાર પાસે બીજા સેમ્પલ મગાવાયા

અમદાવાદ: શહેરમાં વિમાન પ્લેન ક્રેશની ઘટનાને ૧૦થી પણ વધારે દિવસો થઈ ગયા છે. અનેક લોકોએ આ દુર્ઘટનામાં પોતાનો જીવ ગુમાવ્યો છે. મૃતદેહની ઓળખ થઈ શકે તેમ નહોતી. જેથી પરિવારના ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા અને પછી મૃતદેહોની ઓળખ થઈ ત્યારે તેને સન્માન સાથે પરિવારને સોંપવામાં આવ્યા હતા, પરંતુ આ દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે તેવા આઠ મૃતકોના પરિવારના ડીએનએ સેમ્પલ મેચ થયા નથી. જેથી બીજા સંબંધીના સેમ્પલ લેવા પડશે તેવું કહેવામા આવ્યું છે. જ્યાં સુધી ડીએનએ મેચ નહીં થાય ત્યાં સુધી મૃતદેહ પરિવારને સોપવામાં આવશે નહીં તેવું અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું.

સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. જોશીએ જણાવ્યું હતું, કે જો કોઈ ભાઈ-બહેને સેમ્પલ આપ્યો હોય અને તે પીડિતના ડીએનએ સાથે મેળ ખાતો ન હોય, તો બીજાં ભાઈ-બહેનનો નમૂના લેવામાં આવે છે. અમે સામાન્ય રીતે પીડિતના પિતા અથવા પુત્ર/પુત્રીનો નમૂના લઈએ છીએ. જો આમાંથી કોઈ ઉપલબ્ધ ન હોય, તો અમે પરિવારના કોઈપણ અન્ય સભ્યનો નમૂના લઈએ છીએ. આ સાથે જ એવું પણ સ્પષ્ટ કર્યું હતું આ પ્રક્રિયામાં, ઘણા પીડિતોના ભાઈ-બહેનોના સેમ્પલ પણ મેચ થયા છે. પરંતુ આઠ મૃતકો એવા છે જેમના સેમ્પલ મેચ થયા નથી, તેથી બીજા સેમ્પલ માગવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં, ૨૩૧ મૃતકોના ડીએનએ સેમ્પલ તેમના સંબંધીઓ સાથે મેચ કરવામાં આવ્યા છે.

અમદાવાદમાં ૧૨ જૂને લંડન જતું એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઈ-૧૭૧ ટેક ઓફ થયાના થોડી ક્ષણોમાં જ ક્રેશ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં બંને પાઇલટ, ૧૦ ક્રૂ મેમ્બર્સ અને ૨૨૯ મુસાફરોનાં મોત થયાં છે. વિશ્વાસ કુમાર રમેશ નામનો એકમાત્ર મુસાફર બચી ગયો હતો, તે લંડનનો રહેવાસી છે. તેની અનેક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. અત્યારે અમદાવાદ સિવિલ ખાતે સતત ડોક્ટરો મહેનત કરી રહ્યા છે, સત્વરે મૃતદેહોને પરિવારને સોંપવામા આવે છે.

જો કે, આઠ પરિવારજનો એવા છે તેમના ડીએનએ હજી કોઈ મૃતદેહ સાથે મેચ થયા નથી. જેથી એ પરિવાર સહિત ડોક્ટરો પણ ચિંતિત છે. પ્રશ્નો થઈ રહ્યા છે કે, શું આ પરિવારના કોઈ સભ્યનો મૃતદેહ મળ્યો જ નહીં હોય? શું તે વ્યક્તિને મૃતદેહ આગમાં બળીને ખાખ થઈ ગયો હશે? અથવા તો શું આ આઠ પરિવારનું પરિજન હજી મળ્યું જ નથી? આવા અનેક સવાલો થઈ રહ્યાં છે. ■

# અમદાવાદમાં પ્લેન ક્રેશનો કાટમાળ લઈ જતા ટ્રકને અકસ્માત નડ્યો, રસ્તો બંધ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૧૨ જૂને વિમાન ક્રેશની મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકો સહિત ૨૭૦ લોકોનાં મોત થયાં હતાં. વિમાન દુર્ઘટનામાં દરમિયાન મેડિકલ કોલેજના કેટલાક ડોકટરોએ પણ જીવ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનામાં વિમાનના કાટમાળને ત્યાંથી દૂર કરવા માટે અત્યારે પણ સતત કામ ચાલી રહ્યું છે. એઆઈ ૧૭૧ પ્લેન ક્રેશના કાટમાળને હટાવવાની કામગીરી દરમિયાન એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. મળતી વિગતો પ્રમાણે પ્લેનના ટેલ ભાગને લઈ જતી એક ટ્રક શાહીબાગ ડફનાળા પાસે એસીબી કચેરી સામેના ઝાડમાં ફસાઈ ગઈ હતી.

વિમાનનો કાટમાળ લઈ જતો ટ્રક ફસાયો હોવાની જાણ થતા જ પોલીસ અને ફાયર વિભાગની ટીમ સત્વરે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ટ્રેકને ઝાડમાંથી બહાર કાઢવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ત્યાર બાદ ટ્રેકને બહાર કાઢીને ત્યાંથી રવાના કરી દેવામાં આવી હતી. જો કે, શાહીબાગ ડફનાળાથી કેમ્પ હનુમાન મંદિર સુધી રસ્તો બંધ રાખવાની પણ ફરજ પડી હતી. જો કે, ટ્રકને બહાર કાઢ્યા પછી ફરી વાહન વ્યવહાર પણ શરૂ કરી દેવામાં આવ્યો હતો.

# બનાસકાંઠાના થરાદની નર્મદા કેનાલમાંથી બે યુવતીનાં મૃતદેહ મળ્યાં, આત્મહત્યા કે હત્યા અંગે રહસ્ય અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના બનાસકાંઠાના થરાદ પાસે નર્મદા કેનાલમાંથી બે યુવતીનાં મૃતદેહ મળી આવતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. કેનાલના મહાજનપુર પમ્પિંગ સ્ટેશન ફાટકમાંથી ફાયર વિભાગની ટીમ દ્વારા મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે બંને યુવતીઓ કોણ છે અને ક્યાથી આવેલી અને કયા કારણોથી કેનાલમાં ઝંપલાવ્યું, શું છે સમગ્ર મામલો તેને લઈને પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે બંને યુવતીના મૃતદેહોને પીએમ અર્થે મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, થરાદની નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવવાની ઘટનાઓ બનતી રહે છે, ત્યારે મહાજનપુર પમ્પિંગ સ્ટેશન ફાટકમાંથી બે અજાણી યુવતીની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે સ્થાનિકોને જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે બંને યુવતીઓ કોણ છે? અને કેમ કેનાલમાં પડતું મૂક્યું? તેવા અનેક સવાલો ઊઠી રહ્યા છે, ત્યારે બંને યુવતીની હત્યા થઈ છે કે આત્મહત્યા તેને લઈને પોલીસે તપાસ આદરી છે. ■

# મોરબીમાં આરટીઓ ચલણની લિંક પર ક્લિક કરતા મહિલાના ખાતામાંથી ₹૨૪.૩૪ લાખ ઉપડી ગયા

અમદાવાદ: આજના ઈન્ટરનેટના યુગમાં સાયબર ગઠિયાઓ નવા નવા કીમિયા અપનાવીને સાયબર ક્રાઇમને અંજામ આપતા હોય છે. આવો જ એક કિસ્સો મોરબીમાંથી પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક શિક્ષક દંપતીએ વૉટ્સઍપમાં મોકલેલી આરટીઓ એપીકે ફાઇલ ખોલતા જ બેન્ક ખાતામાંથી ૨૪.૩૪ લખ રૂપિયા ઉપડી ગયા હતા.

મળતી વિગતો અનુસાર મોરબીના ન્યુ ચંદ્રેશનગર શેરી નંબર ૨માં રહેતા કાજલબેન સવજીભાઈ ગામી સાયબર ઠગાઈનો ભોગ બન્યા હતા. તેમના બૅન્કના એકાઉન્ટમાંથી રૂ.૨૪.૩૪ લાખ જેટલી રકમ ઉપાડી લેવામાં આવી હતી. બનાવની વિગત અનુસાર, કાજલબેનના પતિના મોબાઈલ પર વૉટ્સઍપમાં આરટીઓ ચલણની એપીકે ફાઈલનો એક મેસેજ આવ્યો હતો. તેમના પતિએ અજાણતામાં આ મેસેજ કાજલબેનના મોબાઈલ પર ફોરવર્ડ કર્યો અને કાજલબેને જ્યારે આ એપીકે ફાઈલ ખોલી, ત્યારે તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો.હેકર્સ દ્વારા તરત જ કાજલબેનના બૅન્કના ખાતામાંથી રૂ.૨૪,૩૪,૭૦૯ની રકમ અન્ય બૅન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લેવામાં આવી. ■

# રિષભ પંતના એક ઇનિંગ્સમાં છ છગ્ગા, ઇંગ્લૅન્ડમાં નવો વિક્રમ

લીડ્સઃ ટીમ ઇન્ડિયાના વાઇસ કેપ્ટન રિષભ પંતે વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે શનિવારે મહેન્દ્રસિંહ ધોનીનો છ ટેસ્ટ સેન્ચુરીનો ભારતીય રેકોર્ડ તોડ્યો એ ઉપરાંત તેણે બીજા પણ કેટલાક વિક્રમ પણ નોંધાવ્યા હતા.

ઇંગ્લૅન્ડમાં પ્રવાસી ટીમના બૅટ્સમેનોમાં એક ટેસ્ટ ઈનિંગ્સમાં સૌથી વધુ છ સિક્સર ફટકારવાનો વિક્રમ હવે રિષભ પંતના નામે થઈ ગયો છે. તેણે અહીં લીડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં શનિવારે પહેલા દાવમાં જે ૧૩૪ રન કર્યા હતા એમાં બાર ફોર ઉપરાંત છ સિક્સર સામેલ હતી.

આ પહેલાં, ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં ઇંગ્લૅન્ડમાં ટેસ્ટ રમી ચૂકેલા વિદેશી ખેલાડીઓમાંથી કોઈએ પણ એક ટેસ્ટ દાવમાં પાંચથી વધુ સિક્સર નહોતી ફટકારી.

આ અગાઉ ઇંગ્લૅન્ડમાં ચાર વિદેશી ખેલાડીઓએ એક ઇનિંગ્સમાં પાંચ સિક્સર ફટકારી હતી. એમાં ઑસ્ટ્રેલિયાના સૅમ લૉકસ્ટન (૧૯૪૮), માઇકલ હોલ્ડિંગ (૧૯૮૪), ઍડમ ગિલક્રિસ્ટ (૨૦૦૧) અને રૉસ ટેલર (૨૦૦૮)નો સમાવેશ હતો. એ જોતાં રિષભ પંતે છઠ્ઠી સિક્સર ફટકારીને (૨૦૦૮ની સાલનો ટેલરનો) ૧૭ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો હતો.

પંત હવે ભારતની બહારના દેશોમાં એક ટેસ્ટ ઇનિંગ્સમાં સૌથી વધુ સિક્સર ફટકારનારા ભારતીયોમાં હાર્દિક પંડ્યા (૨૦૧૭માં શ્રીલંકામાં એક દાવમાં સાત છગ્ગા) પછી બીજા નંબરે છે.



રિષભ પંતે ઇંગ્લૅન્ડ સામે ત્રીજી વખત સિક્સરથી ટેસ્ટ સેન્ચુરી પૂરી કરી. આ પહેલાં, તેણે ૨૦૨૧માં અમદાવાદમાં અને ૨૦૧૮માં ઓવલમાં છગ્ગા સાથે સદી પૂરી કરી હતી. ■

# બુમરાહે એક જ ઇનિંગ્સમાં બે મોટી સિદ્ધિ મેળવી

લીડ્સઃ ટેસ્ટ ક્રિકેટના હાલના નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે અહીં રવિવારે ૧૪મી વખત ટેસ્ટના દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવવા ઉપરાંત સેના (સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા) દેશોમાં ૧૫૦ વિકેટ લેનાર પ્રથમ એશિયન બોલર પણ બન્યો હતો. તેણે પાકિસ્તાનના દિગ્ગજ વસીમ અકરમ પણ ઝાંખો પાડી દીધો છે.

બુમરાહે ૧૨મી વખત વિદેશી ધરતી પર ટેસ્ટના એક દાવમાં પાંચ કે વધુ વિકેટ મેળવીને ભારતીય બોલર્સમાં કપિલ દેવના વિક્રમની બરાબરી કરી છે. કપિલે વિદેશમાં ૬૬ ટેસ્ટમાં એક દાવમાં પાંચ કે વધુ વિકેટ લીધી હતી, જ્યારે બુમરાહે એ સિદ્ધિ માત્ર ૩૪મી ટેસ્ટમાં મેળવી છે.

બુમરાહે કુલ ૧૪ વખત ઇનિંગ્સમાં પાંચ વિકેટ નોંધાવી છે જેમાંથી ૧૨મી વખત તેણે વિદેશી ધરતી પર એ ઉપલબ્ધિ મેળવવાની સાથે ભારતને અહીં લીડ્સમાં હેડિંગ્લી ગ્રાઉન્ડ પર છ રનની સરસાઈ અપાવી હતી. ભારતના ૪૭૧ રનના જવાબમાં બ્રિટિશ ટીમે ૪૬૫ રન બનાવ્યા હતા. બુમરાહે ઇંગ્લૅન્ડના પ્રથમ દાવમાં ઝૅક ક્રૉવ્લી (૪), બેન ડકેટ (૬૨), જો રૂટ (૨૮), ક્રિસ વૉક્સ (૩૮) અને જૉશ ટન્ગ (૧૧)ની વિકેટ લીધી હતી. તેણે આ પાંચમાંથી ત્રણ બૅટ્સમેનને ક્લીન બોલ્ડ કર્યા હતા.

બુમરાહ સેના રાષ્ટ્રોમાં ૧૫૦મી વિકેટ લેનાર પહેલો બોલર તો બન્યો જ છે, તેણે અકરમને ઘણો પાછળ રાખ્યો છે. કારણ એ છે કે અકરમે સેના રાષ્ટ્રોમાં ૧૪૪ વિકેટ લીધી હતી, જ્યારે બુમરાહની ૧૫૦ વિકેટ થઈ ગઈ છે અને હજી તેની કરીઅર લગભગ અડધે પહોંચી છે.

### વિદેશમાં ભારતીયોમાં સૌથી વધુ પાંચ કે વધુ વિકેટ (એક દાવમાં)

| કેટલી વખત | બોલર | ટેસ્ટ |
|---|---|---|
| ૧૨ | બુમરાહ | ૩૪ |
| ૧૨ | કપિલ | ૬૬ |
| ૯ | ઇશાંત | ૬૩ |
| ૮ | ઝહીર | ૫૪ |
| ૭ | ઇરફાન | ૧૫ |



**બુમરાહની બોલબાલાઃ** બુમરાહે ભારે સંઘર્ષ વચ્ચે પાંચ વિકેટ લીધી. તેના એક નો બૉલમાં બ્રૂકને જીવતદાન મળ્યું અને તેની બોલિંગમાં ત્રણ કૅચ છૂટ્યા હતા છતાં બુમરાહે પાંચ વિકેટનો તરખાટ મચાવ્યો. (એપી/પીટીઆઇ)



### જૅમી સ્મિથનો કૅચ પકડવામાં જાડેજા અને સાઈ સુદર્શનનું કમાલનું ટીમ-વર્ક

ગઈ કાલે લીડ્સમાં જૅમી સ્મિથનાં શોટમાં રવીન્દ્ર જાડેજાએ ડીપ સ્ક્વેર લેગ પર બાઉન્ડરી લાઇનની નજીક બૉલ ઝીલ્યો હતો, પણ પોતે બાઉન્ડરી લાઇનની બહાર જઈ શકે એવું વિચારીને તેણે પળવારમાં બૉલ નજીકમાં ઊભેલા સાઇ સુદર્શનને સોંપ્યો હતો અને સુદર્શને કૅચ ઝીલી લીધો હતો. એ સાથે, જૅમી સ્મિથનો કૅચ ઝીલવામાં જાડેજા-સુદર્શનનું સુંદર ટીમ-વર્ક જોવા મળ્યું હતું.

# કૅનેડાને ભારત-પાકિસ્તાની મૂળના ખેલાડીઓએ ટી-૨૦ વર્લ્ડ કપમાં પહોંચાડ્યું

## શિવમ શર્મા, અંશ પટેલ, દિલપ્રીત બાજવા તેમ જ કલીમ સનાનો મૅચ-વિનિંગ પર્ફોર્મન્સ

ઑન્ટારિયો (કૅનેડા)ઃ ભારત હાલમાં મેન્સ ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન છે અને આવતા વર્ષે આ વિશ્વ કપ શ્રીલંકા સાથે સંયુક્ત રીતે ભારતમાં જ રમાવાનો છે અને એ ટૂર્નામેન્ટ માટે ક્વૉલિફાય થનાર કૅનેડા ૧૩મો દેશ બન્યો છે. ભારત અને પાકિસ્તાની મૂળના ખેલાડીઓએ શનિવારે અહીં બહામા સામે રમાયેલી મૅચમાં વિજય અપાવીને કૅનેડાને વર્લ્ડ કપ માટેનું ક્વૉલિફિકેશન અપાવ્યું હતું. કૅનેડાએ ૮૭ બૉલ બાકી રાખીને સાત વિકેટના માર્જિનથી બહામાને હરાવ્યું હતું. કૅનેડાની આ સતત પાંચમી જીત હતી.

બહામાની ટીમ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ફક્ત ૫૭ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય મૂળના ૨૭ વર્ષીય ઑફ-સ્પિનર શિવમ શર્માએ ફક્ત ૧૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. પાકિસ્તાની મૂળના (પંજાબ પ્રાન્તના રાવલપિંડીમાં જન્મેલા) ૩૧ વર્ષીય ફાસ્ટ બોલર કલીમ સના રહમાને માત્ર છ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી. બે વિકેટ વડોદરામાં જન્મેલા લેફ્ટ-આર્મ સ્પિનર અને ગુજરાતી પ્લેયર અંશ પટેલે અને એક વિકેટ પાકિસ્તાની મૂળના સ્પિનર સાદ બિન ઝફરે લીધી હતી. કૅનેડાએ માત્ર ૫.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૬૧ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. કૅનેડા વતી સૌથી વધુ અણનમ ૩૬ રન ભારતીય મૂળના ઓપનિંગ બૅટ્સમૅન દિલપ્રીત બાજવાએ કર્યા હતા. ટીમમાં સેકન્ડ-હાઇએસ્ટ ૧૪ રન ટીમના બીજા ગુજરાતી ખેલાડી હર્ષ ઠાકરે બનાવ્યા હતા.

આવતા વર્ષના વર્લ્ડ કપમાં પહોંચી ચૂકેલા દેશોમાં બે યજમાન દેશો ભારત તથા શ્રીલંકા તેમ જ ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, વેસ્ટ ઇન્ડિઝ, સાઉથ આફ્રિકા, ન્યૂ ઝીલૅન્ડ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, અમેરિકા, બાંગ્લાદેશ, આયર્લૅન્ડ તથા કૅનેડાનો સમાવેશ છે. હવે બીજી સાત દેશની ટીમ પણ ક્વૉલિફિકેશન મેળવશે. ■

# ગાંગુલીને રાજકારણમાં નથી પ્રવેશવું, ભારતીય ક્રિકેટરોને કોચિંગ આપવા તૈયાર છે

કોલકતાઃ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તે રાજકારણમાં ક્યારેય નહીં પ્રવેશે, પરંતુ ભારતીય ક્રિકેટ ટીમને કોચિંગ આપવાની તેની ખૂબ ઇચ્છા છે.

ગાંગુલી જુલાઈમાં ૫૩ વર્ષનો થશે. તે ૨૦૧૮થી ૨૦૨૪ દરમ્યાન બે મુદત માટે દિલ્હી કૅપિટલ્સનો ટીમ ડિરેક્ટર હતો.

પીટીઆઇ સાથેની પૉડકાસ્ટ માટેની મુલાકાતમાં ગાંગુલીને ભારતીય ટીમને કોચિંગ આપવાની ઇચ્છા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'અગાઉ મેં એ વિશે કંઈ જ વિચાર્યું નહોતું, કારણકે હું અલગ જ ભૂમિકામાં (ક્રિકેટ બોર્ડના પ્રમુખપદે) હતો. ૨૦૧૩માં મેં ખેલાડી તરીકેની કારકિર્દી પૂરી કરી અને ત્યાર પછી બીસીસીઆઇનો પ્રમુખ બન્યો હતો. એ ભૂમિકામાં મારું સૌથી મોટું યોગદાન મહિલા ક્રિકેટને પ્રમોટ કરવાનું હતું. ભારતીય ટીમને કોચિંગ આપવા વિશે કહું તો ભવિષ્યમાં કેવા વળાંકો આવે છે એના પરથી બધુ નક્કી થશે. હજી હું ૫૩ વર્ષનો છું એટલે જોઈએ હવે શું સ્થિતિ નિર્માણ થાય છે. મને તો એ રોલ સ્વીકારવો ગમશે.'

૨૦૨૬માં યોજાનારી પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી પહેલાં તમે રાજકારણમાં ઝંપલાવશો? એવું પૂછવામાં આવતાં ગાંગુલીએ હસતાં કહ્યું, ' મને કોઈ જ રસ નથી.'

તમને રાજ્યના મુખ્ય પ્રધાનનો હોદ્દો આપવાનું વચન મળે તો? એવું પુછાતાં ગાંગુલીએ ફરી કહ્યું, 'મને કોઈ જ રસ નથી.'

ગાંગુલીએ વર્તમાન હેડ-કોચ ગૌતમ ગંભીરની કાર્યપદ્ધતિની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ' ગૌતમ બહુ સારું કામ કરી રહ્યો છે. તેણે હેડ-કોચ તરીકે થોડી ધીમી શરૂઆત કરી હતી જેમાં ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા સામે ટીમ ઇન્ડિયાનો પરાજય થયો હતો, પણ ચૅમ્પિયન્સ ટ્રોફીના વિજય સાથે કોચ તરીકેની તેની સફળતામાં વેગ આવ્યો હતો. હવે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ પણ બહુ મોટી છે. મેં તેને આ રોલમાં નજીકથી તો નથી જોયો, પરંતુ હું જાણું છું કે તેનામાં બહુ સારું પૅશન છે. તેનો અભિગમ એકદમ સીધો અને સરળ હોય છે અને ટીમ વિશે તેમ જ ખેલાડીઓ તથા લોકો વિશે તેને જે ઠીક લાગે એ વ્યક્ત કરી દેતો હોય છે. તેનું વલણ ખૂબ પારદર્શક પણ હોય છે.'



શનિવારે કોલકાતામાં ગાંગુલી (પીટીઆઇ)

ગાંગુલીએ ગંભીર સાથે માણેલી કરીઅરની વાત કરતા કહ્યું, 'હું તેની સાથે રમ્યો છું. તે પ્લેયર તરીકે ગ્રેટ હોવા ઉપરાંત તેને મારા સહિત સિનિયર ખેલાડીઓ પ્રત્યે ખૂબ માન પણ હતું. તેને ટીમ ઇન્ડિયાના કોચિંગમાં હજી માંડ એક વર્ષ થયું છે. તેને તેના કામમાં પોતાને સાબિત કરવા માટે પૂરતો સમય આપવો જોઈએ. ઑસ્ટ્રેલિયામાં તેણે થોડો સંઘર્ષ કરવો પડ્યો હતો, પરંતુ બીજાની જેમ તે પણ નવું શીખશે અને તેનું કોચિંગ સમય જતાં વધુને વધુ સારું જોવા મળશે. ઑલ ધ બેસ્ટ ટૂ હિમ.' ■

# હૅરી બ્રૂક બે જીવતદાન બાદ ૯૯ રને આઉટ

લીડ્સઃ ભારતીય ઝડપી બોલર્સના પેસ તેમ જ સ્વિંગ અને સીમમાં સાતત્યતાનો અભાવ હોવાનો ઇંગ્લૅન્ડના મિડલ-ઑર્ડરના બૅટ્સમૅન હૅરી બ્રૂકે ગઈ કાલે પ્રથમ ટેસ્ટમાં ત્રીજા દિવસે લંચ પહેલાં લાભ લીધો હતો અને ઇંગ્લૅન્ડને ફૉલો-ઑનના ભયમાંથી મુક્ત કરાવ્યું હતું, પરંતુ ૯૯મા રને તેણે વિકેટ ગુમાવી દીધી હતી. પ્રસિદ્ધ ક્રિષ્નાએ તેને ડીપ બૅકવર્ડ સ્ક્વેર લેગ પર શાર્દુલ ઠાકુરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. આ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન નવમી સેન્ચુરી ફક્ત એક રન માટે ચૂકી ગયો હતો. તેની વિકેટ વખતે ઇંગ્લૅન્ડનો સ્કોર સાત વિકેટે ૩૯૮ રન હતો અને તેઓ ભારતથી માત્ર ૬૮ રન પાછળ હતા. છેવટે ઇંગ્લૅન્ડનો દાવ ૪૬૫ રને પૂરો થયો અને ભારતને છ રનની નજીવી સરસાઈ મળી હતી. હૅરી બ્રૂકને ૪૬ રનના પોતાના સ્કોર પર જીવતદાન મળ્યું હતું. રવીન્દ્ર જાડેજાના બૉલમાં વિકેટકીપર રિષભ પંતથી બ્રૂકનો કૅચ છૂટી ગયો હતો.





ત્યારે ઇંગ્લૅન્ડનો સ્કોર પાંચ વિકેટે ૩૦૦ રન હતો. જાડેજા પિચ પરના ખરાબ ભાગ પર બૉલની ટપ પાડીને ફાયદો લેવાના પ્રયાસમાં હતો, પરંતુ પંત કૅચ ઝીલવામાં નિષ્ફળ ગયો હતો. ત્યાર બાદ હૅરી બ્રૂકે ૧૨મી હાફ સેન્ચુરી પૂરી કરી હતી.

શનિવારે બીજા દિવસની રમતના અંતની થોડી ક્ષણો પહેલાં બુમરાહે હૅરી બ્રૂકને આઉટ કર્યો હતો, પણ તેનો એ નો-બૉલ હતો. બ્રૂકનું એ પ્રથમ જીવતદાન હતું.

ઇંગ્લૅન્ડનો સ્કોર પાંચ વિકેટે ૨૯૦ રન હતો ત્યારે વિકેટકીપર જૅમી સ્મિથ થર્ડ અમ્પાયરના નિર્ણય બદલ બચી ગયો હતો. શાર્દુલના સ્વિંગ થતા ફુલટૉસમાં સ્મિથ સામે અપીલ થઈ હતી, અમ્પાયરે તેને આઉટ આપ્યો હતો, પણ ડીઆરએસમાં થર્ડ અમ્પાયરે જોયું કે બૉલ લેગ સ્ટમ્પની બહાર જઈ રહ્યો હતો એટલે સ્મિથને નૉટઆઉટ જાહેર કર્યો હતો. ■

# ઇંગ્લૅન્ડમાં જન્મેલા પ્રથમ અશ્વેત બ્રિટિશ-ક્રિકેટર ડેવિડ લૉરેન્સનું નિધન

## ભારત અને ઇંગ્લૅન્ડના ખેલાડીઓએ મૌન પાળ્યું અને હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા

લંડનઃ ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેવિડ લૉરેન્સનું રવિવારે ૬૧ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેમને અંજલિ આપવા ભારત અને ઇંગ્લૅન્ડના ખેલાડીઓએ લીડ્સમાં પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસની રમત વખતે બે મિનિટ મૌન પાળ્યું હતું અને તેઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા.



ડેવિડ લૉરેન્સ 'સીડ' તરીકે જાણીતા હતા. ઇંગ્લૅન્ડમાં જન્મેલા પ્રથમ અશ્વેત બ્રિટિશ-ક્રિકેટર હતા. તેઓ ૧૯૮૮થી ૧૯૯૨ દરમ્યાન પાંચ ટેસ્ટ અને એક વન-ડે રમ્યા હતા. તેઓ ગયા વર્ષથી મૉટર ન્યૂરૉન ડિસીઝ (એમએનડી)થી પીડાતા હતા. મગજના જ્ઞાનતંતુઓને લગતી આ બીમારીમાં સ્નાયુઓ નબળા પડતા જાય છે. આ બીમારીનો કોઈ ઇલાજ ન હોવાનું જાણવા મળ્યું છે. તેઓ એક વર્ષથી આ બીમારીનો ભોગ બન્યા હતા. તેઓ ગ્લૉસ્ટરશર કાઉન્ટી ક્રિકેટ ક્લબના ભૂતપૂર્વ પ્રમુખ હતા. હજી ગયા અઠવાડિયે તેમની આત્મકથા ' સીડ્સ વૉઇસ' પ્રકાશિત થઈ હતી. લૉરેન્સે પાંચ ટેસ્ટમાં વેસ્ટ ઇન્ડિઝના ડેસ્મંડ હેઇન્સ, જેફ દુજોં, રિચી રિચર્ડસન, અરવિંદ ડિસિલ્વાની બે-બે વખત તેમ જ વિવ રિચર્ડ્સ તથા હસન તિલકરત્ને સહિતના બીજા જાણીતા બૅટ્સમેનોની એક-એક વખત વિકેટ લીધી હતી. પાંચ ટેસ્ટમાં ૧૮ વિકેટ અને એક વન-ડેમાં ચાર વિકેટ લેનાર લૉરેન્સે ફર્સ્ટ-ક્લાસ મૅચોમાં ૫૧૫ વિકેટ લીધી હતી.

લૉરેન્સ ફાસ્ટ બોલિંગ માટે જાણીતા હતા, પરંતુ ૧૯૯૨માં ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચ દરમ્યાન તેમને ઘૂંટણમાં ગંભીર ઈજા થયા પછી તેઓ ક્યારેય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ નહોતા રમી શક્યા. ■

## દેશ-વિદેશ

# આંધ્ર પ્રદેશમાં યોગ કાર્યક્રમમાં બન્યો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ, વડા પ્રધાને લોકોની કરી પ્રશંસા

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આંધ્ર પ્રદેશના લોકોની પ્રશંસા કરી હતી. આંધ્ર પ્રદેશના લોકોએ યોગને જીવનનો હિસ્સો બનાવવાના આંદોલનને મજબૂત કર્યું. વિશાખાપટ્ટનમમાં વિશ્વના સૌથી મોટા યોગ સત્રનું આયોજન કરીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો. વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં ૨૧ જૂને વિઝાગમાં આર કે બીચ પર આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં યુદ્ધ જહાજોમાં સવાર નૌકાદળના કર્મચારીઓ સહિત લાખો લોકોએ ભાગ લીધો હતો.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે જણાવ્યું હતું કે આ કાર્યક્રમે વૈશ્વિક પ્લેટફોર્મ પર સ્વાસ્થ્ય અને પરંપરાગત પ્રથાઓ પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

લોકોને અભિનંદન આપતા મોદીએ 'એક્સ' પર લખ્યું હતું કે, ''યોગ ફરી એકવાર લોકોને એકસાથે લાવ્યા છે! જે રીતે તેમણે યોગને પોતાના જીવનનો હિસ્સો બનાવવાના આંદોલનને મજબૂત કર્યું અને આ માટે આંધ્ર પ્રદેશના લોકોને અભિનંદન.''

તેમણે 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે યોગંધરા પહલ અને વિશાખાપટ્ટનમનો કાર્યક્રમ, જેમાં મેં પણ ભાગ લીધો હતો, તે હંમેશાં ઘણા લોકોને સારા સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ પ્રેરિત કરશે. અગાઉ રવિવારે આંધ્ર પ્રદેશના મુખ્યપ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં રાજ્યને સામેલ કર્યા બાદ રાજ્યના લોકોનો આભાર માન્યો હતો.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''આજે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં, ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા યોગ પાઠમાં અવિશ્વસનીય ૩,૦૦,૧૦૫ સહભાગીઓએ ભાગ લીધો. જેને આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે આયોજિત કરવામાં આવ્યો હતો.'' ■

# બૉમ્બની ધમકીને પગલે એર ઈન્ડિયાની દિલ્હી-બર્મિંગહામ ફ્લાઈટ રિયાધ વાળવામાં આવી

નવી દિલ્હી : એર ઈન્ડિયાની બર્મિંગહામથી દેશની રાજધાનીમાં આવતી ફ્લાઈટને બૉમ્બની ધમકી મળતા રિયાધ તરફ વાળવામાં આવી હતી અને વિમાને સાઉદી શહેરમાં સલામત રીતે ઉતરાણ કર્યું હતું. ટાટા ગ્રુપની માલિકીની એરલાઈને રવિવારે એક નિવેદનમાં કહ્યું હતું કે પેસેન્જરને રિયાધથી તેમના મુકામે મોકલવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. એરલાઈને ઓપરેશનમાં સ્થિરતા લાવવા સેવા ઘટાડી દીધી છે.

ટાટાએ નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે ૨૧ જૂનની ફ્લાઈટ એઆઈ૧૧૪ બર્મિંગહામથી દિલ્હી જઈ રહી હતી તેમાં બૉમ્બ મૂકવાની ધમકી મળી હતી. વિમાનને રિયાધ વાળવામાં આવ્યું હતું અને તેણે સફળતાપૂર્વક ઉતરાણ કર્યું હતું. વિમાનની તપાસ કરવામાં આવી હતી. બધા પેસેન્જરને વિમાનમાથી ઉતારવામાં આવ્યા હતા અને હોટેલમાં રાખવામાં આવ્યા હતા. ૧૨ જૂને એર ઈન્ડિયાનું વિમાન અમદાવાદમાં તૂટી પડ્યા બાદ એર ઈન્ડિયાએ સ્વૈચ્છિક રીતે વિમાનની સુરક્ષા ચકાસણી વધારી છે અને સેવામાં સ્થિરતા લાવવા સેવાનું કદ ઘટાડી દીધું છે.

એર ઈન્ડિયા કહે છે કે અમારા તમામ પ્રયાસો છતાં મિડલ ઈસ્ટમાં હવાઈસીમા બંધ, યુરોપ અને પૂર્વ એશિયામાં રાતના કર્ફ્યુ, એર ટ્રાફિકમાં અવરોધ, ઓપરેશનમાં અકલ્પનીય સમસ્યા જેવા બાહ્ય પરિબળોને લીધે ફ્લાઈટ મોડી થાય છે અથવા તો રદ કરવી પડે છે. (એજન્સી) ■

# છત્તીસગઢમાં નક્સલીઓએ બે ગ્રામજનોની હત્યા કરી

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં નક્સલવાદીઓએ બે ગ્રામજનોની હત્યા કરી હોવાની જાણકારી પોલીસે રવિવારે આપી હતી.

પોલીસના એક નિવેદનમાં જણાવ્યા અનુસાર તેમને માહિતી મળી છે કે પામેડ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સેન્દ્રાબોર અને અમપુર ગામમાં નક્સલીઓએ બે નિર્દોષ ગ્રામજનોની નિર્મમ હત્યા કરી છે. પોલીસ માહિતીની પુષ્ટિ કરી રહી છે. નિવેદનમાં હત્યાઓ પાછળનું કારણ કે અપરાધ ક્યારે કરવામાં આવ્યો હતો તે જણાવાયું નથી.

નોંધનીય છે કે આ ઘટના કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની છત્તીસગઢની મુલાકાત પહેલા બની છે. શાહ રવિવારે બપોરે રાજ્યની બે દિવસની મુલાકાતે રાયપુર પહોંચવાના હતા.

ઉલ્લેખનીય છે કે ૧૭ જૂનના રોજ બીજાપુર જિલ્લાના પેદ્દાકોર્મા બીજાપુર ગામમાં નક્સલીઓએ ૧૩ વર્ષના કિશોર સહિત ત્રણ ગ્રામજનોની દોરડાથી ગળું દબાવીને હત્યા કરી નાખી હતી.

એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું કે ત્રણ મૃતકોમાંથી બે વરિષ્ઠ માઓવાદી કેડર દિનેશ મોડિયામના સંબંધીઓ હતા. જેમણે આ વર્ષે માર્ચમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. ■

# અમિત શાહે નવા રાયપુરમાં એનએફએસયુ કેમ્પસ અને ફોરેન્સિક લેબનો કર્યો શિલાન્યાસ

રાયપુરઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે છત્તીસગઢના નવા રાયપુર અટલ નગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (એનએફએસયુ) કેમ્પસ અને સેન્ટ્રલ ફોરેન્સિક લેબોરેટરીનો શિલાન્યાસ કર્યો હતો. શિલાન્યાસ સમારોહમાં શાહ સાથે મુખ્યપ્રધાન વિષ્ણુ દેવ સાંઈ, વિધાનસભા અધ્યક્ષ રમણ સિંહ અને રાજ્યના મંત્રીઓ પણ હાજર હતા. અમિત શાહ રાજ્યની બે દિવસીય મુલાકાતે રાયપુર એરપોર્ટ પર પહોંચ્યા હતા.

રાજ્યના ગૃહ વિભાગ સંભાળતા નાયબ મુખ્યપ્રધાન વિજય શર્માએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે નવા રાયપુરમાં એનએફએસયુ માટે ૪૦ એકર જમીન ફાળવી છે અને તે કેન્દ્ર દ્વારા લગભગ ચારસો કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે એનએફએસયુ નજીક છ થી સાત એકર જમીન પર ફોરેન્સિક લેબોરેટરી સ્થાપિત કરવામાં આવશે.

શર્માએ કહ્યું કે મુલાકાત દરમિયાન શાહ નક્સલી વિસ્ફોટમાં માર્યા ગયેલા અધિક પોલીસ અધિક્ષક આકાશ રાવ ગિરપુંજેના પરિવારના સભ્યોને મળશે. ગિરપુંજે ૯ જૂનના રોજ સુકમા જિલ્લામાં નક્સલીઓ દ્વારા મૂકવામાં આવેલા બોમ્બમાં થયેલા વિસ્ફોટમાં શહીદ થયા હતા.

રાજ્યના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમના બે દિવસના પ્રવાસ દરમિયાન શાહ છત્તીસગઢના મુખ્યપ્રધાન વિષ્ણુદેવ સાંઈ અને રાજ્યના વરિષ્ઠ વહીવટી અને સુરક્ષા અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક કરશે. જેમાં રાજ્યની વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને નક્સલ નાબૂદી કામગીરીની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે શાહ ૨૩ જૂનના રોજ મુલાકાતના બીજા દિવસે નારાયણપુર જિલ્લાની મુલાકાત લેશે, જ્યાં તેઓ જવાનો સાથે વાતચીત કરશે અને નક્સલ પ્રભાવિત ગ્રામજનોને મળશે અને વિસ્તારમાં થઈ રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરશે. ■

# રિસ્ક-ઑફ મોડઃ અમેરિકન એટેક બજારની તેજીનો ભુક્કો બોલાવશે, જો ઈરાનનો પ્રત્યાઘાત હળવો રહેશે તો રિબાઉન્ડની સંભાવના પણ ખરી!

મુંબઈ: અમેરિકાએ ઇરાન પર કરેલા બોમ્બમારાથી ફરી એક વખત રિસ્કી એસેટ તરફથી સેફ હેવન એસેટ તરફની દોડ જોવા મળશે અને આ સંજોગોમાં આજે બજાર નીચા ગેપ સાથે ખૂલીને જોરદાર કડાકો બોલાવે એવી શક્યતા ચર્ચાઇ રહી છે. જોકે, સાથે એવો આશાવાદ પણ વ્યક્ત થઇ રહ્યો છે કે જો ઇરાનનો પ્રત્યાઘાત સાંકેતિક અથવા તો હળવો રહેશે, તો બજાર નીચા મથાળાથી રિબાઉન્ડ કરી શકે છે.

નોંધવું રહ્યું કે, શેરબજારે સતત ત્રણ દિવસની મંદીને બ્રેક મારીને પાછલા સપ્તાહના અંતિમ સત્રમાં, શુક્રવારે એક હજાર પોઇન્ટનો જોરદાર ઉછાળો નોંધાવ્યો હતો. સેન્સેક્સ સત્રને અંતે ૧,૦૪૬.૩૦ પોઈન્ટ અથવા ૧.૨૯ ટકાના ઉછાળા સાથે ૮૨,૪૦૮.૧૭ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૩૧૯.૧૫ પોઈન્ટ અથવા ૧.૨૯ ટકાના ઉછાળા સાથે ૨૫,૧૧૨.૪૦ના સ્તરે બંધ થયા હતો.

ઈરાન સાથે અમેરિકાની વાતચીત થવાની ધારણા હોવાથી તાત્કાલિક લશ્કરી કાર્યવાહીનું જોખમ ઘટતાં મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાથી ઇક્વિટી બેન્ચમાર્કમાં ઉછાળો આવ્યો હતો. હવે ચિત્ર એકદમ પલ્ટાઇ ગયું છે.

ઈરાની પરમાણુ સ્થળો પર અમેરિકાના હવાઈ હુમલાના અહેવાલ પછી મધ્યપૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવને કારણે ભારતીય શેરબજાર આજે નીચા સ્તરે ખુલવાની ધારણા છે. આ ઘટનાક્રમે વૈશ્વિક સ્તરે રિસ્ક-ઓફ મોડ પેદા કર્યો છે, રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે બજારો પર દબાણ વધી ગયું છે.

માર્કેટ એનાલિસ્ટ્સ નિફ્ટી અને સેન્સેક્સમાં ૦.૭ ટકાથી એક ટકાનો ઘટાડો થવાની ધારણા રાખે છે, જેમાં એરલાઇન્સ, પેઇન્ટ્સ અને ઓફએમસીજી જેવા ઓઇલ સેન્સિટિવ ક્ષેત્રોમાં નબળા પ્રદર્શનની અપેક્ષા રાખે છે.

ઈરાનનું આગામી પગલું સ્પષ્ટ ન થાય ત્યાં સુધી રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ ચાલુ રહેવાની શક્યતા છે. જ્યાં સુધી નિફ્ટી ૨૫,૨૪૩ પરના મુખ્ય પ્રતિકારથી ઉપર ન જાય ત્યાં સુધી તે ઘટાડાતર્ફી વલણ અપનાવી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા પુરવઠામાં વિક્ષેપ પડવાની આશંકા હોવાથી હવાઈ હુમલાઓથી ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાની પણ અપેક્ષા છે, જે વૈશ્વિક ક્રૂડ ફ્લોના ૨૦ ટકાનું સંચાલન કરે છે. ભારતની ઇંધણ આવશ્યકતાનો ૮૫ ટકાથી વધુ હિસ્સો આયાત પર નિર્ભર છે. આ ગંભીર મેક્રોઇકોનોમિક જોખમ સેન્ટિમેન્ટને નબળું બનાવે છે. ક્રૂડ ઓઇલમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો ભારતની ચાલુ ખાતાની ખાધ, જીડીપીના ૦.૩ ટકા જેટલી વધારી શકે છે અને ફુગાવાને વધુ ઊંચા સ્તરે પહોંચાડી શકે છે.

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

બજારો સ્પષ્ટપણે રિસ્ક ઓફ સ્થિતિમાં છે. આ બાબતે યુએસ અને એશિયન ફ્યુચર્સમાંથી વધુ સ્પષ્ટતા બહાર આવી શકે છે. એશિયન બજારોમાં ગેપ-ડાઉન ખુલવાની શક્યતા છે, જેમાં રોકાણ પ્રવાહ સુરક્ષિત-હેવન સંપત્તિ તરફ જઈ રહ્યો છે.

અમેરિકાએ ઇઝરાયલ-ઈરાન સંઘર્ષમાં સત્તાવાર રીતે પ્રવેશ કર્યો છે, ઈરાનની અંદર ત્રણ પરમાણુ સ્થળો પર હુમલા કર્યા છે. જો ઈરાન બદલો લેશે તો યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપી હતી અને તણાવ ઓછો કરવાની પણ વિનંતી કરી હતી.

બજારની દિશા ઈરાનના પ્રતિભાવ પર ખૂબ આધાર રાખશે. ઇરાન જો અમેરિકન એસેટ અથવા કર્મચારીઓને ભૌતિક નુકસાન પહોંચાશે, તો મજબૂત વળતો હુમલો બજારમાં તીવ્ર ઘટાડો લાવી શકે છે અને ક્રૂડ ઓઇલને પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર ધકેલી શકે છે. જોકે, પ્રતિકાત્મક પ્રતિભાવના પરિણામે બજારો પ્રારંભિક ઘટાડા પછી ફરી ઉભરી શકે છે.

તણાવપૂર્ણ પૃષ્ઠભૂમિ હોવા છતાં, કેટલાક વિશ્લેષકો માને છે કે જો ઈરાન નોંધપાત્ર બદલો લેવાનું ટાળે તો બજારો ઝડપી રિકવરી કરી શકે છે. જ્યાં સુધી ઈરાન આક્રમક રીતે પ્રતિક્રિયા ન આપે, ત્યાં સુધી ઇક્વિટી માર્કેટને બહુ આંચ નહીં આવે. બજારો ભૂ-રાજકીય તણાવની સમસ્યાને પાર કરી જશે. ઇક્વિટી સત્ર નીચા ગેપ સાથે શરૂ થઇ શકે છે, પરંતુ દિવસ દરમિયાન રિકવરીની અપેક્ષા રાખથી શકાય. બજાર સંભવતઃ ફ્લેટ અથવા હકારાત્મક ક્ષેત્રમાં પણ સમાપ્ત થઇ શકે છે.

બજારના પીઢ અનુભવી નિરીક્ષકોએ એવી ચેતવણી આપી આપી છે કે ટ્રમ્પ નીતિથી લઈને ક્રૂડ ઓઇલના ભાવ અને પુરવઠા સુધીના વૈશ્વિક પરિબળો પ્રવાહી સ્થિતીમાં છે. ક્રૂડ ઓઇલના વલણોને નજીકથી ટ્રેક કરવાની આવશ્યકતા છે. ઓઇલની ઉપલબ્ધતા તેમજ કિંમત પર નજર રાખવાની જરૂર છે.

ભારત પાસે ઓઇલના ઊંચા ભાવને બે આંકડામાં મેનેજ કરવા માટે પર્યાપ્ત ફોરેક્સ રિઝર્વ છે, પરંતુ ઓઇલના ભાવ ત્રણ આંકડાને પાર કરે અથવા પુરવઠો મર્યાદિત થઇ જાય તો બજાર પર પ્રતિકૂળ અસર થશે.

દરમિયાન, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા પ્રોજેક્ટ ફાઇનાન્સ પરની માર્ગદર્શિકાને અંતિમ સ્વરૂપ અપાયા બાદ ઇરડા, પીઈસી, આરઈસી, હુડકો અને આઈઆરએફસી જેવી જાહેર ક્ષેત્રની પ્રોજેક્ટ ફાઇનાન્સિંગ કંપનીઓના શેરમાં તેજી જોવા મળી હતી. ૧૯ જૂને જારી કરાયેલા અંતિમ ધોરણોમાં મે મહિનામાં જારી કરાયેલા ડ્રાફ્ટ પ્રસ્તાવની તુલનામાં બાંધકામ અને ઓપરેશનલ તબક્કા દરમિયાન ઓછી જોગવાઈની જરૂર છે, જે ધિરાણકર્તાઓની ચિંતાઓને હળવી કરે છે. આરબીઆઈ પ્રોજેક્ટ ફાઇનાન્સના નિયમોમાં નરમાઈથી ધિરાણકર્તાઓને રાહત મળશે.

# ઇક્વિટી ફંડોએ છ મહિનામાં પહેલી વાર રોકડ હોલ્ડિંગમાં ઘટાડો કર્યો

મુંબઇ : ભૂરાજકીય અને વેપાર સંઘર્ષ ઓછો થવાના સંકેતો પછી ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સે છ મહિનામાં પહેલી વાર મે મહિનામાં તેમની રોકડ હોલ્ડિંગ ઘટાડી હોવાના અહેવાલ સાંપડે છે. ૩૧ મે સુધીમાં અગ્રણી ૨૦ ફંડ હાઉસ પાસે તેમના પોર્ટફોલિયોનો ૬.૮ ટકા રોકડમાં હતો, જે એપ્રિલ ૨૦૨૫માં ૭.૨ ટકાના રેકોર્ડ ઉચ્ચતમ સ્તર કરતા ઓછો છે.

બજારમાં ઘટાડા અને વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ફંડ મેનેજરો ડિસેમ્બર ૨૦૨૪થી રોકડ સ્તરમાં વધારો કરી રહ્યા હતા. મે મહિનામાં ઘણા મોરચે રાહત મળી છે. યુદ્ધવિરામથી ભારત-પાકિસ્તાન યુદ્ધનો ભય ઓછો થયો જ્યારે ભારત-યુકે વેપાર સોદા પર પ્રગતિ અને યુએસ-ચીન તણાવ ઓછો થવાથી વ્યવસાયિક દૃષ્ટિકોણમાં સુધારો થયો છે.

ઉપરાંત, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો તરફથી સતત આવતા રોકાણપ્રવાહને કારણે સ્થાનિક બજારને વેગ મળ્યો છે. જોકે, સ્થાનિક રોકાણકારોની ભાગીદારી ધીમી રહી છે. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણપ્રવાહ સતત પાંચમા મહિને ઘટીને રૂ. ૧૯,૦૧૩ કરોડ થયો હતો, જે ૧૩ મહિનામાં સૌથી ઓછો છે.

આમ છતાં, ફંડ મેનેજરોએ મે મહિનામાં આક્રમક રીતે રોકડનો ઉપયોગ કર્યો અને રૂ. ૪૯,૦૦૦ કરોડના શેર ખરીદ્યા હતા, જે એપ્રિલ કરતા લગભગ ત્રણ ગણા વધારે છે.

મોટા ફંડ હાઉસોએ રોકડનું સ્તર ઘટાડ્યું છે. એસબીઆઈએ તેનું રોકડ હોલ્ડિંગ ૧૦ ટકાથી ઘટાડીને ૮.૬ ટકા કર્યું છે, જ્યારે આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલનું રોકડ હોલ્ડિંગ ૮.૨ ટકાથી ઘટીને ૬.૯ ટકા થયું છે. બોન્ડ યીલ્ડમાં તાજેતરના ઘટાડાએ બજારની તેજી પછી પણ ઇક્વિટી વેલ્યુએશનને ઐતિહાસિક સરેરાશની નજીક રાખ્યું છે.

# પ્રાઇમરી માર્કેટમાં છ દિવસમાં એક ડઝન ભરણાં, આઠ કંપનીના લિસ્ટિંગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ભારતના પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ જામી છે. આ સપ્તાહમાં છ દિવસમાં એક ડઝન જાહેર ભરણાં આવી રહ્યા છે અને આઠ કંપનીઓના શેર લિસ્ટિંગ મેળવશે. એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસ, સંભવ સ્ટીલ સહિતની કંપની મૂડીબજારમાંથી કુલ રૂ. ૧૫,૮૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, બજારનું સેન્ટિમેન્ટ વ્યાપકપણે રચનાત્મક રહે છે, જે મેક્રોઇકોનોમિક સૂચકાંકોમાં સુધારો, અનુકૂળ પ્રવાહિતાની સ્થિતિ અને સંસ્થાકીય અને છૂટક રોકાણકારો બંનેની ભાગીદારીમાં વધારા દ્વારા પ્રેરિત છે. જેમ જેમ ભંડોળ ઊભું કરવાની પાઇપલાઇન મજબૂત થાય છે, તેમ તેમ પ્રાથમિક બજાર નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં અપેક્ષાઓ કરતાં વધુ સારી રીતે આગળ વધી શકે છે.

લાંબા સમય પછી, પ્રાથમિક બજારમાં આ અઠવાડિયે ૨૩ જૂનથી ખૂબ જ વ્યસ્ત સમયપત્રક જોવા મળશે, કારણ કે ૧૨ કંપનીઓ રૂ. ૧૫,૮૦૦ કરોડના તેમના ઈંડ્ય (પ્રારંભિક જાહેર ઓફર) સાથે દલાલ સ્ટ્રીટ પર આવવાની તૈયારીમાં છે, જેમાં મેઈનબોર્ડ સેગમેન્ટમાંથી પાંચ કંપનીઓનો સમાવેશ થાય છે.

મધ્ય પૂર્વ અને ટેરિફ આધારિત અસ્થિરતાને કારણે નજીકના ગાળાની ચિંતાઓ છતાં, ઇક્વિટી બજારનું સકારાત્મક વ્યાપક ચિત્ર મજબૂત પ્રાથમિક બજાર કાર્યવાહીનું કારણ હોવાનું જણાય છે.

મેઇનબોર્ડ સાથે એસએમઇ સેગમેન્ટની પણ કેટલીક કંપની પ્રાઇમરી માર્કેટમાં પ્રવેશી રહી છે. મેઇનબોર્ડ સેગમેન્ટમાં ઇનિશિઅલ પબ્લિક ઓફરિંગ સાથે પ્રવેશી રહેલી કંપનીઓમાં રૂ. ૧૨,૫૦૦ કરોડનો સૌથી મોટો ઇશ્યુ એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસનો છે. આ ઇશ્યૂ નોન બેન્કિંગ ફાઇનાન્શિયલ કંપની (એનબીએફસી) સેક્ટરનો સૌથી મોટો ઇશ્યૂ છે અને પાછલા ત્રણ વર્ષનું બીજું સૌથી મોટું જાહેર ભરણું છે.

સંભવ સ્ટીલ ટ્યુબ્સનો રૂ. ૫૪૦ કરોડના બુકબિલ્ડિંગ ઇશ્યૂ સાથે ૨૫ જૂને સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ જૂને બંધ થશે. એ જ રીતે, એલેનબેરી ઇન્ડસ્ટ્રીયલ ગેસીસ ૨૪મીએ રૂ. ૮૫૨.૫૩ કરોડનો બુકબિલ્ડિંગ ઇશ્યૂ લાવી રહી છે.

મેઈનબોર્ડ સેગમેન્ટમાં ૨૪ જૂને એક જ દિવસમાં ત્રણ આઇપીઓ ખુલવાના છે. આ ત્રણમાંથી, મુંબઈ સ્થિત રિયલ એસ્ટેટ ડેવલપર કલ્પતરુ રૂ. ૧,૫૯૦ કરોડ એકત્ર કરશે, જ્યારે ઇન્ડસ્ટ્રીયલ ગેસ સપ્લાયર એલેનબેરી રૂ. ૮૫૨.૫૩ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ જાહેર ઓફર દ્વારા રૂ. ૧૧૯ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય રાખે છે.

એસએમઇ સેગમેન્ટમાં પણ આવી જ કાર્યવાહી જોવા મળી રહી છે, હકીકતમાં, આ વિભાગમાં પ્રવાહ સુસંગત રહ્યો છે. કુલ સાત આઇપીઓ લોન્ચ કરવામાં આવશે, જેમાં એજેસી જ્વેલ મેન્યુફેક્ચરર્સ, શ્રી હરે કૃષ્ણ સ્પોન્જ આયર્ન, આઇકોન ફેસિલિટેટર્સ અને અબ્રામ ફૂડ, સનટેક ઇન્ફ્રા સોલ્યુશન્સ, એસ આલ્ફા ટેકનો અને પ્રો એફએક્સ ટેકનો સમાવેશ છે. એસએમઇ સેગમેન્ટમાં નવા લોન્ચ ઉપરાંત, ત્રણ આઇપીઓ, સેફ એન્ટરપ્રાઇઝ રિટેલ ફિક્સર્સ, માયાશીલ વેન્ચર્સ અને આકાર મેડિકલ ટેક્નોલોજીનો સોમવારે અંતિમ દિવસ રહેશે.

આ સપ્તાહે આઇપીઓ પછી શેરબજારમાં પ્રવેશવા માટેની લાઇનઅપ પણ મોટી હશે, કારણ કે કુલ આઠ કંપનીઓ ટ્રેડિંગ માટે ઉપલબ્ધ બનશે, જેમાં મેઈનબોર્ડ સેગમેન્ટમાં એક, એરિસઇન્ફ્રા સોલ્યુશન્સ છે. એસએમઇની સાત કંપનીઆમાંથી સમય પ્રોજેક્ટ સર્વિસીસ અને પાટિલ ઓટોમેશન ૨૩ જૂને એનએસઇ ઇમર્જ પર ડેબ્યૂ કરશે, ત્યારબાદ ૨૪ જૂને એપ્પેલટોન એન્જિનિયર્સ અને ૨૫ જૂને ઇન્ફલક્સ હેલ્થટેક આવશે. માયાશીલ વેન્ચર્સ, સેફ એન્ટરપ્રાઇઝ રિટેલ ફિક્સ્ચર્સ અને આકાર મેડિકલ ટેક્નોલોજીસના શેરમાં ટ્રેડિંગ ૨૭ જૂને શરૂ થશે.

પ્રાઇમરી માર્કેટમાં હલચલ તો જામી છે પરંતુ, બજારના અભ્યાસુઓ જણાવે છે કે નવા શેર પ્રીમિયમ સાથે લિસ્ટીંગ મેળવશે કે પછી ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ સાથે રોકાણકારોને નિરાશ કરશે તેનો આધાર, જે તે કંપનીના લિસ્ટિંગ વખતના માહોલનો ઘણો આધાર રહેશે. દરમિયાન, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સ્વચ્છ ઉર્જા-ક્લિન એનર્જી માટે મૂડી ઊભી કરવા ધસારો જોવા મળે એવા સંકેત છે. ક્લિન અથવા ગ્રીન એનર્જી ક્ષેત્રે કંપનીઓ દ્વારા રૂ. ૨૫૦ અબજની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવવા તૈયારી થઈ રહી છે. આ આઈપીઓ માટેનો ધસારો રોકાણકારોની પર્યાવરણ પર ફોકસ્ડ બિઝનેસો પ્રત્યે વધતાં આકર્ષણને પ્રતિબિંબિત કરે છે, જે મજબૂત નીતિ સમર્થન, ગ્રીન પાવર માટેની વધતી જતી કોર્પોરેટ માગ અને ભારતના મહત્વાકાંક્ષી સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને અનુરૂપ સ્થાનિક ક્ષમતા નિર્માણની જરૂરીયાતને કારણે છે.

સ્વચ્છ ઉર્જા ક્ષેત્ર મોટા મૂડી બજારમાં જોશ મેળવવા માટે તૈયારી કરી રહ્યું છે. રિન્યુએબલ એનર્જી અને સૌર ઊર્જા ઉત્પાદનની વેલ્યુ ચેઈનની કંપનીઓ ચાલુ નાણાકીય વર્ષમાં આઈપીઓ દ્વારા રૂ. ૨૦૦ અબજથી રૂ. ૨૫૦ અબજ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે. આ વધારો મજબૂત નીતિ સમર્થન, ગ્રીન પાવર માટેની વધતી જતી કોર્પોરેટ માગ અને ભારતના મહત્વાકાંક્ષી સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને અનુરૂપ સ્થાનિક ઉત્પાદન ક્ષમતા બનાવવાની જરૂરીયાતને કારણે આબોહવા કેન્દ્રિત બિઝનેસો માટે રોકાણકારોની વધતી જતી ઈચ્છાને પ્રતિબિંબિત કરે છે.

# ઇઝરાયલના અર્થતંત્ર પર યુદ્ધને કારણે દરરોજ ₹ ૬,૦૦૦ કરોડનો આર્થિક બોજ

નવી દિલ્હીઃ ઈઝરાયલ હાલમાં ગાઝામાં હમાસ અને પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે લડાઈમાં વ્યસ્ત છે. આ બંને યુદ્ધોનો બોજ હવે દેશના અર્થતંત્ર પર સ્પષ્ટપણે દેખાય છે. ઈઝરાયલની ન્યૂઝ વેબસાઇટ કેલ્કાલિસ્ટ અનુસાર, ૨૦૨૪ના અંત સુધીમાં માત્ર ગાઝા યુદ્ધનો ખર્ચ ૨.૫ લાખ કરોડ શેકેલ એટલે કે લગભગ ૬૭ અબજ ડોલરને વટાવી ગયો હતો.

આ રકમમાં યુદ્ધનો સીધો ખર્ચ, નાગરિકોને આપવામાં આવતી સહાય અને સરકારના મહેસૂલ નુકસાનનો સમાવેશ થાય છે, પરંતુ તે હજુ પણ સંપૂર્ણ ચિત્ર બતાવતું નથી કારણ કે ઉત્પાદનમાં ઘટાડો અને સપ્લાય ચેઈન તૂટવા જેવા પરોક્ષ નુકસાન તેમાં ઉમેરવામાં આવ્યા નથી.

ઈઝરાયલની ઈરાન પર લશ્કરી કાર્યવાહીની શરૂઆત ખૂબ જ મોંઘી સાબિત થઈ છે. અહેવાલ મુજબ, ઇઝરાયલી સૈન્યના ભૂતપૂર્વ નાણાકીય સલાહકાર બ્રિગેડિયર જનરલ (નિવૃત્ત) રીમ અમીનાચે કહ્યું છે કે પહેલા ૪૮ કલાકમાં જ ૫.૫ અબજ શેકેલ અથવા લગભગ ૧.૪૫ અબજ ડોલર ખર્ચવામાં આવ્યા હતા. લગભગ બે અબજ શેકેલ ફક્ત હવાઈ હુમલા અને દારૂગોળો પાછળ ખર્ચવામાં આવ્યા હતા.

હવે, ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધમાં, ઇઝરાયલ દરરોજ લગભગ ૨.૭ અબજ શેકેલ અથવા લગભગ ૬,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી રહ્યું છે. દરરોજ ફક્ત ઇંધણ અને શસ્ત્રો પર ૨,૫૦૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

ગાઝા યુદ્ધ દરમિયાન, ઇઝરાયલે ત્રણ લાખથી વધુ રિઝર્વ સૈનિકોને બોલાવ્યા હતા. ઇઝરાયલના નાણા મંત્રાલય અનુસાર, જ્યારે એક લાખ સૈનિકો ફરજ પર હોય છે, ત્યારે તેમના પગાર અને જરૂરી વ્યવસ્થાઓ પર દરરોજ લગભગ ૧૦૦ કરોડ શેકેલ અથવા ૨૭૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે.

જાન્યુઆરી અને મે ૨૦૨૫ની વચ્ચે, ઇઝરાયલના કરવેરા સત્તાવાળાએ જણાવ્યું હતું કે તેમના વળતર ભંડોળમાંથી અઢી અબજ શેકેલ, એટલે કે લગભગ ૬૫૦૦ કરોડ રૂપિયા, નાગરિક સંપત્તિના નુકસાનની ભરપાઈ કરવા માટે આપવામાં આવ્યા હતા. કુલ ઉપાડ ત્રણ અબજ શેકેલ સુધી પહોંચ્યો છે.

આ ખર્ચ સરકારી ખાધમાં નોંધાયેલ નથી, પરંતુ તે ચોક્કસપણે દેશના દેવામાં વધારો કરી રહ્યો છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો યુદ્ધ ટૂંક સમયમાં બંધ ન થાય તો શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોને ભારે નુકસાન થઈ શકે છે.

# વૈશ્વિક ઇક્વિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમમાં ભારતનો હિસ્સો લગભગ ૬૦ ટકા

મુંબઇઃ વિદેશી બ્રોકરેજ કંપનીઓ ભારતમાં વિસ્તરણ કરવા તત્તપર જણાઇ રહી છે તો બીજી તરફ ભારતનો ડેરિવેટિવ્ઝ માર્કેટમાં હિસ્સો વધતો જાય છે. એક આંકડાકીય માહિતી અનુસાર એપ્રિલમાં ૭.૩ બિલિયન ડોલરના વૈશ્વિક ઇક્વિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમમાં ભારતનો હિસ્સો લગભગ ૬૦ ટકા રહ્યો હતો. આ તરફ લગભગ અડધો ડઝન વૈશ્વિક ટ્રેડિંગ કંપનીઓ ભારતના ઝડપથી વિકસતા ડેરિવેટિવ્ઝ બજારોમાં તેમની હાજરી વધારી રહી છે. આનાથી નવા રોજગારમાં તેજી આવી રહી છે અને એક્સચેન્જોને ટેકનોલોજી સુધારવા માટે પ્રોત્સાહન મળી રહ્યું છે. ભારતના નિયમનકારો કહે છે કે માર્ચ ૨૦૧૮થી કોન્ટ્રાક્ટનું ટર્નઓવર ૪૮ ગણું વધ્યું છે.

બ્રોકરેજ કંપનીઓએ જણાવ્યું હતું કે પશ્ચિમી કંપનીઓ માટે આ તકને અવગણવી ખૂબ મોટી છે, ખાસ કરીને ગયા વર્ષે યુએસ ટ્રેડિંગ ફર્મ જેન સ્ટ્રીટે તેની ભારત ટ્રેડિંગ વ્યૂહરચનામાંથી ૨.૩૪ બિલિયન ડોલર કમાયા પછી ટ્રેડિંગ મોરચે સ્પર્ધા વધી છે, જ્યાં સમાન તક માટે વધુ કંપનીઓ સ્પર્ધા કરી રહી છે.

# સેબી દ્વારા મ્યુચ્યુઅલ ફંડ નિયમનકારી માળખાની સમીક્ષાઃ ડ્રાફ્ટ નિયમ ટૂંક સમયમાં તૈયાર થશે

મુંબઇઃ કેપિટલ માર્કેટની નિયામક, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) મ્યુચ્યુઅલ ફંડ નિયમોને વધુ રોકાણકાર-કેન્દ્રિત અને ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ બનાવવા માટે તેમની વ્યાપક સમીક્ષા કરી રહ્યું છે. સેબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મનોજ કુમારે જણાવ્યું હતું કે, અમે મ્યુચ્યુઅલ ફંડ નિયમનકારી માળખાની સમીક્ષા કરી રહ્યા છીએ, જેથી નિયમનકાર સહિત તમામ હિસ્સેદારો માટે વ્યવસાય સરળ બને.હિસ્સેદારોએ જણાવ્યું હતું કે, આ ક્ષેત્રને નિયંત્રિત કરતા હાલના નિયમો સૌથી લાંબા છે અને રોકાણકારો અને ઉદ્યોગ નવીનતાઓની ઉભરતી જરૂરિયાતો સાથે તાલમેલ બનાવી રાખવા માટે સરળીકરણની જરૂર છે. નવા નિયમો લાગુ થવા માટે કોઈ સમયસીમા આપ્યા વિના પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં અમે પ્રતિક્રિયા અને પરામર્શ પ્રક્રિયા માટે ડ્રાફ્ટ નિયમ લઈને આવીશું. કુમારે ભારતના સિક્યોરિટીઝ બજારને મજબૂત બનાવવા માટે સેબીની વ્યૂહાત્મક બ્લુપ્રિન્ટની રૂપરેખા આપી, જેમાં મ્યુચ્યુઅલ ફંડ્સને સમાવિષ્ટ નાણાકીય વિકાસ અને રોકાણકારોના રક્ષણને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે.

મ્યુચ્યુઅલ ફંડ્સમાં સલાહકાર કાર્યોને નિયંત્રિત કરતા નિયમો પર એક પરામર્શ પત્ર પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. અધિકારીએ જણાવ્યું કે, સેબીના નેતૃત્વ હેઠળ ભારતમાં મોટા બજારમાં ફેરફારો જોવા મળ્યા છે.

# માર્કેટ રેગ્યુલેટરને મશીન લર્નિંગ્સ સામે વાંધો, લાવશે નવા નિયમનો

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના ઉપયોગ સંદર્ભે નવા નિયમનો તૈયાર કરી રહી છે. માર્કેટ પાર્ટિસિપન્ટ્સ દ્વારા ઉપયોગમાં લેવાતા એઆઈ, એમએલ ટુલ્સને નિયંત્રિત કરવા માર્ગદર્શિકા અને નિયમો આવી રહ્યા છે.

માર્કટ પાર્ટિસિપન્ટસ એટલે કે બજારના સહભાગીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને મશીન લર્નિંગ (એમએલ) એપ્લિકેશન્સ તેમ જ ટુલ્સ પર દેખરેખ કે સુપરવિઝન તેમ જ નિયમન માટે મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ માર્ગદર્શક નિયમો પ્રસ્તાવિત કર્યા છે.

આ સૂચિત માર્ગદર્શિકા જવાબદારીપૂર્વકના ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે પ્રક્રિયાઓ અને નિયંત્રણ પ્રણાલીઓને સ્પષ્ટ કરવાનો હેતુ ધરાવે છે. પ્રસ્તાવિત માર્ગદર્શિકામાં ઘણા માપદંડો જેમ કે ડિસિપ્લિન -ગવર્નન્સ, રોકાણકાર સુરક્ષા, ડિસ્કલોઝર, ટેસ્ટિંગ ફ્રેમવર્ક્સ, જસ્ટીફિકેશન તેમ જ ડેટા ગોપનીયતા અને સાયબર સુરક્ષા પગલાં સહિતને આવરી લેવાયા છે.

હાલમાં, સ્ટોક એક્સચેન્જ, બ્રોકર્સ અને મ્યુચ્યુઅલ ફંડો દ્વારા સર્વેલન્સ, સોશિયલ મીડિયા એનાલિટિક્સ, ઓર્ડર એક્ઝિક્યુશન, કેવાયસી પ્રોસેસિંગ અને ગ્રાહક સપોર્ટ જેવા વિવિધ હેતુઓ માટે એઆઈ અને એમએલનો વ્યાપકપણે ઉપયોગ થાય છે.

સેબીએ એ પ્રસ્તાવિત કર્યું છે કે, બજારના સહભાગીઓ અલ્ગોરિધમિક ટ્રેડિંગ, એસેટ મેનેજમેન્ટ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ અને સલાહકારી સેવાઓ જેવી કામગીરીમાં એઆઈ અને એમએલ ટુલ્સનો ઉપયોગ જાહેર કરે. ડિસ્કલોઝર્સમાં જોખમો, મર્યાદાઓ, ખરાઈ-ચોક્કસ પરિણામો, ફી અને ડેટા ગુણવત્તા અંગેની માહિતી પણ સામેલ હોવી જોઈએ.

એઆઈ અને એમએલનો ઉપયોગ કરતાં માર્કેટ પાર્ટિસિપન્ટસે આ સાધનોના પર્ફોમન્સ અને નિયંત્રણની દેખરેખ રાખવા માટે ટેકનિકલ કુશળતા ધરાવતા વરિષ્ઠ મેનેજમેન્ટને નિયુક્ત કરવાની જરૂર પડશે. તેમણે મોડેલ્સની માન્યતા, દસ્તાવેજીકરણ અને અર્થઘટનક્ષમતા પણ જાળવી રાખવી પડશે. વધુમાં, તેમણે સમયાંતરે ચોકસાઈના પરિણામો અને ઓડિટ તારણો સેબી સાથે શેર કરવાની જરૂર પડશે.

નિયામક તંત્રએ ડેટા માલિકી, એક્સેસ નિયંત્રણો અને એન્ક્રિપ્શન સહિત ડેટા ગવર્નન્સ ધોરણોને વ્યાખ્યાયિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો છે. સેબીએ એ પણ નોંધ્યું છે કે, એઆઈ અને એમએલ ટુલ્સે ગ્રાહકોના કોઈપણ ગ્રુપની તરફેણ અથવા ભેદભાવ ન કરવા જોઈએ.


PUBLIC NOTICE **પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**હિન્દુહૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૬૦.**

**નં. HO/HBTH/૨૨૬૫ તા. ૧૯.૦૬.૨૦૨૫**

**જાહેરાત**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના જાહેર આરોગ્ય વિભાગ હેઠળ HBT મેડિકલ કોલેજ અને ડૉ. R. N. કૂપર હોસ્પિટલ, જુહુ, વિલેપાર્લે (પ) સાથે સંબંધિત, હિન્દુહૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૬૦ની સ્થાપના પર કોન્ટ્રાક્ટ ધોરણે નવ મહિનાની મુદત માટે વિવિધ પોસ્ટ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. નવ (૦૯) મહિનાની મુદત માટે નીચેની કોન્ટ્રાક્ચ્યુઅલ પોસ્ટ માટે અરજીઓ મંગાવવામાં આવે છે, નિર્ધારિત લાયકાતો અને શરતો પૂર્ણ કરતા લાયક ઉમેદવારોને નીચેના પોસ્ટ માટે નિમણૂક કરવામાં આવશે.

| નં. | હોદ્દો | પોસ્ટની સંખ્યા | માસિક પગાર (રૂ.) |
|---|---|---|---|
| ૧ | એક્ઝિક્યૂટીવ આસિસ્ટન્ટ | ૦૨ | ૨૨૦૦૦ |
| ૨ | એક્સ-રે ટેકનિશિયન | ૦૧ | ૨૦૦૦૦ |
| ૩ | O.T. આસિસ્ટન્ટ | ૦૨ | ૧૨૦૦૦ |
| ૪ | ડાયાલિસિસ ટેકનિશિયન | ૦૨ | ૨૦૦૦૦ |
| | ભરવાની કુલ પોસ્ટની સંખ્યા | ૦૭ | - |

**સામાન્ય સૂચનાઓઃ-**

સદર જાહેરાત, શૈક્ષણિક લાયકાત, પસંદગીના માપદંડો, ઉંમર, શરતો વગેરે અંગેની વિગતવાર માહિતી મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટના વહીવટી કાર્યાલય (H.B.T. ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી-પૂર્વ), રૂમ નં.૨૦૩, અજગાંવકર પ્લોટ પાસે, જોગેશ્વરી-(પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૦ ખાતે ઉપલબ્ધ રહેશે. અરજીઓ સ્વીકારવાની તારીખઃ ૨૩.૦૬.૨૦૨૫થી ૩૦.૦૬.૨૦૨૫ (અઠવાડિયાની રજા અને જાહેર રજા સિવાય) સ. ૧૦.૦૦ ક.થી સાં. ૪:૩૦ ક. સુધી રહેશે અને લાયક ઉમેદવારોની યાદી અને ઈન્ટરવ્યૂની તારીખ અને સમય વહીવટી કાર્યાલયના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે.

સહી/-

મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ (i/c)

PRO/751/ADV./2025-26 (H.B.T. ટ્રોમા કેર મ્યુનિસિપલ હોસ્પિટલ, જોગેશ્વરી-પૂર્વ)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે.ચી.એ./૧૦૬૪/રોડ્સ/પ્લા. તારીખઃ ૧૯/૦૬/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૬૯૯૭૭ |
| સંસ્થાનું નામ | **બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન** |
| વિષય | પાંચ વર્ષની મુદત માટે મુંબઈમાં મ્યુનિસિપલ રોડ/ પેવમેન્ટ/ અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી ડકટસ અને ગુણવત્તા ખાતરી, વિવિધ રોડ/ ખાઈના કામોની ગુણવત્તા નિયંત્રણની ડિઝાઈન માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટસ (PMC)ના પેનલમેન્ટ માટે દરખાસ્ત માટે વિનંતી (RFP). |
| ટેન્ડર સ્ક્રુટીની ફી (રિફંડપાત્ર નથી) | રૂ. ૩૦,૨૫૦.૦૦ + GST લાગુ |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | લાગુ પડતું નથી |
| બીડ સુરક્ષા ડિપોઝિટ | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| મહાટેન્ડર પોર્ટલ | http://mahatenders.gov.in |
| ટેન્ડરની ઈશ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૨૪.૦૬.૨૦૨૫ના ૧૧.૦૦ કલાકે. |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૫.૦૭.૨૦૨૫ના ૧૨.૦૦ કલાક સુધી. |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડીની પ્રાપ્તિ | ૧૫.૦૭.૨૦૨૫ના ૧૬.૦૦ કલાક સુધી. |
| પેકેટ A, Bની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૫.૦૭.૨૦૨૫ના ૧૭.૦૦ કલાક સુધી. |
| પ્રી બીડ તારીખ & સમય | ૦૨.૦૭.૨૦૨૫ ૧૧.૩૦ ક. |
| પ્રી બીડ મિટીંગનું સ્થળ | ચી. એ. (રોડ્સ & Tr.), ગ્રાઉન્ડ ફ્લોર, વર્લી એન્જિનિયરિંગ હબ ઓફિસ, એની બેસન્ટ રોડ, વર્લી, મુંબઈ-૪૦૦૦૧૮ની ઓફિસ |
| પેકેટ A ખુલશે | ૧૬.૦૭.૨૦૨૫ના ૧૭.૦૦ કલાકે |
| પેકેટ B ખુલશે | ૧૬.૦૭.૨૦૨૫ના ૧૭.૧૦ કલાકે |
| સંચાર માટેનું સરનામું | ડે.ચી.એ. (રોડ્સ) પ્લા.ની ઓફિસ, ૫મો માળ, પંત નગર ગેરેજ બિલ્ડિંગ, ઘાટકોપર પૂર્વ, મુંબઈ (ઈમેલઃ dyche.rdplg@mcgm.gov.in) |
| બિડની ખોલવા માટેનું સ્થળ | ડે.ચી.એ. (રોડ્સ)ની પ્લાનિંગની ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-

ડે.ચી.એન્જિ. (રોડ્સ)પ્લા.

PRO/734/ADV./2025-26

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

ઝા. દશા. સ્થા. જૈન



જન્મ : ૨૩-૦૭-૧૯૪૯

સ્વર્ગવાસ : ૨૨-૦૬-૨૦૨૫

**કિરિટભાઈ ઈન્દુલાલ ખાટડિયા** (ઉં.વ. ૭૬)

અંજલિ આપતા હૈયુ તૂટે છે શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે પલ ભરમાં છેતરી ગયા પાપણના પલકારે મોણ પામી ગયા તમારી યાદમા પ્રત્યક્ષ દર્શન કરી માત્ર યાદગીરી ના પુષ્પો અને વહેતા આંસુનો અભિષેક અર્પણ કરીએ છીએ તમો આત્મા સ્વરૂપે જ્યાં હો ત્યાં પરમ શાંતિ એવમ શાશ્વત સુખ પામે આપના મહાન આત્માને સહુની વેદનાસભર શ્રદ્ધાંજલિ પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

રાણપુર નિવાસી હાલ વાશી સ્વ. મધુબેન ઈન્દુલાલ ખાટડિયા ના સુપુત્ર શ્રી કિરિટભાઈ ઈન્દુલાલ ખાટડિયા (ઉંમર-૭૬) તા. ૨૨-૦૬-૨૦૨૫ રવિવારના દિવસે અરિહંત શરણ પામેલછે. તેઓ શ્રીમતી જયશ્રીબેનના પતિ, તોરલબેન જિતેનભાઈ, ભારતીબેન જગદીશભાઈ, વર્ષાબેન, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. પલ્લવીબેન રાજેશભાઈ ના ભાઈ, ધરતી પથિકભાઈ, ફોરમ મેહુલભાઈ ટીવ્શા, ટ્વીંકલ, મૌલિક વેલેરીના પિતા. થાનગડ નિવાસી હસમુખભાઈ હરખચંદ દોઢિવાળાના જમાઈ, આયુષી, આર્યન, દિયા, કિયાન, કિયાના વિયાન વિરા ના દાદા-નાના.

Address : Kiritbhai Khatadia
D- 1001, Silicon Tower. Plot No, 46, Behind Samna Press, Vashi, Navi Mumbai. Mo No 9987014120. / 9892242400.

પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.


# કો-ઓપરેટિવ સોસાયટીઓ માટે નવા નિયમો બનાવાની તૈયારી

**▶ નવા ડ્રાફ્ટમાં સભ્યોના લેણાં પર ૨૧ ટકાને બદલે ૧૨ ટકા વ્યાજ લેવાની જોગવાઈ ▶ મૂળ સભ્યોના મૃત્યુ પછી કાનૂની વારસદારોને નોમિનેશન અને કામચલાઉ સભ્યપદ આપવાની પણ સત્તા**

મુંબઈ: કોઓપરેટીવ સોસાયટીના નિયમોને સરળ બનાવવા અને સરકારી હસ્તક્ષેપ ઘટાડવા રાજ્ય સરકાર નવા નિયમો લાવવાની તૈયારીમાં છે. નવા ડ્રાફ્ટ નિયમોમાં સભ્યોના લેણાં પરનો વ્યાજદર ૨૧ ટકા થી ઘટાડીને ૧૨ ટકા કરવાનો, સોસાયટીને પુનર્વિકાસ માટે જમીનની કિંમતના ૧૦ ગણા સુધી લોન એકત્ર કરવાની ક્ષમતા અને જાળવણી ચાર્જમાં સુધારણા કરવાનો પ્રસ્તાવ છે.

વાર્ષિક સામાન્ય સભાઓમાં વર્ચ્યુઅલ ભાગીદારી માટેની જોગવાઈ પણ છે. જોકે, બે તૃતીયાંશ અથવા ૨૦ સભ્યો, જે પણ ઓછું હોય, તેની હાજરી ફરજિયાત બનાવવામાં આવી છે. કોરમના અભાવે રદ બેઠક કોરમ વિના ૭ થી ૩૦ દિવસની વચ્ચે યોજાઈ શકે છે. વાર્ષિક સામાન્ય સભામાં નિર્ણયો કુલ સભ્યોના ૫૧ ટકા સભ્યો દ્વારા પસાર કરવાના રહેશે, જેમાં ઓનલાઈન હાજરી આપનારાઓનો પણ સમાવેશ થાય છે. પુનર્વિકાસ માટે બોલાવવામાં આવતી બેઠક માટે વિડિઓ રેકોર્ડિંગ ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

૧.૨૫ લાખ હાઉસિંગ સોસાયટીઓ છે જેમાં બે કરોડથી વધુ સભ્યો છે. આમાંથી લગભગ ૭૦ ટકા સોસાયટીઓ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં છે.

ડ્રાફ્ટ નિયમોમાં 'પ્રિમાઇસિસ સોસાયટીઓ' અથવા સોસાયટીઓમાં વ્યાપારી સંસ્થાઓ અને દુકાનોની જોગવાઈ ઉમેરવામાં આવી છે, જેથી તેઓ

(જુઓ પાનું ૪) ▶▶

# ભૂલેશ્વરથી આંગડિયા પેઢીના કર્મચારીનું કારમાં અપહરણ કરીને પચાસ લાખ રૂપિયા લૂંટી લીધા

**પુણે, સાતારા, થાણેથી પાંચ લૂંટારા પકડાયા: ૨૯ લાખ રૂપિયા જપ્ત**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાંથી આંગડિયા પેઢીના કર્મચારીનું કારમાં અપહરણ કરી પચાસ લાખ રૂપિયા લૂંટવાના કેસમાં એલ.ટી. માર્ગ પોલીસે પુણે, સાતારા અને થાણેથી પાંચ જણની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૨૯ લાખ રૂપિયા તથા પોલીસ વિભાગનું આઇડી કાર્ડ જપ્ત કરવામાં આવ્યું હતું.

એલ.ટી. માર્ગ પોલીસે આ કેસમાં ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અજય બાળકૃષ્ણ લોખંડે (૩૨), રેવનસિંહ રાજારામ જવળે (૨૭), સાગર દામોદર જાધવ (૨૯), દિલીપ કાશીનાથ ઢેકળે (૪૩) અને વિકાસ અંકુશ દબડે (૩૬) તરીકે થઇ હતી. આરોપી દિલીપ ઢેકળે થાણેનો, જ્યારે બાકીના આરોપી સાંગલીના રહેવાસી છે. પ્રાપ્ત માહિતી અનુસાર

(જુઓ પાનું ૪) ▶▶

હિન્દી ભાષાનો વિવાદ

# દેવેન્દ્ર ફડણવીસને કાનૂની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય બોર્ડની શાળાઓમાં ધોરણ પહેલાથી મરાઠી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પરોક્ષ રીતે હિન્દી ભાષા ફરજિયાત બનાવવા અંગે રાજ્યમાં વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે, મહારાષ્ટ્ર અને મરાઠી લોકોને છેતરવા, હિન્દીને ફરજિયાત બનાવવા અંગે સુપ્રીમ કોર્ટનો હવાલો આપીને ખોટું બોલવા બદલ અને રાજ્યપાલની સાક્ષીએ લેવામાં આવેલી બંધારણીય શપથનું ઉલ્લંઘન કરવા બદલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને કાનૂની નોટિસ જારી કરવામાં આવી છે.

એડવોકેટ અસીમ સરોદે, એડવોકેટ શ્રેયા આવલે, એડવોકેટ અરિહંત ધોત્રે અને એડવોકેટ રોહિત તિળેકરે ફડણવીસને નોટિસ જારી કરી છે. તમિલનાડુ સરકારે ત્રિભાષા નીતિનો વિરોધ કરતી અરજી દાખલ કરી હતી,

(જુઓ પાનું ૪) ▶▶

**સિંહસ્થ કુંભ મેળાની જોરદાર તૈયારી**

# નાશિકને જોડતા તમામ રસ્તાઓનો વિકાસ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય માર્ગ પરિવહન ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ નાશિકમાં આગામી કુંભ મેળા માટે ભક્તોની ભારે ભીડ અને ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને જરૂરી રસ્તાઓ અને માળખાકીય સુવિધાઓના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. નાસિક સિંહસ્થ કુંભ મેળાની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ટૂંક સમયમાં એક ડીપીઆર (ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ) તૈયાર કરવામાં આવશે અને તેને માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કુંભ મેળામાં શ્રદ્ધાળુઓની વધતી

(જુઓ પાનું ૪) ▶▶

**ક્યા રસ્તાનો થશે વિકાસ?**

૧) ઘોટી - પાહિને - ત્ર્યંબકેશ્વર - જવાહર ફાટા, ૨) દ્વારકા સર્કલ - સિન્નર આઈસી ૨૧ (સમૃદ્ધિ એક્સપ્રેસ-વે) નાંદુર શિંગોટે - કોલ્હાર, ૩) નાશિકથી કસારા, ૪) સાવલી વિહિર (આઈસી ૨૦ સમૃદ્ધિ એક્સપ્રેસ-વે) શિરડી - શનિ શીંગણાપુર ફાટા (રાહુરી ખુર્દ), ૫) નાશિકથી ધુળે, ૬) ત્ર્યંબકેશ્વર - જવાહર - મનોર, ૭) સાવલી વિહિર - મનમાડ - માલેગાંવ, ૮) ઘોટી - સિન્નર - વાવી - શિરડી, ૯) શનિ શીંગણાપુર ફાટા (રાહુરી ખુર્દ) - અહિલ્યાનગર (ખરવંડી ફાટા)

# કુર્લા-ભાંડુપવાસીઓને પાણી ઉકાળીને પીવાની અપીલ

મુંબઈ: કુર્લા અને ભાંડુપ વિસ્તારના નાગરિકોએ આગામી ચાર દિવસ સુધી પાણી ઉકાળીને પીવાની અપીલ કરવામાં આવી છે. આ વિસ્તારોના રહેવાસીઓને પવઈ લો લેવલ જળાશયમાંથી પાણી પૂરું પાડવામાં આવે છે. જળાશયનું માળખાકીય સમારકામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. સોમવાર, ૨૩ જૂનથી માળખાકીય રીતે સમારકામ કરાયેલ પવઈ લો લેવલ જળાશય, કપ્પા નંબર-૨માંથી પાણી પૂરું પાડવામાં આવશે. તેથી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને લોકોને આગામી ચાર દિવસ સુધી પાણી ઉકાળીને પીવાની અપીલ કરી છે.

પવઈ જળાશયના એક ભાગનું સમારકામ કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને સોમવારથી આ ભાગમાંથી પાણી પુરવઠો શરૂ થશે. તેથી, સાવચેતીના પગલા તરીકે, મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રે 'એલ' સેક્ટર, જેમાં કુર્લા વિસ્તારનો સમાવેશ થાય છે, અને 'એસ' સેક્ટર, જેમાં ભાંડુપ અને વિક્રોલીનો સમાવેશ થાય છે, ના નાગરિકોને ૨૩ જૂન, ૨૦૨૫, સોમવાર પછીના ૩ થી ૪ દિવસ સુધી પાણી

(જુઓ પાનું ૪) ▶▶

# ઘાટકોપરમાં ઈમારતના ચોથા માળે લાગી આગ: જાનહાનિ નહીં

મુંબઈ: ઘાટકોપર વિસ્તારમાં આવેલી બહુમાળી ઇમારતના ચોથા માળ પર ફ્લેટમાં રવિવારે બપોરના આગ લાગી હતી. અગ્નિશમન દળના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવી હતી. આગમાં કોઇ જાનહાનિ થઇ ન હોવાનું જાણવા મળ્યું હતું. ઘાટકોપર પશ્ચિમમાં એલ.બી.એસ. રોડ પર આર સિટી મૉલની પાછળ ઑર્કિડ રેસિડન્સીમાં ટાવર નંબર ૭ ખાતેના ચોથા માળે આવેલા ફ્લેટમાં રવિવારે બપોરે ૧૨.૪૦ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો તથા પોલીસ સ્ટાફ એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અગ્નિશમન દળના જવાનોએ પાણીનો મારો ચલાવીને બપોરે એક વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો હતો. ■

# મુંબઈ એરપોર્ટ પર ૨૩ કરોડનું ડ્રગ્સ, ૪.૨૪ કરોડનું સોનું પકડાયું

**સુરતનો રહેવાસી, નાઈજીરિયન સહિત પાંચની ધરપકડ**

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટ (એઆઇયુ) તેમ જડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે (ડીઆરઆઇ)ના અધિકારીઓએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ૨૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ અને ૨.૨૪ કરોડ રૂપિયાનું દાણચોરીનું સોનું પકડી પાડ્યું હતું. આ પ્રકરણે સુરતના રહેવાસી અને નાઇજીરિયન નાગરિક સહિત પાંચ જણની ધરપકડ કરાઇ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એઆઇયુના અધિકારીઓએ ધરપકડ કરેલા ચાર જણની ઓળખ દરભંગાના ખુશીલાલ યાદવ, સુરતના મોહંમદ આમીર ડોક્ટર, ધુળેના નબીલ અહમદ મોહંમદ અખ્તર અન્સારી અને ટ્રોમ્બેના ઇકરામ હમીદ અન્સારી તરીકે થઇ

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# મુંબઈ-પુણે એક્સપ્રેસવેના ઘાટ પર સ્પીડ વધારવાની વિચારણા

મુંબઈ: મુંબઈ-પુણે એક્સપ્રેસવેના ભોર ઘાટ વિભાગમાંથી ભારે વાહનો ટૂંક સમયમાં ઢાળ નીચે થોડી વધુ ઝડપથી નીચે ઉતરી શકે એવી શક્યતા છે. અધિકારીઓ અને ટ્રાન્સપોર્ટરોએ જણાવ્યું છે કે હાલની ગતિ મર્યાદામાં વધારો કરવાનું વિચારાધીન છે.

મુંબઈ-પુણે એક્પ્રેસવેમાં ખંડાલા ઘાટ તરીકે ઓળખાતા વિભાગમાં નીચે તરફ ટ્રક અને બસ જેવા ભારે વાહનો માટે ગતિ મર્યાદા હાલના ૪૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૪૫-૫૦ કિમી પ્રતિ કલાક કરવા માટે ચર્ચા ચાલી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. ૧૦ કિમીના ઘાટ વિભાગમાં કાર માટે ૬૦ કિમી પ્રતિ કલાકની હાલની ગતિ મર્યાદામાં ફેરફાર થવાની શક્યતા ઓછી છે. દેશના પ્રથમ એક્સેસ-કંટ્રોલ એક્સપ્રેસવેના અન્ય ભાગોમાં, નાના વાહનો માટે ૧૦૦ કિમી પ્રતિ કલાક અને ભારે વાહનો માટે ૮૦ કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા છે.

પુણે જિલ્લાના લોનાવાલા અને રાયગઢ જિલ્લાના ખાલાપુર વચ્ચે સ્થિત ઘાટ વિભાગ પર હાલની મર્યાદાને કારણે વારંવાર ઇ-

(જુઓ પાનું ૪) ▶▶



**કાયાપલટ:** હેરિટેજ બાણગંગા ખાતે નૂતનીકરણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં સમારકામ પૂર્ણ થવાની આશા છે. (અમય ખરાડે)

# બારામતીમાં પવાર પરિવારનો વધુ એક જંગ

મુંબઈ: મહારાષ્ટ્રમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં પવાર પરિવાર વચ્ચે બે મોટા ચૂંટણી યુદ્ધો જોવા મળ્યા અને ત્યારબાદ એનસીપી અને એનસીપી (એસપી)ના વિલીનીકરણ અથવા જોડાણની ચર્ચાઓ પણ સાંભળવા મળી હતી, હવે પુણે જિલ્લાના પરિવારના ગઢ બારામતીમાં વધુ એક રાજકીય જંગ શરૂ થયું છે.

માલેગાંવ સહકારી સાકર કારખાના લિમિટેડ નવું યુદ્ધક્ષેત્ર બન્યું છે. સહકારી ક્ષેત્રની ચૂંટણી માટે મતદાન રવિવારે યોજાયું હતું, પરંતુ મતગણતરી મંગળવારે થશે.

કોંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડી ગઠબંધનના મુખ્ય નેતા એનસીપી (એસપી)ના સુપ્રીમો શરદ પવાર અને તેમના ભત્રીજા અને એનસીપી પ્રમુખ અજિત પવાર જે મહાયુતિ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન છે, તે બંને માટે આ ચૂંટણીઓ મહત્વપૂર્ણ છે. બારામતીમાં લોકસભાની ચૂંટણીમાં શરદ પવારની પુત્રી સુપ્રિયા સુળે ચોથી વખત ચૂંટણી જીતી હતી અને અજિત પવારની પત્ની સુનેત્રા પવારને હરાવી હતી. જોકે, સુનેત્રા પવારને ભાજપના સમર્થનથી રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા. બારામતીથી મહારાષ્ટ્ર વિધાનસભાની

(જુઓ પાનું ૪) ▶▶

# ગઠબંધનનો નિર્ણય લેશે ફક્ત ઉદ્ધવ અને રાજ: સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી) અને મનસે વચ્ચેના સંભવિત જોડાણ અંગેનો નિર્ણય ફક્ત ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે જ લેશે અને અન્ય કોઈ દ્વારા આ મુદ્દે ટિપ્પણીઓ ગેરવાજબી છે, એમ શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે રવિવારે જણાવ્યું હતું.

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની પાર્ટીના નેતાઓ રાજ ઠાકરેને સંદેશ મોકલી રહ્યા હોવા છતાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ તાજેતરમાં મુંબઈની એક હોટલમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા, જેનાથી તેમના આગામી રાજકીય પગલા અંગે અન્ય અટકળો શરૂ થઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકમાંથી ટીકાકાર બનેલા મનસેના વડા રાજ ઠાકરેએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને ટેકો આપ્યો હતો.

અહીં પત્રકારો સાથે વાત કરતા સંજય રાઉતે આ મુદ્દે કહ્યું હતું કે બંને ઠાકરે વચ્ચે ગઠબંધન અંગે નિર્ણય લેવા માટે ઉદ્ધવ અને રાજ જ અધિકૃત વ્યક્તિઓ છે.

'મનસેના જે લોકો ગઠબંધન વિરુદ્ધ નિવેદનો આપી રહ્યા છે તેઓ રાજકારણમાં મોડેથી આવ્યા છે. બીજા શું કહે છે તેનું કોઈ મૂલ્ય નથી. મેં ઘણા વર્ષોથી ઠાકરે ભાઈઓને નજીકથી જોયા છે. હું જાણું છું કે શું થવાનું છે અને શું નહીં. મારાથી વધુ સારી રીતે આ બધું કોઈ જાણતું નથી,' એવો દાવો રાઉતે કર્યો હતો.

તેઓ શિવસેના (યુબીટી) પર મનસેના નેતા સંદીપ દેશપાંડેની ટીકા અંગેના સવાલનો જવાબ આપી રહ્યા હતા.

'ગઠબંધન અંગેનો નિર્ણય રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે પક્ષના નેતા અને ભાઈઓ તરીકેની બાબતોને ધ્યાનમાં લઈને લેશે,' એમ રાઉતે ભારપૂર્વક જણાવ્યું હતું. આ વર્ષના અંતે યોજાનારી પાલિકાની ચૂંટણીઓ પહેલાં ઠાકરે ભાઈઓ વચ્ચે સંભવિત સમાધાન અંગે અટકળો ચાલી રહી છે. ■






"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**